Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as separate compilation

## PART-I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયેનું.

નંબર પી.ઓ. એલ. જાહેરનામું ૩૭ (૧) ૯૫.—જિલ્લામાં આગામી તારીખ ૨૫મી સપ્ટેમ્બર ૧૯૯૫, તારીખ ૨જી ઓકટોબર ૧૯૯૫ સુધી નવરાત્રી તથા તારીખ ૩જી ઓકટોબર ૧૯૯૫ના રોજ દશેરાના શોભાયાત્રા, રાવણદહન વિગેરે પ્રસંગો આવનાર છે. તેથી સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તકેદારીના પગલાં રૂપે નીચે મુજબનો હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે, હું, પી. કે. શાહ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂએ તારીખ ૨૧મી સપ્ટેમ્બર ૧૯૯૫ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૫મી ઓકટોબર ૧૯૯૫ ના કલાક ૨૪-૦૦ સુધી સમગ્ર જિલ્લામાં નીચેના કૃત્યોની મનાઇ ફરમાવું છું.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, ટોટા, બંદુક, ચપ્પુ, લાઠી કે લાકડી કે જેનાથી શારીરિક ઇજા કરી શકાય તે સાથે ફરવાનું;

(૨) પથ્થરો અથવા સ્ફોટક પદાર્થો સાથે ફરવાનું;

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે ફેંકવાના કે નાખવાના કે ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઇ જવાનું, ફરવાનું કે એકઠા કરવાનું તથા તેમ કરવાનું;

(૪) કોઇ સરઘસમાં જલતી કે પેટાવેલી મશાલ લઇ જવાનું;

(૫) વ્યકિતઓ અથવા તેનું શબ, આકાર અથવા પુતળા દેખાડવાનું, સુત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગીતો ગાવાનું;

(૬) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઇરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું, જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનો તથા હાવભાવ તથા ચેષ્ટા કરવાનું તથા પત્રો, પત્રિકાઓ, પ્લેકાર્ડો અથવા તેનો ફેલાવો કરવાનું.

અપવાદ :—

આ હુકમનો ખંડ(૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિતઓ કે જેના ઉપરી અધિકારીએ આવું કોઇ હથિયાર લઇ જવાનું ફરમાવ્યું હોય



INDEX

અથવા આવું કોઈ હથિયાર સરકારી ફરજ બજાવવા સાથે રાખવાનું આવશ્યક હોય;

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, અથવા તેઓએ અધિકૃત કરેલા કોઈપણ અધિકારીશ્રીએ જે શારીરિક અશકિતના કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ;

(૩) કોઈ ધાર્મિક તહેવારની ઉજવણી માટે આ જાહેરનામામાં ઉલ્લેખ કરેલ હોય તે પૈકીના હથિયારો ધાર્મિક રીવાજોને અનુરૂપ ઉપયોગ કરવા માટે જિલ્લા પોલીસ અધિકારીશ્રી, અથવા તે વિસ્તારના સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીએ અગાઉથી લેખિત મંજૂરી આપી હોય તેવી સંસ્થા કે વ્યકિતઓ;

(૪) ખેતીના કામે ઓજારો વિગેરે લઈ જતા ખેડૂતોને;

(૫) આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સો ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ (૧) હેઠળ ઓછામાં ઓછી ચાર માસ કે વધુમાં વધુ એક વર્ષની કેદની સજા થઈ દંડને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૯મી સપ્ટેમ્બર ૧૯૯૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરીને આપ્યો.

પી. કે. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિંમતનગર.

## જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયેનું.

નંબર પીઓએલ./જાહેરનામું/૩૭(૩)/૯૫.—જિલ્લામાં આગામી તારીખ ૨૫મી સપ્ટેમ્બર ૧૯૯૫થી ૨જી ઓકટોબર ૧૯૯૫ સુધી નવરાત્રી તથા ૩જી ઓકટોબર ૧૯૯૫ થી દશેરા શોભાયાત્રા રાવણદહન વિગેરે પ્રસંગો આવનાર છે. જેથી સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તકેદારીના પગલાં રૂપે નીચે મુજબનો હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે, હું, પી. કે. શાહ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂએ, આથી, સાબરકાંઠા જિલ્લામાં સમગ્ર વિસ્તારોમાં તારીખ ૨૧મી સપ્ટેમ્બર ૧૯૯૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૫મી ઓકટોબર ૧૯૯૫ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં. અથવા કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં. તેમજ સરઘસ કાઢવું નહીં.

**ખુલાસો :**

આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે જેઓ સરકારી ફરજ ઉપર હોય તેઓને તથા ખેતીના ઓજારો વિગેરે લઈ જતા ખેડુતોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અથવા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ના ૪૫માં અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૯મી સપ્ટેમ્બર ૧૯૯૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરીને આપ્યો.

પી. કે. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિંમતનગર.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 152

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

[ PUBLISHED BY AUTHORITY ]

Vol. XXXVI ] MONDAY, SEPTEMBER 25, 1995 / ASVINA 3, 1917

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filled as a separate compilation.

# PART I

# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

### જાહેરનામું

નંબર પોલ/પાસા/ડી-૨/૯૫/વશી/૨૬૬૪/૯૫.— આ કચેરીના નં. પોલ/પાસા/ડી/૨/૯૫ તારીખ ૪થી સપ્ટેમ્બર, ૧૯૯૫ થી ધી ગુજરાત પ્રિવેન્શન ઓફ એન્ટી સોશ્યલ એકટીવીટીઝ એકટ, ૧૯૮૫ની કલમ-૩(૨) હેઠળ શ્રી કાંતિલાલ અંબાલાલ પટેલ રે. ૬૦ વિમલ સોસાયટી, લાલબાગ, વડોદરાને અટકાયતમાં લેવા હુકમ કરવામાં આવેલ છે.

પોલીસ કમિશનરશ્રી, વડોદરા (શહેર)નાએ તેમના તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૧૯૯૫ના પત્રાંક પીસીબી/પાસા/૧૩૩૩/૯૫ થી જણાવેલ છે કે સદરહુ વ્યકિત જેના સંબંધમાં અટકાયત હુકમ કરવામાં આવ્યો છે તે ફરાર થઈ ગઈ છે. અથવા પોતે એવી રીતે છુપાતી ફરે છે, જેથી હુકમની બજવણી થઈ શકે તેમ નથી.

આથી મને એમ માનવાને કારણ છે કે, આ વ્યક્તિ એટલે કે જેના સંબંધમાં અટકાયત હુકમ કરવામાં આવ્યો છે તે વ્યક્તિ ફરાર થઈ ગઈ છે. અથવા પોતે એવી રીતે છુપાતી ફરે છે, જેથી હુકમની અમલ બજવણી કરી શકાય તેમ નથી.

આથી "પાસા " એકટ, ૧૯૮૫ની કલમ-૮(૨)(ક)નીચે મને મળેલ સત્તાની રૂએ શ્રી કાંતિલાલ અંબાલાલ પટેલ રે. ૬૦-વિમલ સોસાયટી, લાલબાગ વડોદરાનાને આ જાહેરનામુ પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ (ત્રીસ)દિવસની મુદતની અંદર પોલીસ કમિશનરશ્રી, વડોદરા (શહેર) સમક્ષ હાજર થવા ફરમાવવામાં આવે છે.

વડોદરા, તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૧૯૯૫.

આઈ. પી. ગૌતમ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

---



PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 153

REGISTERED No. G-BA-14-E

(C)

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

Vol. XXXVI] TUESDAY, SEPTEMBER 26, 1995 / ASVINA 4, 1917

**Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation**

## PART I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૧) અન્વયેના.

નંબર પી.ઓ.એલ./વશી/૧૬૫૮.— આગામી તારીખ ૨૫મી સપ્ટેમ્બર ૧૯૯૫થી ૨જી ઓકટોબર ૧૯૯૫ દરમ્યાન નવરાત્રી તથા તારીખ ૩જી ઓકટોબર ૧૯૯૫ના રોજ દશેરાના તહેવારોની ઉજવણી થનાર હોઈ આ તહેવારો દરમ્યાન જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યથાવત જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ઉકત કાયદાની કલમ-૩૭ (૧) અન્વયે જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે. જેથી સમગ્ર ખેડા જિલ્લામાં જાહેર શાંતિ અને સલામતી જળવાઈ રહે તે માટે સાવચેતીના પગલાં રૂપે નીચેનો હુકમ કરવો જરૂરી છે:—

વાસ્તે, હું, એ. એમ. ચૌહાણ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૭(૧) થી મને મળેલ અધિકારની રૂઈએ સમગ્ર ખેડા જિલ્લામાં તારીખ ૨૫મી સપ્ટેમ્બર ૧૯૯૫ થી તારીખ ૮મી ઓકટોબર ૧૯૯૫ સુધી (બંને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું:—

(૧) હથિયાર, તલવાર, ભાલા, ધોકા, બંદુક, છરા, લાકડી કે લાઠી, સળગતી મશાલ, અથવા બીજા હથિયારો કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું;

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું;

(૩) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના, કે ધકેલવાના યંત્રો, અથવા સાધનો સાથે લઈ એકઠા અથવા તૈયાર કરવાનું;

(૪) મનુષ્યો અથવા શબ અથવા પૂતળાં દેખાડવાનું;

(૫) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સૂત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગીતો ગાવાનું;

(૬) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા તેવા ચિત્રો, પ્રતિકો કે પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું, બતાવવાનું અથવા ફેલાવો કરવાનું;

વિસ્તાર :—સમગ્ર ખેડા જિલ્લો.

અપવાદ.—આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં :—

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈપણ વ્યકિત કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસવડાશ્રી કે તેમણે અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારી જેને શારીરિક અશકિતને કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

મેં આજ તારીખ ૨૧મી સપ્ટેમ્બર ૧૯૯૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

એમ. એ. ચૌહાણ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા.



PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 154

REGISTERED No. G-BA-14-E

(C)

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol XXXVI ] THURSDAY, SEPTEMBER 28, 1995 / ASVINA 6, 1917

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as separate compilation

## PART-I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) મુજબ.

નંબર એમએજી/૨શી/૪૦૬૦/૯૫.—ભારતીય કિસાન સંઘ દ્વારા ખેરાલુ તાલુકામાં આવેલ ધરોઇબંધ તથા તેની કેનાલોના દરવાજા બંધ કરવા સંબંધી અપાયેલ એલાન સંદર્ભમાં હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ધ્યાને લેતાં આ જિલ્લાના ખેરાલુ તાલુકાના ધરોઇ ગામે આવેલ ધરોઇ બંધના આજુબાજુના દસ કીલોમીટરના (મહેસાણા જિલ્લાના હદના) વિસ્તારમાં કોઇપણ મંડળીની કે સરઘસની મનાઇ કરવાનું યોગ્ય જણાય છે.

વાસ્તે, હું, જે. ડી. દેસાઇ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં) ની કલમ ૩૭ (૩) મુજબ મને મળેલ સત્તાની રૂએ તારીખ ૨૫મી સપ્ટેમ્બર ૧૯૯૫ના શુન્ય કલાકથી તારીખ ૯મી ઓકટોબર ૧૯૯૫ના ૨૪-૦૦ કલાક (બન્ને દિવસો સુધ્ધાંત) ની મુદત માટે કોઇપણ સરઘસ કે ચાર કરતાં વધુ વ્યકિતઓની મંડળી માટે મનાઇ ફરમાવું છું. વધુમાં હું આદેશ કરૂં છું કે આ હુકમો નીચેનાને લાગુ પડશે નહીં:—

(૧) સરકારી નોકરીમાં હોય તેવી વ્યકિતઓને ;
(૨) ફરજ ઉપર હોય તેવી વ્યકિતઓને ;
(૩) કોઇ લગ્નના વરઘોડાને ;
(૪) કોઇ સ્મશાન યાત્રાને ;
(૫) સક્ષમ અધિકારીશ્રીની મંજુરી મેળવેલ સમારંભ કે સરઘસને.

આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનારને મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૩૫ (૩) મુજબ તથા ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૭મી સપ્ટેમ્બર ૧૯૯૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

જે. ડી. દેસાઇ
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ના ૨૨મા ની કલમ-૩૭ (૩) મુજબ.

નંબર એમએજી/વશી/૪૦૬૧/૯૫.—આગામી નવરાત્રી, દશેરા તથા દિવાળીના તહેવારો તેમજ હાલમાં ભારતીય કિસાનસંઘ દ્વારા અપાયેલ કાર્યક્રમો તથા જિલ્લાની હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ધ્યાને લેતાં મહેસાણા જિલ્લાના તમામ શહેરી તથા ગ્રામ્ય વિસ્તારોમાં જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે સારૂ સાવચેતીના પગલાંની આવશ્યકતા રહે છે.

વાસ્તે હું, જે. ડી. દેસાઈ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂએ મહેસાણા જિલ્લાના તમામ શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાં તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૧૯૯૫ના શૂન્ય કલાકથી તારીખ ૨૪મી ઓકટોબર, ૧૯૯૫ના ૨૪-૦૦ કલાક (બંને દિવસો સુધ્ધાંત) નીચે મુજબના કૃત્યો કોઈપણ ઈસમને નહીં કરવાનું ફરમાવું છું.:—

(૧) શસ્ત્રો, તલવાર, ભાલા, સોટા, ચપ્પુ, લાકડી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવા સાધનો કે હથિયારો સાથે રાખી ફરવાનું કે એકઠા કરવાનું;

(૨) જલદી સળગી ઉઠે તેમજ વિસ્ફોટક પદાર્થો બનાવવાનું કે એકઠા કરવા તેમજ સાથે રાખી ફરવાનું કે કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલો સાથે લઈ જવાનું;

(૩) પથ્થર અથવા પથ્થર જેવા પદાર્થો અથવા હથિયાર અગર ફેંકી શકાય તેવા સાધનો સાથે રાખી ફરવાનું કે એકઠા કરવાનું;

(૪) જુસ્સાદાર ભાષણ કરવાનું કે નનામીઓ કે પૂતળાં કાઢવાનું કે ચાળા પાડવાનું કે અસભ્યતા અગર નીતિનો ભંગ કરે તેવા ચિત્રો તૈયાર કરવાનું કે પ્રદર્શીત કરવાનું;

(૫) ધાર્મિક કે સામાજીક લાગણી દુભાય તેવા સૂત્રો પોકારવાનું;

(૬) અપમાન કરવાના કે જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બીભત્સ સૂત્રો પોકારવાનું, અસ્લીલ ગીતો ગાવાનું કે ટોળામાં ફરવાનું;

(૭) માણસનું મડદુ, આકૃતિ અગર પ્રતિમા પ્રદર્શિત કરવાનું;

(૮) નીતિનો ભંગ કરે તેવું ભાષણ કરવાનું, વાણી ઉચ્ચારવાનું નીતિનો ભંગ થાય તેવા હાવભાવ કરવા, તેવી ચેષ્ટાઓ કરવાની તથા ચિત્રો, પત્રિકાઓ અથવા પ્લેકાર્ડો તૈયાર કરવાનું કે ઉપયોગ કરવાનું ;

અપવાદ :

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં :—

(૧) પોતાની ફરજ અંગે ઉપરી અધિકારીના હુકમ પ્રમાણે હથિયાર રાખવા પડતા હોય તેવા સરકારી કર્મચારીઓને.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા. સબ.-ડીવી. મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણા,/પાટણ, જિલ્લા પોલીસ અધિકારીશ્રી, મહેસાણા, / પાટણ વિભાગીય પોલીસ અધિકારીશ્રી, મહેસાણા, કલોલ, પાટણ, સિદ્ધપુર, તમામ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી તેમજ તમામ પોલીસ સબ-ઈન્સ્પેકટરશ્રીએ શારીરિક અશકિતના કારણે લાકડી અગર સોટી રાખવાની પરવાનગી આપી હોય તેવા ઈસમોને.

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૫ (૧) મુજબ તથા આઈ. પી.સી. ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૫મી સપ્ટેમ્બર ૧૯૯૫ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કો કરી આપ્યો.

જે. ડી. દેસાઈ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

(C)

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

Vol. XXXVI ] THURSDAY, SEPTEMBER 28, 1995 / ASVINA 6, 1917

**Separate paging is given to each part of the Supplement to the Central and Central Section in order that it may be filed as a separate compilation**

## PART I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૧) અન્વયે બહાર પાડેલ.

નંબર પોલ / જાહેરનામું / ૩૪૦૬ થી ૩૪૪૧/૯૫.—મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (મુંબઇ ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ (૧) (ક) અન્વયે મળેલ સત્તાની રૂએ હું, જી. સી. બ્રહ્મભટ્ટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા આગામી તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૧૯૯૫ થી નવરાત્રિનો તહેવાર શરુ થતો હોઇ તેમજ તારીખ ૩જી ઓકટોબર ૧૯૯૫ ના રોજ દશેરાનો તહેવાર ઉજવવામાં આવનાર હોઇ, સદરહું સમય દરમ્યાન જિલ્લામાં કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે માટે જાહેર શાંતિ અને સલામતી જાળવવા ફરમાવું છું કે, વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૧૯૯૫ નારોજ ૦૦-૦૦ કલાક થી તારીખ ૨૭મી ઓકટોબર ૧૯૯૫ ના રોજ ૨૪-૦૦ કલાક સુધી કોઇએ.—

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, બંદુક, છરા, લાકડી કે લાઠી અથવા શારીરિક ઇજા પહોંચાડી શકાય તેવું કોઇપણ સાધન લઇ જવું નહીં ;

(ખ) કોઇપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઇ જવા નહીં;

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી કોઇપણ વસ્તુઓ અને ફેંકવાના, ધકેલવાના યંત્રો સાધનો લઇ જવા નહીં કે એકઠા કરવા નહીં અથવા તૈયાર કરવા નહીં;

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં ;

(ઙ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર કરવાના બિભત્સ સુત્રો પોકારવા નહીં, અશ્લિલ ગીતો ગાવા નહીં અથવા ટોળામાં ફરવું નહીં ;

(ચ) જેનાથી સૂરૂચી નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં, તેવા હાવભાવ કરવા નહીં અથવા તેવા ચિત્રો પત્રિકા, પ્લેકાર્ડ અથવા બીજા કોઇપણ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવી નહીં. બનાવવી નહીં તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.—

(૧) સરકારી નોકરીનું કામકાજ કરતાં કોઇ વ્યકિત તેના ઉપરી અધિકારીએ આવું કોઇપણ હથિયાર લઇ જવાનું ફરમાવ્યું હોય અથવા તેવું કોઇ હથિયાર લઇ જવાની ફરજ હોય ;

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી અથવા જિલ્લા પોલીસ અધિકારીશ્રી તેમણે અધિકૃત કરેલ કોઇ પોલીસ અધિકારી કે જેને શારીરિક અશકિતના કારણે લાકડી લઇ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

આ જાહેરનામાનો કોઇપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછા ૪ (ચાર) માસ અને વધુમાં વધુ ૧ (એક) વર્ષની કેદની સજા થશે. આ મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૧૩૫ (૧) મુજબ દંડની પણ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૧૯૯૫ના રોજ મારી સહી સિકકો કર્યો.

જી. સી. બ્રહ્મભટ્ટ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.



INDEX

જાહેરનામું

**મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૩) અન્વયે બહાર પાડેલ.**

નંબર પોલ/જાહેરનામું/૩૪૪૨ થી ૩૪૭૭/૯૫.—આગામી તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૧૯૯૫થી નવરાત્રીનો તહેવાર શરૂ થતો હોઇ, તેમજ તારીખ ૩જી ઓકટોબર, ૧૯૯૫ના રોજ દશેરાનો તહેવાર ઉજવવામાં આવનાર હોઇ,

સદરહુ સમય દરમ્યાન જિલ્લામાં કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે માટે જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુથી વડોદરા જિલ્લાના પોલીસ કમિશનરશ્રી, વડોદરા (શહેર)ના હકુમત સિવાયનો વિસ્તાર એટલે વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં સુલેહ શાંતિ અને સલામતી જાળવવા અત્યંત જરૂરી હોઇ, વ્યકિતઓની મંડળી, સરઘસની મનાઇ કરવાનું મને જરૂરી જણાયું છે.

તેથી, હવે, મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઇના ૨૨માં) ની કલમ-૩૭ ની પેટા-કલમ (૩) થી મને મળેલ સત્તાની રૂઇએ હું, શ્રી જી સી. બ્રહ્મભટ્ટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા, ઉપરોકત વિસ્તારોમાં તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૧૯૯૫ના ૦૦-૦૦ કલાકથી તારીખ ૧૨મી ઓકટોબર, ૧૯૯૫ના રોજ ૨૪-૦૦ કલાકના સમય દરમ્યાન.

(૧) ચાર કરતાં વધુ વ્યકિતઓએ ભેગા થવું નહીં.

(૨) સભા ભરવી નહીં કે બોલાવવી નહીં.

વધુમાં હું આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં:—

(૧) સરકારી નોકરીમાં અથવા રોજી પર હોય તે વ્યકિતઓ;

(૨) કોઇ લગ્નના વરઘોડાને;

(૩) ફરજ પર હોય તેવી ગૃહ રક્ષક દળની વ્યકિતઓને,

(૪) કોઇપણ સ્મશાનયાત્રાને,

(૫) કોઇપણ રાષ્ટ્રીય કાર્યક્રમને.

આ હુકમમાંથી સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી તેઓના મુખ્ય મથક વિસ્તાર માટે તથા તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, તેઓના તાલુકા વિસ્તાર માટે મુકિત આપી શકશે, એટલે કે સરઘસ તથા સભા અંગેની પરવાનગી અંગે સ્થાનિક પરિસ્થિતિ તથા પોલીસ ખાતાનો અભિપ્રાય મેળવી આપવાનો રહેશે.

આ હુકમનો કોઇપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા-કલમ (૩) મુજબ અને ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ના (સને ૧૮૬૦ના ૪૫માં) ની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૧૯૯૫ના રોજ મારી સહી સિકકો કરી આપ્યો.

જી. સી. બ્રહ્મભટ્ટ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
વડોદરા.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

INDEX

Extra No. 156 REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

[ PUBLISHED BY AUTHORITY ]

Vol. XXXVI] FRIDAY, SEPTEMBER 29, 1995 / ASVINA 7, 1917

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART-I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭ (૧) (૩). મુજબનો હુકમ.

ક્રમાંક એસ.બી. / ઉગપક / જાહેરનામું / ૫૫૨૯ / ૯૫.—વડોદરા શહેરમાં પોલીસ કમિશનરની હકુમત હેઠળ વડોદરા શહેરનાં નીચેના વિસ્તારોમાં જાહેર સુલેહ શાંતિ જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, હીરાલાલ ( આઈ.પી.એસ. ), પોલીસ કમિશનર, વડોદરા શહેરની મુંબઈ પોલીસ અધિનિયમ ( સને ૧૯૫૧ના ૨૨મા ) અધિનિયમની કલમ ૩૭(૧)(૩) મુજબથી મને મળેલ અધિકારની રૂએ હું ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૬મી સપ્ટેમ્બર ૧૯૯૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૦મી ઓકટોબર ૧૯૯૫ ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે વ્યકિતઓ ભેગા થવું નહીં. અગર સભા ભરવી કે બોલાવવી નહી. તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

**વિસ્તાર.**—વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**ખુલાસો.**—રસ્તાની ફુટપાથનો પણ આમાં સમાવેશ થાય છે.

**અપવાદ.**—આ હુકમમાંથી જેઓને અત્રેની કચેરીએથી ધાર્મિક વરઘોડાની પરવાનગી તેમજ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય, તેમજ લગ્નનાં વરઘોડા અને સ્મશાનયાત્રાને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૯૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨૫મી સપ્ટેમ્બર ૧૯૯૫નાં રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

**હીરાલાલ,**
પોલીસ કમિશનર, વડોદરા શહેર.



Supple. C. G. I—Extra—156/I

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

Extra No. 157 REGISTERED No. G-BA-14-E

Ⓒ

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

Vol. XXXVIII] FRIDAY, SEPTEMBER 29, 1995 / ASVINA 7, 1917

**Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation**

# PART I

# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ ૧૪૪ અન્વયે કરેલ.

નંબર એમ.એ.જી. / વશી / ૪૦૫૮/૯૫.— દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ થયેલ સમાચારો મુજબ ભારતીય કિસાનસંઘ દ્વારા અપુરતા વિજપુરવઠાના કારણે તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૧૯૯૫ થી રાજ્યમાં જુદા જુદા સ્થળોએ ગુજરાત વિદ્યુતબોર્ડની કચેરીઓએ તથા વિદ્યુત સ્ટેશનોએ ઘેરાવ કરી તળાબંધી ધરણા વિગેરે કાર્યક્રમો યોજવાનું એલાન આપેલ છે. આ એલાન સંદર્ભમાં આ જિલ્લામાં આવેલ ગુજરાત વિદ્યુતબોર્ડની કચેરીઓ, પેટા કચેરીઓ તથા વિદ્યુત સ્ટેશનો / સબ સ્ટેશનોની કામગીરીમાં કોઈ અંતરાય ઉભો થઈ તેની માલ મિલ્કતને નુકશાન થાય નહી તેમજ સુલેહશાંતિ તથા કાયદો અને વ્યવસ્થા જોખમાય નહી તે સારુ આ જિલ્લામાં આવેલ તમામ ગુજરાત વિદ્યુત બોર્ડની કચેરીઓ / પેટા કચેરીઓ વિદ્યુત સ્ટેશનો / સબ સ્ટેશનોની આજુબાજુના ૨૦૦ ( બસો ) મીટરનાં વિસ્તારમાં કોઈ વ્યકિત કે-વ્યકિતઓ દાખલ થાય નહીં તે સારુ ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ ૧૪૪ મુજબ પગલાં લેવા માટે પુરતુ કારણ છે અને તેમ થતું અટકાવવાનું તાત્કાલીક ઈચ્છનીય છે.

આથી હું, જે. ડી. દેસાઈ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ- ૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રુએ આથી ફરમાવું છું કે તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૧૯૯૫ ના શુન્ય કલાકથી તારીખ ૨૪ મી ઓકટોબર, ૧૯૯૫ના ૨૪--૦૦ કલાક સુધી ( બન્ને દિવસો સુધ્ધાંત ) મહેસાણા જિલ્લાની હદમાં આવેલ ગુજરાત વિદ્યુતબોર્ડની કચેરીઓ / પેટા-કચેરીઓ વિદ્યુત સ્ટેશનો / સબ સ્ટેશનોના મકાનો તથા તેના કમ્પાઉન્ડની હદથી આજુબાજુના ૨૦૦ ( બસો ) મીટરના વિસ્તારમાં કોઈ વ્યકિત કે વ્યકિતઓએ દાખલ થવું નહી અને તેની કામગીરીમાં દખલગીરી કરવી નહીં.

વધુમાં હું આદેશ કરું છું કે આ હુકમ નીચેનાનાઓને લાગુ પડશે નહીં.

(૧) ફરજ ઉપરના ગુજરાત વિદ્યુતબોર્ડના અધિકારી / કર્મચારીઓને તથા નોકરોને.

(૨) ફરજ ઉપરના રાજ્ય સરકારના અધિકારી / કર્મચારીઓને

(૩) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી / જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણા દ્વારા હુકમ કરવામાં આવે તેને.

સદરહુ હુકમના કોઈપણ ખંડનો ભંગ કરનાર અગર ઉલ્લંઘન કરનાર શખ્સ ભારતીય ફોજદારી અધિનિયમ કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૪ માહે સપ્ટેમ્બર, ૧૯૯૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો છે.

જે. ડી. દેસાઈ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા.

## હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર એમએજી/વશી/૪૦૫૯/૯૫.—ભારતીય કિસાન સંઘ દ્વારા દ્વારા તારીખ ૨૫મી સપ્ટેમ્બર ૧૯૯૫ ના રોજ આ જીલ્લાના ખેરાલુ તાલુકાના ધરોઇ ગામે આવેલ ધરોઇ બંધના તથા તેની કેનાલોના દરવાજા બંધ કરવા માટે એલાન અપાયેલ છે. જેના સંદર્ભમાં ધરોઇબંધ તથા તેની કેનાલોને કોઇ નુકશાન થાય નહી અને જાહેરસુલેહ શાંતિ તથા કાયદો અને વ્યવસ્થા જળવાઈ તે સારૂ.

ધરોઇ બંધની આજુબાજુના એક કીલોમીટરના વિસ્તારમાં કોઇ વ્યકિત કે વ્યકિતઓ દાખલ થાય નહીં તે સારૂ ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ના કલમ-૧૪૪ મુજબ પગલાં લેવા માટે પુરતું કારણ છે અને તેમાં થતું અટકાવવાનું તાત્કાલીક ઇચ્છનીય છે.

વાસ્તે હું, જે. ડી. દેસાઇ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ મહેસાણા, ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે તારીખ ૨૫મી સપ્ટેમ્બર ૧૯૯૫ ના શુન્ય કલાકથી તારીખ ૨૪મી ઓકટોબર ૧૯૯૫ના ૨૪-૦૦ કલાક (બંને દિવસો સુધ્ધાંત) મહેસાણા જીલ્લાના ખેરાલુ તાલુકાના ધરોઇ ગામે આવેલ ધરોઇ બંધ તથા તેની આજુબાજુના એક કીલોમીટરના વિસ્તારમાં કોઇ વ્યકિત કે વ્યકિતઓએ દાખલ થવું નહી અને તેની માલ મિલ્કતને નુકશાન કરવું નહી કે કોઇ દખલગીરી કરવી નહી.

વધુમાં આદેશ કરૂ છું કે આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપરના ધરોઇ પ્રોજેકટના અધિકારીઓ/કર્મચારીઓ તથા તેના નોકરોને.
(૨) ફરજ ઉપરના રાજય સરકારના અધિકારીઓ કર્મચારીઓ.
(૩) કાર્યપાલક ઇજનેરશ્રી, ધરોઇ પ્રોજેકટ તરફથી અધિકૃત કરવામાં આવે તેવી વ્યકિતઓને.
(૪) અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ / જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, મહેસાણા દ્વારા હુકમ કરવામાં આવે તેને.

સદરહુ હુકમના કોઇ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ ભારતીય ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૪મી સપ્ટેમ્બર ૧૯૯૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો છે.

જે. ડી. દેસાઇ,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
મહેસાણા.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 158

REGISTERED No. G-BA-14-E

(C)

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI ]  WEDNESDAY, OCTOBER 4, 1995 / ASVINA 12, 1917

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART I

# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનું.

ક્રમાંક એસ બી / ઉગપક / જાહેરનામું / ૫૯૫૫ / ૧૯૯૫.—વડોદરા શહેરમાં આગામી ઓકટોબર, ૧૯૯૫ ની ન્યુ. એસ. એસ. સી. / ઉચ્ચત્તર માધ્યમીક પ્રમાણપત્ર પરીક્ષા તારીખ ૪ થી ઓકટોબર, ૧૯૯૫ થી તારીખ ૧૭ મી ઓકટોબર, ૧૯૯૫ સુધી શહેરની જુદી જુદી શાળાઓમાં લેવાનાર છે.

આ પરીક્ષાઓ વિદ્યાર્થીઓ કોઈપણ જાતના ખલેલ વિના શાંત વાતાવરણમાં આપી શકે તે માટે બહારનાં તોફાની તત્ત્વો આ પરીક્ષાઓ દરમ્યાન કેન્દ્રમાં પરીક્ષા આપતાં વિદ્યાર્થીઓને ખલેલ ન પહોંચાડે તેથી અન્ય ગેરકાયદેસરની પ્રવૃત્તિ પરીક્ષા દરમ્યાન ન આચરે તે માટે,

હું, હીરાલાલ (આઈ. પી. એસ. ) પોલીસ કમીશનર, વડોદરા શહેર ફોજદારી કાર્યરીતી અધિનિયમ, સને ૧૯૭૩ ની કલમ ૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે—

વડોદરા શહેરમાં આગામી ઓકટોબર, ૧૯૯૫ ની ન્યુ એસ. એસ. સી. / ઉચ્ચત્તર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા તારીખ ૪થી ઓકટોબર, ૧૯૯૫ થી તારીખ ૧૭મી ઓકટોબર, ૧૯૯૫ સુધી શહેરનાં જે જે કેન્દ્રો ( શાળાઓ ) માં લેવાનાર છે તે તે કેન્દ્રની શાળાઓનાં કંપાઉન્ડમાં તેમજ શાળાની ચારે બાજુના ૧૦૦ મીટર વિસ્તારમાં તારીખ ૪ થી ઓકટોબર, ૧૯૯૫ થી તારીખ ૧૭ મી ઓકટોબર, ૧૯૯૫ સુધી સવાર કલાક ૯-૦૦ થી કલાક ૧૯-૦૦ દરમ્યાન પરીક્ષાઓને ખલેલ પડે તે રીતે કોઈ અનઅધીકૃત વ્યકિતઓ એકત્રીત થશે નહિ કે શાળાઓમાં ( કેન્દ્રમાં ) પ્રવેશ કરશે નહી કે વાહન લઈ જશે કે આવશે નહીં.

વિસ્તાર :—વડોદરા શહેર પોલીસ કમીશનર હકુમત હેઠળનાં વિસ્તારમાં આવેલ તમામ પરીક્ષા કેન્દ્રની શાળાઓ યાદીમાં જણાવ્યા મુજબ.

અપવાદ :—આ હુકમમાંથી નીચે જણાવેલ વ્યકિતઓને મુકતી આપવામાં આવે છે

(૧) પરીક્ષાર્થી તથા પરીક્ષાના સંચાલન અંગેની ફરજ જે અધિકારી / કર્મચારીઓને સોંપવામાં આવી છે તે તમામ.

(૨) ફરજ પરના પોલીસ / એસ. આર. પી. / હોમગાર્ડનાં અધિકારી તથા જવાનો.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમનની સને ૧૯૬૦ ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

ઓકટોબર, ૧૯૯૫ નાં ન્યુ એસ. એસ. સી. / એચ. એસ. સી. પરીક્ષાની સ્કુલો પો. સ્ટે. વાઈઝ દર્શાવતું પત્રક.—

| અનુ. નંબર | પોલીસ સ્ટેશન | સ્કુલોનાં નામ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | ગોરવા | (૧) વિદ્યાવિહાર હાઈસ્કુલ, સુભાનપુરા |
| | | (૨) બરોડા હાઈસ્કુલ, અલકાપુરી |
| | | (૩) એલેમ્બીક વિદ્યાલય, ગોરવા રોડ |
| ૨ | જે. પી. રોડ | (૪) શબરી વિદ્યાલય, વાસણા રોડ |
| | | (૫) બેસીલ હાઈસ્કુલ, તાંદલજા રોડ |
| | | (૬) વિદ્યુત બોર્ડ વિદ્યાલય, પાદરા રોડ |
| | | (૭) ઉત્કર્ષ વિદ્યાલય, ગોત્રી રોડ |
| ૩ | સયાજી ગંજ | (૮) યુનીવર્સીટી એકસપરીમેન્ટલ સ્કુલ |
| | | (૯) હીલ મેમોરીયલ હાઈસ્કુલ, ફતેગંજ |
| | | (૧૦) રોઝરી હાઈસ્કુલ, પ્રતાપગંજ |
| | | (૧૧) કોનવેન્ટ ઓફ જીસીસ એન્ડ મેરી ગર્લ્સ હાઈસ્કુલ, ફતેગંજ |
| | | (૧૨) પ્રતાપ હાઈસ્કુલ, કડક બજાર |
| ૪ | ફતેગંજ | (૧૩) શેઠ જોસેફ હાઈસ્કુલ, નવાયાર્ડ રોડ |
| | | (૧૪) વેબ મેમોરીયલ હાઈસ્કુલ, પેન્શનપુરા, ફત્તેગંજ રોડ |
| | | (૧૫) ટી. આર. પટેલ વિદ્યાલય છાણી રોડ |
| | | (૧૬) જીવન ચેતના હાઈસ્કુલ, ન્યુ સમા રોડ |
| | | (૧૭) નવયુગ વિદ્યાલય, ફતેગંજ |
| ૫ | રાવપુરા | (૧૮) મહારાણી ગર્લ્સ વિદ્યાલય, સુરસાગર પાસે |
| | | (૧૯) એચ. જે. પરીખ મોડેલ હાઈસ્કુલ નવરંગ સિનેમા પાસે |
| ૬ | કારેલીબાગ | (૨૦) શારદા મંદિર હાઈસ્કુલ, સલાટવાડા |
| | | (૨૧) એમ. સી. હાઈસ્કુલ, સલાટવાડા |
| | | (૨૨) એમ. ઈ. એસ. હાઈસ્કુલ, નાગરવાડા |
| | | (૨૩) લાલબહાદર શાસ્ત્રી વિદ્યાલય, હરણીરોડ |
| ૭ | નવાપુરા | (૨૪) બરોડા હાઈસ્કુલ, બગીખાના |
| ૮ | સીટી પો. સ્ટે. | (૨૫) એમ. ઈ. એસ. હાઈસ્કુલ, યાકતપુર |
| | | (૨૬) વિનય વિદ્યાલય, ફત્તેપુરા |
| | | (૨૭) લધારામ હાઈસ્કુલ, મોટી છીપાવાડ |
| | | (૨૮) હરીસેવા ગર્લ્સ હાઈસ્કુલ, વારસીયા |
| | | (૨૯) જી. એન. વી. હાઈસ્કુલ, વારસીયા. |
| | | (૩૦) સરદાર વિદ્યાલય, માંડવી |
| ૯ | વાડી પો. સ્ટે. | (૩૧) સ્વામી વિદ્યાનંદજી વિદ્યાવિહાર, પ્ર. નં. રોડ. |
| | | (૩૨) ઝેનીથ હાઈસ્કુલ, ડભોઈ રોડ |
| | | (૩૩) આર. એન્ડ કે. પંડયા હાઈસ્કુલ, ચિત્તખાનગલી ગેંડીગેટ |
| | | (૩૪) એચ. વી. ઓફ મેમોરીયલ હાઈસ્કુલ, ગેંડીગેટ |
| | | (૩૫) એમ. ઈ. એસ. ગર્લ્સ હાઈસ્કુલ, મોગલવાડા |
| | | (૩૬) સયાજી ગર્લ્સ હાઈસ્કુલ, ઘડીયાળી પોળ |
| | | (૩૭) સયાજી બોઈઝ હાઈસ્કુલ, ઘડીયાળી પોળ |
| ૧૦ | પાણીગેટ | (૩૮) સરદાર વલ્લભભાઈ વિદ્યાલય, આજવારોડ |

મેં આજ તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૧૯૯૫ ના રોજ મારી સહી કરી સીક્કો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમીશ્નર,
વડોદરા શહેર

---

## હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમ)ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલ હુકમ.

ક્રમાંક એસબી/૩-ગપક/ જાહેરનામું/૫૯૫૯/૯૫.—મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૯૫૧ના ૨૨માં અધિનિયમ કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, હીરાલાલ (આઈ.પી.એસ.); પોલીસ કમિશ્નર, વડોદરા શહેર—

વડોદરા શહેરની હાલની પરિસ્થિતિને લક્ષમાં રાખી જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવા સારૂ આથી હું ફરમાવું છું કે વડોદરા શહેરનો સમગ્ર વિસ્તાર એટલે કે પોલીસ કમિશ્નર વિસ્તારમાં તારીખ ૧લી ઓકટોબર ૧૯૯૫ના કલાક ૦૦-૦૦થી તારીખ ૧લી ઓકટોબર, ૧૯૯૫ના કલાક ૨૪-૦૦ સુધી કોઈએ.—

(ક) કોઈ પ્રકારનાં શસ્ત્રો, તલવાર, ભાલા, લાકડી અને બંદૂક જેવા સાધનો કે જે ચીજથી હિંસા થઈ શકે તેવી કોઈ વસ્તુ લઈ જવી કે કબજામાં રાખવી નહીં.

(ખ) પથ્થરો અથવા ફેંકવાના સાધનો એકત્રીત કરવા કે તૈયાર કરવા નહીં.

(ગ) કોઈ ભયાનક પદાર્થ કે સ્ફોટક પદાર્થ લઈ જવો નહી.

(ઘ) કોઈ શબ આકૃતિ કે પૂતળાં દેખાડવા નહીં.

(ચ) અપમાન કરવાના ઈરાદાથી કે બદનામ કરવાના ઈરાદાથી જાહેરમાં સૂત્રો પોકારવા નહી અથવા ટોળામાં ફરવું નહી.

(છ) સરઘસમાં સળગતી મશાલ લઈ જવી નહી.

(જ) જેનાથી સુરૂચિ અથવા ભંગ થાય તેવી ચેષ્ટા કરવી નહીં, તેવા ચિત્રો કે પ્લેકાર્ડો કે પત્રિકાઓ અથવા કોઈ ચીજ વસ્તુ કે પદાર્થ તૈયાર કરવો નહી અગર ફેલાવો કરવો નહીં.

INDEX

આ હુકમનો ભંગ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડતો નથી :—

(૧) સરકારી નોકર કે તેવું કામ કરતી વ્યકિતઓ કે તેવું કામ ઉપરી અધિકારીએ આવું કોઇ હથિયાર લઇ જવા ફરમાવ્યું હોય અગર હથિયાર લઇ જવાની ફરજ હોય તેવી પરવાનેદાર વ્યકિતને,

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા અધિકૃત કરેલ કોઇ અધિકારી કે જેની શારીરિક અશકિતને કારણે લાકડી લઇ જવાની પરવાનગી આપેલ હોય તે વ્યકિતને.

મેં આજ તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૧૯૯૫ ના રોજ મારી સહી કરી સીકકો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

---

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૧)(છ) અન્વયે કાઢેલ.

ક્રમાંક એસ. બી. / ઉગપક / જાહેરનામું / ૫૯૬૦ / ૯૫.— આગામી તારીખ ૪થી ઓકટોબર, ૧૯૯૫ થી તારીખ ૧૭ મી ઓકટોબર, ૧૯૯૫ સુધીના સમય દરમ્યાન માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા તેમજ ઉચ્ચત્તર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા શરુ થનાર હોઈ, શહેર વિસ્તારનાં કેન્દ્રોનાં સ્થળોએ પરીક્ષા શરુ થનાર હોઈ વિદ્યાર્થીઓ કાપલીઓ તેમજ ઝેરોક્ષ નકલોનો ઉપયોગ કરે અને પરિણામે પરીક્ષામાં ગેરરિતીઓ થવાનો સંભવ હોઈ, તે માટે ઝેરોક્ષ મશીનો ચલાવવા ઉપર નિયંત્રણ રાખવાની મને જરૂર જણાઈ છે.

વાસ્તે હું, હીરાલાલ (આઈ. પી. એસ.) પોલીસ કમિશનર, વડોદરા શહેરના મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭ (૧) (છ) થી મને મળેલ સત્તાંની રૂએ આથી આદેશ આપું છું કે, વડોદરા શહેર હદ વિસ્તારમાં આવેલ તમામ ઝેરોક્ષ મશીનો તારીખ ૪ થી ઓકટોબર, ૧૯૯૫ થી તારીખ ૧૭મી ઓકટોબર, ૧૯૯૫ સુધી સવારનાં કલાક ૧૦-૦૦ થી સાંજના કલાક ૧૮-૦૦ સુધી બંધ રાખવા.

વિસ્તાર :—વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

આ આદેશ નો ભંગ / ઉલ્લંઘન કરનાર સદરહું અધિનિયમની કલમ ૧૩૫ ની પેટા-કલમ (૧) (છ) મુજબ અને ભારતીય ફોજદારી અધિનીયમ, ૧૮૬૦ ના (સને ૧૮૬૦ ના ૪૫ માં) ની કલમ ૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૧૯૯૫ના રોજ મારી સહી કરી સીક્કો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

INDEX

Extra No. 159

REGISTERED No. G-BA-14-E

(C)

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol XXXVI] WEDNESDAY, OCTOBER 4, 1995 / ASVINA 12, 1917

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as separate compilation

# PART–I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ ૧૪૪ અન્વયેનો.

નંબર પીઓએલ/વશી/૧૬૮૧.—આગામી તારીખ ૪થી ઓકટોબર ૧૯૯૫ થી તારીખ ૧૮મી ઓકટોબર ૧૯૯૫ દરમ્યાન ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા એસ.એસ.સી. (ધોરણ-૧૦) તથા ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા (ધોરણ-૧૨) ની પરીક્ષાઓ જિલ્લાના જુદા જુદા પરીક્ષા કેન્દ્રો ઉપર લેવાનાર છે. આ પરીક્ષાઓનું સંચાલન સરળતાથી થાય, અસામાજીક તત્વોના ત્રાસ અને ભય વગર ખંડ નિરીક્ષકો નિરીક્ષણ કાર્ય કરે અને પરીક્ષાઓ શાંત અને એખલાસ ભર્યા વાતાવરણમાં નિર્ભયતાથી ગેરરીતી કરવાના પ્રલોભનથી દોરવાયા વગર વિદ્યાર્થીઓ પરીક્ષા આપે તે માટે ઉકત બંને પરીક્ષાના સ્થળોને પ્રતિબંધીત વિસ્તાર જાહેર કરવા જરૂરી જણાય છે.

વાસ્તે હું, પી. ડી. વાઘેલા, આઇ. એ. એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબ ની અનુસૂચિ મુજબના પરીક્ષા કેન્દ્રોથી ૧૦૦ મીટરની ત્રિજયામાં પરીક્ષાર્થી ઉમેદવારો અને પરીક્ષાની ક ીરમાં રોકાયેલ અધિકૃત વ્યકિત સિવાય અન્ય કોઇપણ બિન અધિકૃત વ્યકિતના પ્રવેશ માટે તારીખ ૪થી ઓકટોબર ૧૯૯૫ થી તારીખ ૧૮મી ઓકટોબર ૧૯૯૫ ના સમય દરમ્યાન સવારના ૧૦-૦૦ થી સાંજના ૬-૩૦ કલાક દરમ્યાન પ્રતિબંધ ફરમાવું છું.

અનુસૂચિ

| અનુ. નંબર | કેન્દ્રનું નામ | કેન્દ્રનું સ્થળ |
|---|---|---|
| ૧. | નડીઆદ | ૧ સર્વોદય વિદ્યામંદિર, નડીઆદ. |
| | | ૨ ડી. પી. દેસાઇ હાઇસ્કુલ, નડીઆદ. |
| | | ૩ બી. પી. હાઇસ્કુલ, નડીઆદ. |
| | | ૪. ભગત એન્ડ સોનાવાલા હાઇસ્કુલ નડીઆદ. |
| | | ૫ મણીબા ગર્લ્સ હાઇસ્કુલ, નડીઆદ. |
| | | ૬ ન્યુ ઈંગ્લીશ સ્કુલ રેલ્વે સ્ટેશન પાછળ, નડીઆદ. |
| | | ૭ સેંટ મેરિસ હાઇસ્કુલ, નડીઆદ. |
| | | ૮ સંતરામ ગર્લ્સ હાઇસ્કુલ, નડીઆદ |
| | | ૯ સંત અન્ના હાઇસ્કુલ, નડીઆદ. |
| | | ૧૦ ન્યુ ઈંગ્લીશ સ્કુલ ફોર ગર્લ્સ, નડીઆદ. |
| ૨ | આણંદ | ૧ કસ્તુરબા કન્યા વિદ્યાલય,આણંદ |
| | | ૨ ડી. એન. હાઇસ્કુલ, આણંદ |
| | | ૩ કે. જે. ઠક્કર પ્રાયમરી સ્કુલ, આણંદ |
| | | ૪ વી. જે. પટેલ, પ્રેકટીસીગ સ્કુલ, આણંદ |
| ૩ | બાલાસિનોર | ૧ ઓચ્છવલાલ શેઠ હાઇસ્કુલ, બાલાસિનોર |

| | | |
|---|---|---|
| ૪. બોરસદ | ૧ જે. ડી. આર. પટેલ ગર્લ્સ હાઈસ્કુલ, બોરસદ<br>૨ જે. ડી. પટેલ, હાઈસ્કુલ, બોરસદ |
| ૫. ડાકોર | ૧ સંસ્થાન હાઈસ્કુલ, ડાકોર |
| ૬. કપડવંજ | ૧ શેઠ એમ. પી. મ્યુનિ. હાઈસ્કુલ, કપડવંજ |
| ૭. ખંભાત | ૧ માધવલાલ શાહ હાઈસ્કુલ, ખંભાત |
| ૮. ખેડા | ૧ એચ. એન્ડ. ડી. પારેખ હાઈસ્કુલ, ખેડા |
| ૯. પેટલાદ | ૧ આર. કે. વિદ્યાલય, પેટલાદ<br>૨ ન્યુ એજ્યુ. ગર્લ્સ હાઈસ્કુલ, પેટલાદ |

આજ તારીખ ૨૮મી સપ્ટેમ્બર ૧૯૯૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

પી. ડી. વાઘેલા,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
ખેડા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 160

REGISTERED No. G— ...

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

Vol. XXXVI ] THURSDAY, OCTOBER 5, 1995 / ASVINA 13, 1917

**Separate paging is given to each part of the Supplement to the Central and Central Section in order that it may be filed as a separate compilation**

## PART I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ.

નંબર એમએજી/વશી/૩૫૫૧/૧૯૯૫ :—આગામી તારીખ ૪થી ઓક્ટોબર ૧૯૯૫ થી ૧૭મી ઓક્ટોબર ૧૯૯૫ સુધીના સમય દરમ્યાન માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા તેમજ ઉચ્ચતર માન્ધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા શરૂ થનાર હોઇ, નીચે જણાવેલ પરીક્ષા કેન્દ્રોમાં અનધિકૃત વ્યકિતઓ પરીક્ષા કેન્દ્રના સ્થળે પ્રવેશ કરી, શાંતિ જોખમે તેમ છે. વિદ્યાર્થીઓ શાંતિથી પરીક્ષા આપી શકે તે માટે નીચે પ્રમાણ હુકમ કરવામાં આવે છે.

હું, આઇ. પી. ગૌતમ (આઇ.એ.એસ.) જીલ્લા મેજીસ્ટ્રેટ, વડોદરા ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ (૧) થી મને મળેલ સત્તાની રૂએ આથી આદેશ આપી ફરમાવું છું કે તારીખ ૩જી ઓક્ટોબર ૧૯૯૫ થી ૧૭મી ઓક્ટોબર ૧૯૯૫ સુધી નીચે પરિશિષ્ટમાં જણાવેલ પરીક્ષા કેન્દ્રોના સ્થળેથી ૧૦૦ મીટની ત્રિજયાના વિસ્તારને પ્રતિબંધિત વિસ્તાર તરીકે જાહેર કરૂં છું જેથી અનધિકૃત કોઇપણ વ્યકિતએ સદરહુ પ્રતિબંધિત વિસ્તારમાં પ્રવેશ કરવો નહી.

આ જાહેરનામાનો ભ[illegible]થવા ઉલ્લંઘન કરનાર વ્યકિતને ભારતીય ફોજદારી અધિનિયમની જોગવાઇ મુજબ પગલાં લેવાને પાત્ર થશે.

પરિશિષ્ટ

| અનુ. નંબર | તાલુકાનું નામ | પરીક્ષા કેન્દ્રનું સ્થળ |
|---|---|---|
| ૧ | સંખેડા | એચ. એચ. ચિરોલાવાલા, હાઈસ્કુલ, બોડેલી. |
| ૨ | સંખેડા | કન્યા વિદ્યાલય, સંખેડા. |
| ૩ | છોટાઉદેપુર | એસ. એફ. હાઈસ્કુલ, છોટાઉદેપુર. |
| ૪ | ડભોઇ | વિભાગ હાઈસ્કુલ, ડભોઈ. |
| ૫ | ડભોઇ | વિઠ્ઠલનાથજી મંદિર, ડભોઈ. |
| ૬ | ડભોઇ | ડભોઈ મહેદેવીયા સાર્વજનિક, ડભોઈ. |
| ૭ | ડભોઇ | આર. જી. પંડયા હાઈસ્કુલ, ડભોઈ. |
| ૮ | ડભોઇ | દયારામ શારદા મંદિર હાઈસ્કુલ, ડભોઈ. |
| ૯ | પાદરા | પી. પી. શ્રોફ હાઈસ્કુલ, પાદરા. |

વડોદરા, તારીખ ૨૯મી સપ્ટેમ્બર ૧૯૯૫.

આઇ. પી. ગૌતમ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.



PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 161

REGISTERED No. G-BA-14-E

(C)

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

Vol. XXXVI ] THURSDAY, OCTOBER 5, 1995 / ASVINA 13, 1917

**Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation**

# PART I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કરેલ.,

નંબર એમએજી/વશી/૪૦૯૦/૯૫.-મહેસાણા જિલ્લાના નીચે જણાવેલ કેન્દ્રો ઉપરથી ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા તારીખ ૪થી ઓકટોબર ૧૯૯૫ થી ૧૭મી ઓકટોબર ૧૯૯૫ સુધી માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા (એસ.એસ.સી.) તથા ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા (એચ.એસ.સી.) લેવાનાર છે,

| એસ.એસ.સી. પરીક્ષા કેન્દ્રો | એચ.એસ.સી. પરીક્ષા કેન્દ્રો |
|---|---|
| (૧) ઊંઝા( તા. સિધ્ધપુર ) | (૧) કલોલ |
| (૨) પાટણ | (૨) મહેસાણા શહેર |
| (૩) કડી | (૩) પાટણ |
| (૪) કલોલ | (૪) વિસનગર |
| (૫) વિસનગર | |
| (૬) મહેસાણા | |
| (૭) માણસા ( તા. વિજાપુર ) | |

ઉપરોકત કેન્દ્રો ઉપર લેવાનાર એસ.એસ.સી. તથા ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાનું સંચાલન સ્વાભાવીક રીતે શાંતિ અને સરળતા થી થાય તથા સદરહુ પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓ શાંતિથી એખલાસભર્યા વાતાવરણમાં નિર્ભયતાથી કોઈપણ જાતની ગેરરીતી કરવાના પ્રલોભનમાં દોરવાયા સિવાય પરીક્ષા આપી શકે તેમજ પરીક્ષાખંડ નિરીક્ષકો કોઈપણ જાતના ભય અને ત્રાસ વગર નિરીક્ષણ કાર્ય કરી શકે અને અશાંત પરિસ્થિતિ ઉભી થાય નહી તે સારું ઉપરોકત પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષા માટે ઉપયોગમાં લેવાનાર તમામ મકાનો તથા તેના કંમ્પાઉન્ડની આજુબાજુના ૨૦૦ (બસો) મીટરના વિસ્તારમાં કોઈ અસામાજીક તત્વો કે અનઅધિકૃત વ્યકિત કે વ્યકિતઓ દાખલ થાય નહી તે સારું ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ ૧૪૪ મુજબ પગલાં લેવા માટે પુરતુ કારણ છે. અને તેમ થતું અટકાવવાનું તાત્કાલીક ઈચ્છનીય છે. તેવો મારો અભિપ્રાય છે.

વાસ્તે હું, એ. કે. શર્મા, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે તારીખ ૪થી ઓકટોબર ૧૯૯૫ના શુન્ય કલાકથી તારીખ ૧૭મી ઓકટોબર ૧૯૯૫ ના ૨૪-૦૦ કલાક (બન્ને દિવસ સુધ્ધાંત) સુધી એસ. એસ.સી. તથા ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા માટે આ સાથેના પરિશિષ્ટમાં દર્શાવેલ પરીક્ષા કેન્દ્રો અને તેની સામે દર્શાવેલ પરીક્ષા સ્થળોના મકાનો તથા તેના કમ્પાઉન્ડની આજુબાજુના ૨૦૦ (બસો) મીટરના વિસ્તારમાં કોઈ વ્યકિત કે વ્યકિતઓએ દાખલ થવું નહી અને પરીક્ષાની કામગીરીમાં દખલગીરી ઉભી કરવી નહી.



INDEX

વધુમાં હું આદેશ કરું છું કે, આ હકમ નીચેનાઓને લાગુ પડશે નહી.

(૧) એસ.એસ.સી./એચ.એસ.સી. પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓને

(૨) સદરહુ પરીક્ષાની કામગીરીમાં માધ્યમિક શિક્ષણ બોર્ડ તરફથી રોકાયેલ અધિકારી/કર્મચારીઓને.

(૩) સદરહુ પરીક્ષાની કામગીરી માટે અધિકૃત કરવાથી આ કામગીરીમાં રોકાયેલ સરકારી અધિકારી / કર્મચારીને.

(૪) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ/જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણા દ્વારા હુકમ કરવામાં આવે તેને.

સદરહુ હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ ભારતીય ફોજદારી અધિનિયમની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૨ માહે સપ્ટેમ્બર સને ૧૯૯૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો છે.

એ. કે. શર્મા,
જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 162

REGISTERED No. G-BA-14-E

C

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI ] THURSDAY, OCTOBER 5, 1995 / ASVINA 13, 1917

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

## PART I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭(૧)(છ) અન્વયે કાઢેલ.

નંબર પોલ/ જાહેરનામા/ વશી/ ૩૫૩૩/૯૫.—આગામી તારીખ ૪થી ઓક્ટોબર ૧૯૯૫ થી તારીખ ૧૭મી ઓક્ટોબર ૧૯૯૫ સુધીના સમય દરમ્યાન માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા તેમજ ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા શરૂ થનાર હોઈ, જીલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નીચે જણાવેલ પરીક્ષા કેન્દ્રોના સ્થળોએ પરીક્ષા શરુ થનાર હોઈ, વિદ્યાર્થીઓ કાપલીઓ તેમજ ઝેરોક્ષ નકલોનો ઉપયોગ કરે અને પરિણામે પરીક્ષામાં ગેરરીતીઓ થવાનો સંભવ હોય તે માટે ઝેરોક્ષ મશીનો ચલાવવા ઉપર નિયંત્રણ રાખવાની મને જરૂર જણાય છે.

સબબ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૧)(છ)થી મને મળેલ સત્તાની રૂઈએ હું, જી. સી. બ્રહ્મભટ્ટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા, આથી આદેશ આપું છું કે, વડોદરા જીલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નીચે જણાવેલ પરીક્ષા કેન્દ્રોના તાલુકા મથકોમાં આવેલ તમામ ઝેરોક્ષ મશીનો તારીખ ૪થી ઓક્ટોબર ૧૯૯૫ થી તારીખ ૧૭મી ઓક્ટોબર ૧૯૯૫ સુધી સવારના ૧૦-૦૦ થી સાંજના ના ૧૮-૦૦ કલાક સુધી બંધ રાખવા.

(૧) એચ. એચ. શિરોલાવાલા હાઈસ્કુલ બોડેલી, તા. સંખેડા
(૨) કન્યા વિદ્યાલય સંખેડા, તા. સંખેડા
(૩) એસ. એફ. હાઈસ્કુલ, છોટાઉદેપુર
(૪) વિભાગ હાઈસ્કુલ, ડભોઈ
(૫) ડભોઈ મહેદેવીયા સાર્વજનિક, ડભોઈ
(૬) વિઠ્ઠલનાથજી વિદ્યામંદિર, ડભોઈ
(૭) આર. જી. પંડયા હાઈસ્કુલ, ડભોઈ
(૮) દયારામ શારદા મંદિર હાઈસ્કુલ, ડભોઈ
(૯) પી. પી. શ્રોફ હાઈસ્કુલ, પાદરા

આ આદેશનો ભંગ / ઉલ્લંઘન કરનાર સદરહુ અધિનિયમની કલમ ૧૩૫ ની પેટા કલમ (૧) મુજબ અને ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૦ના (સને ૧૮૬૦ના ૪૫મા) ની કલમ ૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૭મી સપ્ટેમ્બર ૧૯૯૫ ના રોજ આ આદેશ મારી સહી તથા કચેરીના સહી સાથે બહાર પાડવામાં આવ્યો.

જી. સી. બ્રહ્મભટ્ટ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.



PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 163

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

[ PUBLISHED BY AUTHORITY ]

Vol. XXXVI] SATURDAY, OCTOBER 7, 1995 / ASVINA 15, 1917

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART–I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪ અન્વયે હુકમ.

નંબર એમએજી/એસ.એસ.સી./પરીક્ષા/૧૦/૯૫.—આગામી તારીખ ૪થી ઓકટોબર ૧૯૯૫થી તારીખ ૧૮મી ઓકટોબર ૧૯૯૫ સુધી જિલ્લાના હિંમતનગર, ઈડર, ભીલોડા, મોડાસા અને તલોદ મુકામે આવેલ પરીક્ષા કેન્દ્રો ઉપર એસ.એસ.સી. તથા એચ.એસ.સી. ની પરીક્ષાઓ લેવાનાર છે, જેથી આ તમામ પરીક્ષા કેન્દ્રો ઉપર પરીક્ષા સમય દરમિયાન મોટા પ્રમાણમાં માણસો એકઠા થાય તેવી શકયતા રહેલી છે. જેથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તથા વિદ્યાર્થીઓ શાંત અને મુકત વાતાવરણમાં પરીક્ષા આપી શકે તથા ગેરરીતિઓ અટકી શકે તે હેતુથી સને ૧૯૭૩ના ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનો પ્રતિબંધિત હુકમ કરવો જરુરી છે.

વાસ્તે મને સંતોષ થયેલ હોય તે જરુરી છે. હું કે. શ્રીનિવાસ, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, હિંમતનગરને ઉપરોકત અધિનિયમ હેઠળ મળેલ સત્તાની રુએ સાબરકાંઠા જીલ્લાના નીચે જણાવેલા એસ.એસ.સી. તથા એચ.એસ.સી. ના તમામ પરીક્ષા કેન્દ્રોના આજુબાજુના ૨૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં તારીખ ૪થી ઓકટોબર ૧૯૯૫ થી ૧૮મી ઓકટોબર ૧૯૯૫ સુધી પરીક્ષા સમય દરમિયાન ચાર કે તેથી વધારે માણસોએ એકઠા અથવા ભેગા થવું નહીં કે સભાઓ ભરવી નહી કે સૂત્રો પોકારવા નહી કે સરઘસ અથવા રેલી કાઢવી નહી, પથ્થર કે બીજા કોઈ પદાર્થો લઈ જવાં નહી.

સ્થળ :- એસ.એસ.સી. માટે

૧. શ્રી માયઓન હાઈસ્કુલ, હિંમતનગર
૨. શ્રી સરપ્રતાપ હાઈસ્કુલ, ઈડર
૩. શ્રી એન.આર. એ વિદ્યાલય, ભીલોડા
૪. શ્રી જી. બુટાલા, સર્વોદય હાઈસ્કુલ, મોડાસા
૫. શ્રી સી. ડી. પટેલ હાઈસ્કુલ, તલોદ, તા. પ્રાંતિજ

એચ.એસ.સી. માટે

૧. શ્રી હિંમત હાઈસ્કુલ, હિંમતનગર

અપવાદ :—

આ હુકમ પરીક્ષા કાર્યવાહીમાં રોકાયેલા સરકારી કર્મચારીઓ, અધિકારીઓ તથા પોલીસ ખાતાના અધિકારીઓ / કર્મચારીઓ / હોમગાર્ડના જવાનો તથા પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) તથા ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૬મી સપ્ટેમ્બર ૧૯૯૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

કે. શ્રીનિવાસ,
જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા,
હિંમતનગર.



PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 164

REGISTERED No. G-BA-14-E

(C)

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI ] MONDAY, OCTOBER 9, 1995 / ASVINA 17, 1917

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART-I

# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

### હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧) અન્વયેનો.

નંબર પીઓએલ/વશી/૧૭૨૨.—તારીખ ૮મી ઓક્ટોબર, ૧૯૯૫ દરમ્યાન આસો સુદ-૧૫ (પુનમ) નીમીત્તે ડાકોર ખાતે મેળો ભરાનાર છે. સદર મેળામાં ઘણા મોટા પ્રમાણમાં ભાવિક ભકતો અને યાત્રિકો ગુજરાત ભરમાંથી આવતા હોય છે. અને આડેધડ વાહનો પાર્ક થતા હોઈ આમજનતા તથા યાત્રિકોને ભારે હાલાકી ભોગવવી પડે છે. અને પરીણામે નાના-મોટા અકસ્માતો થવાનો સંભવ રહે છે. જેથી આવા તહેવાર નિમીત્તે ટ્રાફીકનું નિયંત્રણ કરવું ખુબજ જરુરી બને છે.

સબબ હું, એમ. એ. ચૌહાણ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) થી મને મળેલ સત્તાની રૂઈએ તારીખ ૭મી ઓક્ટોબર, ૧૯૯૫થી તારીખ ૮મી ઓક્ટોબર, ૧૯૯૫ (બંને દિવસો સુધ્ધાંત) ડાકોર નગર પાલિકાના તમામ જકાતનાકાની અંદરના ભાગમાં ચાર પૈડાના વાહનોની પ્રવેશબંધી ફરમાવું છું.

અપવાદ:—

સરકારી વાહન, ફાયરબ્રિગેડના વાહનો, એમ્બ્યુલન્સ વાન, એસ. ટી. બસ તથા હાઈવે પરથી બારોબાર પસાર થતા વાહનોને લાગુ પડશે નહી.

શિક્ષા:—

આ હુકમનો ભંગ તથા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની, કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૬ઠ્ઠી ઓક્ટોબર, ૧૯૯૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

એમ. એ. ચૌહાણ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા.

---



Supple. C. G. I-Extra—164/1

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 165

REGISTERED No. G-BA-14-E

(C)

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

Vol. XXXVI ] TUESDAY, OCTOBER 10, 1995 / ASVINA 18, 1917

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART I

# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ ૧૪૪ અન્વયેનો હુકમ.

નંબર એમ. એ. જી. / એસ.એસ.સી. / પરીક્ષા / ૧૦/૯૫.—આગામી તારીખ ૪ થી ઓકટોબર, ૧૯૯૫ થી તારીખ ૧૮મી ઓકટોબર, ૧૯૯૫ સુધી જિલ્લાના હિંમતનગર, ઈડર, ભીલોડા, મોડાસા, અને તલોદ મુકામે આવેલા પરીક્ષા કેન્દ્રો ઉપર એસ. એસ. સી. તથા એચ. એસ. સી. પરીક્ષાઓ લેવાનાર છે. જેથી આ તમામ પરીક્ષા કેન્દ્રો ઉપર ગેરરીતિઓ / ચોરીઓ થતી અટકે તથા પરીક્ષાલક્ષી સાહિત્યનું ઝેરોક્ષ કામ ન થાય તે માટે આ બદી અટકાવવી અત્યંત જરુરી અને જાહેર હિતમાં આવશ્યક છે. ભૂતકાળમાં ઝેરોક્ષ સેન્ટેરને દ્વારા પરીક્ષામાં ચોરીઓ કરાવવાના કિસ્સાઓ બનેલા છે. જેથી આવા કિસ્સાઓ બનતા અટકાવવા સારુ ઉપરોકત સ્થળોએ આવેલા તમામ ઝેરોક્ષ સેન્ટરો બંધ કરાવવા જરુરી છે. જેથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ ૧૪૪ અન્વયે પ્રતિબંધિત હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે હું કે, શ્રીનિવાસ આઈ. એ. એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા, હિંમતનગર મને પુરેપુરો સંતોષ થયેલ છે કે ઉપરોકત ગેરરીતિઓ અટકાવવા માટે ઉપરોકત અધિનિયમ હેઠળ મળેલ સત્તાની રુએ સાબરકાંઠા જિલ્લાના નીચે જણાવેલ પરીક્ષાના તમામ કેન્દ્રોના શહેરો/ગામમાં આવેલ તમામ ઝેરોક્ષ સેન્ટરો તારીખ ૪ થી ઓકટોબર, ૧૯૯૫ થી ૧૮મી ઓકટોબર, ૧૯૯૫ ના સમય દરમ્યાન કેન્દ્રની સામે જણાવેલ સમય પુરતા બંધ રાખવા.

સ્થળ : (એસ.એસ.સી. પરીક્ષા માટે )

| | | સમય | |
|---|---|---|---|
| ૧ | હિંમતનગર શહેર | ૧૦-૩૦ થી ૧૩-૩૦ | ૪-૧૦-૧૯૯૫ |
| | તથા- | ૧૪-૩૦ થી ૧૭-૩૦ | થી |
| | | | ૧૮-૧૦-૧૯૯૫ |
| ૨ | ઈડર શહેર | ૧૦-૩૦ થી ૧૩-૩૦ | ૪-૧૦-૧૯૯૫ |
| | | | થી |
| | | | ૧૧-૧૦-૯૫ |
| ૩ | ભીલોડા શહેર | ૧૦-૩૦ થી ૧૩-૩૦ | ,, |
| ૪ | મોડાસા | ૧૦-૩૦ થી ૧૩-૩૦ | ,, |
| ૫ | તલોદ | ૧૦-૩૦ થી ૧૩-૩૦ | ,, |

આ હુકમનો ભંગ કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૯૫ ની કલમ ૧૩૫ (૧), તથા ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષા પાત્ર થશે.

આજ તારીખ ૨૯મી સપ્ટેમ્બર, ૧૯૯૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

કે. શ્રીનિવાસ,
જિલ્લા મજીસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિંમતનગર

---



INDEX

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

Extra No. 166. REGISTERED No.G-BA 14-E

C

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

Vol. XXXVI ] WEDNESDAY, OCTOBER 11, 1995 / ASVINA 19, 1917

**Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation**

# PART I

# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭ (૧) (છ) અન્વયે.

ક્રમાંક પોલ / જાહેરનામા / વશી / ૩૬૫૬/૯૫.— આગામી તારીખ ૪થી ઓકટોબર, ૧૯૯૫ થી તારીખ ૧૭મી ઓકટોબર, ૧૯૯૫ ના સમય દરમ્યાન માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા તેમજ ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાઓને ધ્યાનમાં રાખી ઝેરોક્ષ મશીનોનો ઉપયોગ પરીક્ષામાં ગેરરીતીઓ ન થાય તે માટે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના સંખેડા, છોટાઉદેપુર, પાદરા, ડભોઈ, તાલુકામાં આવેલ પરીક્ષા કેન્દ્રોના તમામ ઝેરોક્ષ મશીનો તારીખ ૪થી ઓકટોબર, ૧૯૯૫ થી તારીખ ૧૭મી ઓકટોબર, ૧૯૯૫ સુધી સવારના કલાક ૧૦-૦૦ થી સાંજના કલાક ૧૮-૦૦ સુધી બંધ રાખવા અત્રેના નંબર / પોલ / જાહેરનામા / વશી / ૩૫૩૩/૯૫, તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૧૯૯૫ થી કરવામાં આવેલ જે જાહેરનામા ફેરફાર કરી હવે તારીખ ૪થી ઓકટોબર, ૧૯૯૫ થી તારીખ ૯ મી ઓકટોબર, ૧૯૯૫ ના કલાક ૧૦--૦૦ થી ૧૮--૦૦ સુધી અમલમાં રહેશે.

મેં આજ તારીખ ૯મી ઓકટોબર, ૧૯૯૫ ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

જી. સી. બ્રહ્મભટ્ટ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા.

---





PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 167 REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

[ PUBLISHED BY AUTHORITY ]

Vol. XXXVI] THURSDAY, OCTOBER 12, 1995 / ASVINA 20, 1917

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART-I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### પોલિસ કમિશનર દ્વારા

જાહેરનામુ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭(૧)(૩) મુજબનો હુકમ.

ક્રમાંક એસ. બી./ઉગપક/જાહેરનામું/૬૧૩૪/૯૫.—વડોદરા શહેરમાં પોલીસ કમિશનરની હકુમત હેઠળ વડોદરા શહેરનાં નીચેના વિસ્તારોમાં જાહેર સુલેહ શાંતિ જાળવવાની જરૂરી જણાઇ છે.

વાસ્તે હું, હીરાલાલ (આઇ. પી. એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર, મુંબઇ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમની કલમ-૩૭(૧) (૩) મુજબ થી મને મળેલ અધિકારની રૂએ હુંફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧૨મી ઓકટોબર ૧૯૯૫નાં કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૬મી ઓકટોબર ૧૯૯૫ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે વ્યકિતઓ ભેગા થવું નહીં અગર સભા ભરવી કે બોલાવવી નહી તેમજ સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર —વડોદરા શહેર પોલીસ કમિશનર, હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

ખુલાશો —રસ્તાની ફુટપાથનો પણ આમાં સમાવેશ થાય છે.

અપવાદ.—આ હુકમમાંથી જેઓને અત્રેની કચેરીએથી ધાર્મિક વરઘોડાની પરવાનગી તેમજ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ લગ્નના વરઘોડા અને સ્મશાનયાત્રાને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૯૬૦ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૧મી ઓકટોબર ૧૯૯૫ના રોજ મારી સહી કરી સીક્કો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર, વડોદરા શહેર.

---

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧નાં ૨૨માં અધિનિયમની કલમ-૩૩(૧) (યુ) અન્વયે કાઢેલો હુકમ.

ક્રમાંક એસ.બી,/ઉગપક/જાહેરનામું/૬૧૪૪/૯૫.—મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૩૩ ની પેટા-કલમ (૧) (યુ) ની મળેલ અધિકારની રુએ હું હીરાલાલ ( આઇ. પી. એસ. ), પોલીસ કમિશનર, વડોદરા શહેર આથી નીચે પ્રમાણે હુકમ કરું છું.



INDEX

(૧) વડોદરા શહેરમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પ્રદર્શન ગ્રાઉન્ડ આવા જે જે જાહેર જગ્યાએ ફટાકડા, દારુખાનું વેચવાની દુકાનો નાખવાં માટેની પરવાનગી આપેલ હોય, તેવા વિસ્તારની, ચારેય બાજુ ૧૦૦ મીટર વિસ્તાર ;

(૨) જાહેર માર્ગો ઉપર વાહન વ્યવહારને અડચણ ન થાય અથવા તો દારૂખાનું ફોડવાથી રાહદારીઓને ઈજા કે નુકશાન ન પહોંચે તેવાં વિસ્તારમાં ;

(૩) કોઇ ધાર્મિક સ્થાનો નજીકનાં ૧૦૦ મીટર વિસ્તારમાં ;

(૪) પેટ્રોલ જેવા અથવા સળગી ઉઠે તેવાં પદાર્થોથી રસાયણીક કારખાનાઓ આવેલ હોય તેવાં વિસ્તારનાં ૧૦૦ મીટર વિસ્તાર ;

(૫) હોસ્પીટલ કે શાળા કોલેજ શૈક્ષણિક કાર્ય કરતી સંસ્થાઓની આસપાસનાં ૧૦૦ મીટર વિસ્તારમાં કોઈપણ ઈસમે કોઈપણ જાતનું દારૂખાનું ફોડવું નહી, કે તેવું નિર્દેષણ કરવું નહીં ;

છાણી જવાહર નગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ ગુજરાત રીફાઈનરી નજીક આવેલ કરચીયા ગામ તથા આઇ. પી. સી. એલ., નજીક આવેલ ધનોરા ગામ અને જી. એસ. એફ. સી. કંપનીનાં કંપાઉન્ડ વોલની અંદર ૫૦૦ મીટરના ઘેરાવમાં કોઈપણ ઈસમે હવાઇ રોકેટ અથવા આકાશ તરફ જે ઉડે તેવાં દારૂખાના કે ફટાકડા ફોડવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

સીટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ હરણી એરોડ્રામની ફરતી ફેન્સીંગ તારની વાડથી ૫૦૦ મીરટર નાં ઘેરાવામાં કોઈપણ ઈસમે હવાઇ રોકેટ કે જે આકાશ તરફ ઉડે તેવાં ફટાડકડા કે દારૂખાનું ફોડવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમ વિરુધ્ધ બોમ્બે પોલીસ એકટની જોગવાઇ અનુસાર શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે.

આ હુકમનો અમલ તારીખ ૧૩મી ઓકટોબર ૧૯૯૫ થી કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૭મી ઓકટોબર ૧૯૯૫નાં કલાક ૨૪-૦૦ સુધી ચાલુ રહેશે.

મેં આજરોજ તારીખ ૧૨મી ઓકટોબર ૧૯૯૫નાં રોજ મારી સહી કરી સીક્કો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર, વડોદરા શહેર.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 168 REGISTERED No. G-[illegible]

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

Vol. XXXVI ] FRIDAY, OCTOBER 13, 1995 / ASVINA 21, 1917

**Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation**

## PART I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણે લીધા :—

૧. આવશ્યક ચીજવસ્તુઓના કાળાબજાર થતા અટકાવવા અને પુરવઠો જાળવી રાખવા બાબત અધિનિયમ-૧૯૮૦.

૨. આ કચેરીના હુકમ નં. પુરવઠા / તપસ/અટક/૧૦૬૯/૯૫ નં. પુરવઠા /તપસ/એટક/૧૦૭૧/૯૫, નં પુરવઠા/તપસ/અટક/ ૧૦૭૩/૯૫, નં. પુરવઠા/તપસ/અટક/૧૦૭૫/૯૫,તારીખ ૨૨મી ઓગસ્ટ ૧૯૯૫.

૩. જિલ્લા પોલીસ અધિકારીશ્રી, ખેડા(ઉ) ના પત્ર ક્રમાંક :અટકાયતી ૬૦/૧૯૯૫, તારીખ ૫મી સપ્ટેમ્બર ૧૯૯૫.

જાહેરનામું

ક્રમાંક પુરવઠા/અટક/વશી/ ૧૧૩૫ થી ૧૨૭૫.—અમદાવાદ શહેર ૧૪, સિધ્ધચક્ર, નરસિહનગર સોસાયટી, નારણપુરા ચાર રસ્તાના રહીશ શ્રી પારસ શાંતીલાલ સાવલા મેનેજીંગ ડીરેકટરશ્રી અરીહંત પેટ્રોલીયમ પ્રા. લી. મહીજ, તા. મહેમદાવાદ, જિ ખેડા, શ્રી મનોજ શાંતિલાલ સાવલા ડીરેકટરશ્રી અરિહંત પેટોલીયમ પ્રા. લી., મહીજ, તા. મહેમદાવાદ, જિ. ખેડા, શ્રી શાંતિલાલ મુળજીભાઈ સાવલા ડીરેકટરવિશતે ઓઈલ ટેક લી. સાબરમતી, અમદાવાદ તથા ૧૫. સ્વપ્નલોક લો ગાર્ડન અમદાવાદ ના રહીશ શ્રી લક્ષ્મીચંદ શામજીભાઈ છેડા, ડીરેકટર અરીહંત પેટ્રોલીયમ પ્રા. લી. મહીજ, તા. મહેમદાવાદ, જિ. ખેડાનાઓને આવશ્યક ચીજવસ્તુઓના કાળાબજાર થતા અટકાવવા અને પુરવઠો જાળવી રાખવા બાબત અધિનિયમ-૧૯૮૦ ની કલમ-૩(૨) હેઠળ અટકાયતના હુકમો ઉપર મુજબના આમુખ ક્રમાંક (૨)માં વંચાણે લીધેલ તારીખ ૨૨મી ઓગસ્ટ ૧૯૯૫ના હુકમોથી કરવામાં આવેલ છે.

શ્રી પારસ શાંતિલાલ સાવલા, શ્રી મનોજ શાંતિલાલ સાવલા, શ્રી લક્ષ્મીચંદ શામજીભાઈ છેડા તથા શ્રી શાંતીલાલ મુળજીભાઈ સાવલાનાઓને ઉપરોકત હુકમો બજાવવા માટે જિલ્લા પોલીસ અધિકારીશ્રી, ખેડા (ઉ) ને તારીખ ૨૨મી ઓગસ્ટ ૧૯૯૫ના રોજ મોકલવામાં આવેલ છે. પરંતુ અટકાયતીઓ ફરાર થઈ જતાં હુકમો બજી શકેલ નથી. તેવો રીપોર્ટ ઉપરના આમુખ(૩)માં વંચાણે લીધેલ, તારીખ ૫મી સપ્ટેમ્બર ૧૯૯૫માં જિલ્લા પોલીસ અધિકારીશ્રી ખેડા, (ઉ) તરફથી લખાઈ આવેલ છે કે પો.સ.ઈ. એલ. સી. બી. પો સ.ઈ. મહેમદાવાદ તેમજ ખેડા તરફથી મજકુર શ્રી પારસ શાંતિલાલ સાવલા, શ્રી મનોજ શાંતિલાલ સાવલા, શ્રી લક્ષ્મીચંદ શામજીભાઈ છેડા તથા શ્રી શાંતિલાલ મુળજીભાઈ સાવલાની અટકાયત કરવા માટે તેઓના રહેઠાણ ઉપર, ઉઠક-બેઠક ઉપર તેમજ અવર-જવર તેમજ અમદાવાદની આજુબાજુ તેઓના પેટ્રોલપંપે ખાનગી રાહે વોચ ગોઠવી તેમજ ગાંધીનગર, નારણપુરા, નવરંગપુરા, વડોદરા, મકરપુરા, કંજરી વિગેરે રહેઠાણના તથા તેઓના સગા સબંધીઓના ઘરે તપાસ કરવા છતાં તેઓ મળી શકેલ નથી. તેથી અટકાયતી

હુકમોની બજવણી થઈ શકેલ નથી. તેથી મજકુર અટકાયતીઓને ભાગેડું જાહેર કરવા જાણ કરેલ છે.

સબબ શ્રી પારસ શાંતિલાલ સાવલા, શ્રી મનોજ શાંતિલાલ સાવલા, શ્રી લક્ષ્મીચંદ શામજીભાઈ છેડા તથા શ્રી શાંતિલાલ મુળજીભાઈ સાવલા, રહે. અમદાવાદનાને આવશ્યક ચીજવસ્તુઓના કાળાબજાર થતા અટકાવવા અને પુરવઠો જાળવી રાખવા બાબતના અધિનિયમ-૧૯૮૦ હેઠળ અટકાયત કરવા પ્રયત્ન કરવામાં આવેલ છે. છતાં હજુ સુધી મજકુર અટકાયતીઓ મળી આવેલ નથી અને ધરપકડ ટાળવાના ઈરાદાથી અજ્ઞાતસ્થળે જતા રહેલ છે. અને ભાગતા ફરતા રહે છે. તેથી આવશ્યક ચીજવસ્તુઓના કાળાબજાર થતા અટકાવવા અને પુરવઠો જાળવી રાખવા બાબતના અધિનિયમ-૧૯૮૦ની કલમ ૭(એ) મુજબ ક્રીમીનલ પ્રોસીઝર કોડ-૧૯૭૩ ની કલમ-૮૨ હેઠળ શ્રી પારસ શાંતીલાલ સાવલા, શ્રી મનોજ શાંતિલાલ સાવલા, શ્રી લક્ષ્મીચંદ શામજીભાઈ છેડા તથા શ્રી શાંતિલાલ મુળજીભાઈ સાવલા, રહે. અમદાવાદનાઓને આથી ફરારી/ભાગેડું જાહેર કરવામાં આવે છે.

શ્રી પારસ શાંતિલાલ સાવલા, શ્રી મનોજ શાંતિલાલ સાવલા, શ્રી લક્ષ્મીચંદ શામજીભાઈ છેડા તથા શ્રી શાંતિલાલ મુળજીભાઈ સાવલા રહે. અમદાવાદનાઓને આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦(ત્રીસ) દિવસમાં જિલ્લા પોલીસ અધિકારીશ્રી ખેડા (ઉ) સમક્ષ હાજર થવું. જો ઉકત સમયમાં હાજર નહી થાય તો ક્રીમીનલ પ્રોસીઝર કોડ-૧૯૭૩ની કલમ-૮૩ હેઠળ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

આજ તારીખ ૧૨મી સપ્ટેમ્બર ૧૯૯૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આ જાહેરનામું બહાર પાડયું.

પી. ડી. વાઘેલા,
જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 169

REGISTERED No. G-BA-1-E

©

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

Vol. XXXVI ] THURSDAY, OCTOBER 19, 1995 / ASVINA 27, 1917

**Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation**

# PART I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (મુંબઇ અધિનિયમ ૨૨માંની) કલમ-૩૭ (૧) અન્વયેનો.

વિષય : દિવાળી, બેસતુવર્ષ, ભાઈબીજના તહેવારો અંગે જાહેર શાંતિ માટે હથીયારબંધી ફરમાવવા બાબત.

નંબર પીઓએલ-કા. વ્ય.૧૯૯૩/૯૫.—આગામી તારીખ ૨૩મી ઓકટોબર ૧૯૯૫ થી તારીખ ૨૭મી આોકટોબર ૧૯૯૫ ના રોજ અનુક્રમે દિવાળી, બેસતુવર્ષ અને ભાઈબીજના તહેવાર આવતા હોવાથી આમ જનતાની અવર જવર તથા ઘણા સ્થળોએ લોકો એકઠા થવાની સંભાવના છે. જેથી જાહેર શાંતિ અને સલામતી જાળવવા માટે નીચેનો હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે હું એમ. એ. ચૌહાણ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂએ આથી સમગ્ર ખેડા જિલ્લામાં તારીખ ૨૩મી ઓકટોબર ૧૯૯૫ થી તારીખ ૨૭મી ઓકટોબર ૧૯૯૫ (બંને દિવસો સુધ્ધાંત) સુધી તેમના નીચેના કૃત્યો કરવાની મનાઇ ફરમાવું છું.

૧. હથીયાર, તલવાર, ભાલા, ધોકા, બંદૂક, છરા, લાકડી કે લાઠી સળગતી મશાલ અથવા બીજા હથીયારો કે જેનાથી શારીરિક ઇજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.

૨. કોઇપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું.

૩. પત્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેકવાના કે ધકેલવા યંત્રો અથવા સાધનો લઇ જવા, એકઠા કરવા તથા તૈયાર કરવાનું.

૪. મનુષ્ય અથવા શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાનું.

૫. અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઇરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું તથા અશ્લીલ ગીતો ગાવાનું.

૬. જેનાથી સુરૂચિ અથવા નીતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું અથવા તેવા હાવભાવ અગર ચેષ્ટા કરવાનું તથા તેવા ચિત્રો પત્રિકાઓ અથવા બીજા કોઇ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું, બતાવવાનું અથા તેનો ફેલાવો કરવાનું,

અપવાદ : આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

૧. સરકારી નોકર કે કામ કરતી કોઇ વ્યકિત કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઇ હથીયાર લઇ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઇ હથીયાર લઇ જવાની જેની ફરજ હોય.

૨. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસ અધિકારીશ્રી તથા તેમણે અધિકૃત કરેલ કોઇપણ પોલીસ અધિકારીશ્રી કે જેને શારીરીક અશકિતને કારણે લાકડી કે લાઠી લઇ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

આ જાહેરનામાના કોઇપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૬મી ઓકટોબર ૧૯૯૫ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

એમ. એ. ચૌહાણ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા.



PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 170

REGISTERED No. G-BA-14-E

(C)

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

Vol. XXXVI ] FRIDAY, OCTOBER 20, 1995 / ASVINA 28, 1917

**Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation**

# PART I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ની કલમ-૩૩(૫)(૨) મુજબનું.

ક્રમાંક એસ. બી/ઉગપક/જાહેરનામું/૬૨૦૮/૯૫.—વડોદરા શહેરમાં આનંદપ્રમોદ અને સહેલગાહ માટે સુરસાગર તળાવમાં નાગરિકો નૌકા વિહાર કરે છે. પરંતુ તાજેતરમાં નૌકા વિહાર દરમ્યાન થયેલ હોડી હોનારતના બનાવના કારણે નૌકા વિહાર માનવજીવનની સલામતી માટે ભયરૂપ અને જોખમી બનેલ છે.

જેથી જાહેર જનતાની સલામતી અંગે સુરસાગર તળાવમાં નાગરિકો કે અન્ય સંસ્થાઓ દ્વારા થતા નૌકા વિહારના તથા અન્ય કાર્યક્રમો ઉપર નિયંત્રણ મુકવું ખુબ જરૂરી હોય. વડોદરા શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં મુંબઇ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ની કમ-૩૩ (૫)(૨) મુજબ મને મળેલ અધિકારની રૂએ હું હીરાલાલ .(આઇપીએસ) પોલીસ કમિશનર, વડોદરા શહેરનાઓ જાહેર જનતાની સલામતી અર્થે આથી ફરમાવું છું કે,

વડોદરા શહેરનાં સુરસાગર તળાવની ચતુ઼ર્સીમા વિસ્તારમાંથી કોઈપણ ઇસમો, સંસ્થા કે વ્યકિતઓનાં જુથે નૌકા/ બોટ/મોટરબોટ કે પાણી ઉપર ચાલતા કોઈપણ વાહન સુરસાગર તળાવમાં રાખી ઉતારી પોતાના માટે કે જાહેર જનતા માટે વિના મૂલ્યે કે મૂલ્ય લઇ નૌકા વિહાર કે પાણીના અન્ય કોઈ કાર્યક્રમ કરવા કે કરાવવાની તારીખ ૧૮મી ઓકટોબર ૧૯૯૫ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૮મી એપ્રિલ ૧૯૯૬ ના ૨૪-૦૦ સુધી એટલે કે ૬ માસ સુધી બંધી ફરમાવું છું.

અપવાદ : આ હુકમમાંથી સુરસાગર તળાવમાં ડૂબતા કે તણાતા વ્યકિતઓને બચાવવા અંગેની ફરજ બજાવતા ફાયર બ્રિગેડના લશ્કરો તથા પોલીસ / હોમગાર્ડ માણસો અને તરવૈયાને તેમજ એન. સી. સી.કેડેટ બોટીંગ ટ્રેનિંગ માટે તથા મોન્ટર્સ માટે તથા મોન્ટર્સ સંસ્થા બોટીંગ તેમજ બચાવ કામગીરીની તાલીમ માટે મુકિત આપવામાં આવે છે.

આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમ વિરૂધ્ધ બોમ્બે પોલીસ એકટ કલમ-૧૩૧ની જોગવાઇ અનુસાર શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે.

મેં આજ તારીખ ૧૭મી ઓકટોબર ૧૯૯૫ ના રોજ મારી સહી કરી સિકકો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.



PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 171 REGISTERED No. G-BA-14-E

C

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

Vol XXXVI ] THURSDAY, OCTOBER 26, 1995 / KARTIKA 4, 1917

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as separate compilation

## PART-I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ.

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૩ (૧) ની અન્વયેનો.

નંબર પીઓએલ-વશી-૨૦૧૩.—તારીખ ૨૫મી ઓકટોબર ૧૯૯૫ ના રોજ રણછોડજી મંદિર ડાકોર ખાતે અનકોટ લુટવાનો તહેવાર ઉજવવામાં આવનાર હોય આ તહેવાર દરમ્યાન ઘણા મોટા પ્રમાણમાં ભાવિક ભકતો અને યાત્રિકો ગુજરાતભરમાથી આવતા હોય છે અને આડેધડ વાહનો પાર્ક થતા હોઈ આમ જનતા તથા યાત્રિકોને ભારે હાલાકી ભોગવવી પડે અને પરિણામે નાના મોટા અકસ્માતો થવાનો સંભવ રહે છે. જેથી આવા તહેવાર નિમિત્તે ટ્રાફીકનું નિયંત્રણ કરવું ખુબજ જરૂરી છે.

સબબ હું, એમ. એ. ચૌહાણ, અધિક જીલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ ની (૧) થી મને મળેલ સત્તાની રૂએ તારીખ ૨૫મી ઓકટોબર ૧૯૯૫ ના રોજ ડાકોર નગરપાલીકાના તમામ જકાત નાકાની અંદરના ભાગમાં ચાર પૈડાના વાહનોની પ્રવેશબંધી ફરમાવું છું.

અપવાદ : સરકારી વાહન, ફાયરબ્રીગેડના વાહનો, એમ્બ્યુલન્સ વાન એસ. ટી. બસ તથા હાઈવે ઉપરથી બારોબાર પસાર થતા વાહનોને લાગુ પડશે નહી.

શિક્ષા : આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૮મી ઓકટોબર ૧૯૯૫ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

એમ. એ. ચૌહાણ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા.



Supple. C. G. I-Extra—171/1

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 172 REGISTERED No. G-BA-14-E

(C)

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

Vol. XXXVI ] THURSDAY, OCTOBER 26, 1995 / KARTIKA 4, 1917

**Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation**

# PART I

# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ ૧૪૪ અનુસાર. કાઢેલો હુકમ.

નંબર એમએજી/પરીક્ષા/એલએઓ/૧૦/૯૫.—તારીખ ૧૬મી ઓકટોબર ૧૯૯૫ થી તારીખ ૨જી નવેમ્બર ૧૯૯૫ સુધી સરકારી પોલીટેકનીક કોલેજ હિંમતનગર ખાતે ડીપ્લોમાં અભ્યાસક્રમની પરીક્ષાઓ યોજાનાર છે. સદરહું પરીક્ષામાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ પરીક્ષા આપવા બેસનાર છે.

સરકારી પોલીટેકનીક કોલેજ, હિમતનગર ખાતે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ પરીક્ષાઓ આપવા બેસનાર છે. પરીક્ષા આપવા આવેલ વિદ્યાર્થીઓને ખલેલ પહોંચવા તેમજ અડચણ ત્રાસ આપવા અથવા ઈજા થવાનો સંભવ છે. આથી આ અટકાવવા માટે ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૧૪૪ અનુસાર પગલાં લેવાને પુરતા અને વ્યાજબી કારણો છે. અને મારો અભિપ્રાય છે.

વાસ્તે હું શ્રી એમ. એ. પટેલ, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, હિમતનગર ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હું ફરમાવું છું કે,

સરકારી પોલીટેકનીક કોલેજ, હિમતનગર પરીક્ષા કેન્દ્ર ખાતે ૧૦૦ મીટરના વિસ્તારમાં પાંચ કે તેથી વધુ વ્યકિતઓએ એકઠા થવું નહી, ઉભા રહેવું નહી કે સભાઓ ભરવી નહી. પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટરના વિસ્તારમાં સરઘસ કાઢવું નહી કે સુત્રો પોકારવા નહી.

અપવાદ :

આ હુકમ ફરજ ઉપરના અધિકારીશ્રીઓ કર્મચારીઓ અને પરીક્ષાની કામગીરીમાં રોકાયેલ કર્મચારીઓ તથા પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થીઓને લાગુ પડશે નહી.

આ હુકમ તારીખ ૧૬મી ઓકટોબર ૧૯૯૫ ના ૧૦-૩૦ કલાકેથી પરીક્ષાઓ પુરી થાય ત્યાં સુધીના સમય દરમ્યાન અમલમાં રહેશે.

આ હુકમ આજ તારીખ ૧૦મી ઓકટોબર ૧૯૯૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી બહાર પાડયો.

એમ. એ. પટેલ,
એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
હિમતનગર.



Supple. C. G. I.-Extra—172/1

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 173 REGISTERED No.G-BA-14E

(C)

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI ] MONDAY, OCTOBER 30, 1995 / KARTIKA 8, 1917

**Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation**

## PART I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### કલેક્ટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનીજ નિયમો, ૧૯૬૬.

નંબર ઉમકવલ/એજીબીએલ/ક્યુએલ/રીગ્રાન્ટ/૯૫.—વલસાડ જીલ્લામાં નીચેની વિગતે દર્શાવેલ ક્વોરીલીઝના વિસ્તારો આ જાહેરસામું પ્રસિધ્ધ થયા તારીખીથી ૩૦ (ત્રીસ) દિવસ પછી જાહેર જનતા માટે ફરીથી ઉપલબ્ધ જાહેર કરવામાં આવે છે.

| અનુ. નંબર | અગાઉ જેના નામે મંજુર થયેલ | ખનીજ | તાલુકો | ગામ | સર્વે નંબર/બ્લોકનંબર | મંજૂર થયેલ વિસ્તાર હેક્ટરમાં | ઉપલબ્ધ વિસ્તાર હેક્ટરમાં |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | શ્રી હરેશભાઈ એલ. પટેલ | સા રેતી | ધરમપુર | અરણાઈ | ૧૦૪, ૧૩૧ ને લાગુ પાર નદી | ૦ ૫૦ ૦૦ | ૦ ૫૦ ૦૦ |
| ૨ | શ્રી લખમાભાઈ કાનુભાઈ ગારીય | ,, | ,, | મળીમધની | ૭૧ની સામે પાર નદી | ૧ ૦૦ ૦૦ | ૧ ૦૦ ૦૦ |
| ૩ | શ્રી સતીશ આઈ. મોદી | ,, | ,, | કંરજવેરી | ૬૦૮, ૨૪૯, ૨૨૨ની સામે નદી ૫ | ૨ ૦૦ ૦૦ | ૨ ૦૦ ૦૦ |
| ૪ | શ્રી માહમુદ આદમ શેખ | ,, | ,, | રાજપુરી જંગલ | ૪૪, ૪૫, ૪૮ સી સામે માન નદી પટ | ૧ ૦૦ ૦૦ | ૧ ૦૦ ૦૦ |
| ૫ | શ્રી કિશોર પી. પારડીવાલા | ,, | ,, | ઓઝર | ૨૬૯, ૨૭૦ ની સામે રાતી ખાડી | ૧ ૦૦ ૦૦ | ૧ ૦૦ ૦૦ |
| ૬ | શ્રી વજીરભાઈ એન. પટેલ | ,, | ,, | ખરેડી | ૧૨ ને લાગુ અંબાઈ નદી | ૦ ૬૬ ૦૦ | ૦ ૬૬ ૦૦ |
| ૭ | શ્રી મહમદ હનીફ ગુલામ મોટરવાલા | ,, | ગણદેવી | ખખવાડ | ૩૯૫ ની સામે અંબિકા નદી પટ | ૦ ૫૨ ૦૦ | ૦ ૫૨ ૦૦ |
| ૮ | શ્રી દલપતભાઈ એમ. ઓડ | ,, | ,, | ખખવાડા | ૩૯૬, ૩૯૫મી સામે અંબિકા નદી નદી પટ | ૦ ૫૨ ૦૦ | ૦ ૫૦ ૦૦ |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
|---|---|---|---|---|---|---|---|
| ૯ | શ્રી વલ્લભભાઇ જી. ઓડ | સા.રેતી | ગણદેવી | વલોટી | ૩૯૦ની સામે અંબિકા નદી પટ | ૧ ૦૦ ૦૦ | ૧ ૦૦ ૦૦ |
| ૧૦ | શ્રી હરીશભાઇ ગેમલભાઇ ઓડ | ,, | ,, | અજરાઇ | ૧૯૪, ૧૯૭, ૧૯૮, ૨૦૯, ૨૧૦, ૨૧૪ની સામે અંબિકા નદી પટ | ૧ ૦૦ ૦૦ | ૧ ૦૦ ૦૦ |
| ૧૧ | શ્રી લક્ષ્મણભાઇ મહીજીભાઇ ઓડ | ,, | પારડી | સારણ | ૧૯૫ ને લાગુ કોલક નદી પટ | ૦ ૨૫ ૦૦ | ૦ ૨૫ ૦૦ |
| ૧૨ | શ્રી રામદાસ એમ. માંગેલ | ,, | ,, | શોંઢલવાડાં | ૪૪ને લાગુ પાર નદી પટ | ૦ ૭૦ ૦૧ | ૦ ૭૦ ૦૦ |
| ૧૩ | શ્રી ભગવાનભાઇ જી. ટંડેલ | ,, | ,, | ચંડોર | ૧૨૯ ને લાગુ દમણગંગા નદી પટ | ૧ ૦૦ ૦૦ | ૧ ૦૦ ૦૦ |
| ૧૪ | શ્રી રમણભાઇ ડાહયાભાઇ પટેલ | ,, | ,, | ગોઇમા | ૯૪૨, ૯૪૪, ૯૪૫નો સામે કોલમ નદી પટ | ૦ ૪૦ ૦૦ | ૦ ૪૦ ૦૦ |
| ૧૫ | શ્રી સવિતાબેન સી. ઓડ | ,, | ચીખલી | હોન્ડ | ૧૪૦૭ને લાગુ કાવેરી નદી | ૧ ૦૦ ૦૦ | ૧ ૦૦ ૦૦ |
| ૧૬ | શ્રી અશોકભાઇ કે. ઓડ | ,, | ,, | હોન્ડ | ૧૪૦૦ થી ૧૪૦૪ ની સામે કાવેરી કાવેરી નદી | ૩ ૬૦ ૦૦ | ૩ ૬૦ ૦૦ |
| ૧૭ | શ્રી અલીભાઇ અહમદ ઘાટી | ,, | ,, | હરણગામ | ૧૦૬૬, ૧૦૬૭, ૧૦૬૯ ની સામે કાવેરી નદી પટ | ૦ ૬૪ ૦૦ | ૦ ૬૪ ૦૦ |
| ૧૮ | શ્રી અસરફઅલી એમ. મોતાલા | ,, | નવસારી | સુહુડી | ૨૨૧, ૧૬૫, ૧૬૪ની સામે અંબિકા નદી | ૨ ૦૦ ૦૦ | ૨ ૦૦ ૦૦ |
| ૧૯ | શ્રી નારણભાઇ એસ. ઓડ | ,, | ,, | તવડી | ૭૭૧ નીસામે પુર્ણા નદી પટ | ૧ ૦૦ ૦૦ | ૧ ૦૦ ૦૦ |
| ૨૦ | શ્રી મણીબેન જી. પટેલ | ,, | ,, | સુપા | ૩૬૩ ની સામે પુર્ણા નદી | ૦ ૫૦ ૦૦ | ૦ ૫૦ ૦૦ |
| ૨૧ | શ્રી ભગુભાઇ મંછુભાઇ પટેલ | ,, | વલસાડ | કાજણ રણછોડ | ૯૬૬, ૯૭૩, ૯૭૫, ૯૭૬ની સામે આરંગા નદી પટ | ૧ ૦૦ ૦૦ | ૧ ૦૦ ૦૦ |
| ૨૨ | શ્રી જગુભાઇ મગનભાઇ નાયકા | ,, | ,, | ઠક્કરવાડા | ૨૫૩, ૨૫૪, ૨૫૫ ની સામે આરંછા નદી પટ | ૦ ૭૨ ૫૦ | ૦ ૭૨ ૫૦ |
| ૨૩ | શ્રી વલ્લભભાઇ કીકાભાઇ પટેલ | ,, | ,, | મરલા | ૧૨, ૧૩, ૧૪ ની સામે આરંગા નદી પટ | ૦ ૪૮ ૦૦ | ૦ ૪૮ ૦૦ |
| ૨૪ | શ્રી ધનસુખભાઇ સી. પટેલ | ,, | ,, | વેલવાચ | ૩૦૧ ની સામે પાર નદી | ૧ ૩૦ ૦૦ | ૧ ૩૦ ૦૦ |

નોંધ :—ઉપરના વિસ્તારો પૈકી નદીકાંઠાથી ૧૫ મીટર બાદ કરતા જે વિસ્તાર ઉપલબ્ધ રહેશે તેટલા વિસ્તાર પરત્વે વિચારણા થઇ શકશે.

ઉપરોકત વિસ્તારો માટેની કવોરીલીટ અરજીઓ જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ (ત્રીસ) દિવસ પછીના કચેરીના કામકાજના દિવસથી સ્વીકારવામાં આવશે તે પહેલા મળેલી તમામ અરજીઓ રદબાત ગણાશે.

વલસાડ, તારીખ ૧૭મી ઓકટોબર ૧૯૯૫.

એસ. અપર્ણા,
કલેકટર, વલસાડ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Exıra No. 174

REGISTERED No. G-BA-14--E

(C)

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

Vol. XXXVI ] WEDNESDAY, NOVEMBER 1, 1995 / KARTIKA 10, 1917

**Separate paging is given to each part of the Supplement to the Central and Central Section in order that it may be filed as a separate compilation**

## PART I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### પોલીસ કમિશનર દ્વારા

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧નાં ૨૨માં અધિનિયમની કલમ ૩૩(યુ) અન્વયે કાઢેલો.

ક્રમાંક એસ. બી./ઉંગપક/જાહેરનામું/૬૨૮૩/૯૫.—મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૩૩ની પેટા-કલમ (૧) (યુ) નીચે મળેલ અધિકારની રુએ હું હીરાલાલ ( આઇ. પી. એસ. ), પોલીસ કમિશનર, વડોદરા શહેર, આથી નીચે પ્રમાણે હુકમ કરું છું.

(૧) વડોદરા શહેરમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પ્રદર્શન ગ્રાઉન્ડ આવા જે જે જાહેર જગ્યાએ ફટાકડા, દારુખાનું, વેચવાની દુકાનો નાખવા માટેની પરવાનગી આપેલ હોય, તેવા વિસ્તારની ચારેય બાજુ ૧૦૦ મીટર વિસ્તાર.

(૨) જાહેરમાર્ગો ઉપર વાહન વ્યવહારને અડચણ ન થાય અથવા તો દારુખાનું ફોડવાથી રાહદારીઓને ઇજા કે નુકશાન ન પહોંચે તેવા વિસ્તારમાં,

(૩) કોઇ ધાર્મિક સ્થાનો નજીકનાં ૧૦૦ મીટર વિસ્તારમાં,

(૪) પેટ્રોલ જેવા અથવા સળગી ઉઠે તેવા પદાર્થોથી રસાયણિક કારખાનાઓ આવેલ હોય તેવા વિસ્તારના ૧૦૦ મીટર વિસ્તાર.

(૫) હોસ્પિટલ કે શાળા કોલેજ શૈક્ષણિક કાર્ય કરતી સંસ્થાઓની આસપાસનાં ૧૦૦ મીટર વિસ્તારમાં કોઇપણ ઇસમે કોઇપણ જાતનું દારુખાનું ફોડવું નહી. કે તેવું નિર્દેષન કરવું નહી.

છાણી જવાહર નગર, પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ ગુજરાત રિફાઇનરી નજીક આવેલ કરચીયા ગામ તથા આઇ. પી. સી. એલ., નજીક આવેલ ધનોરા ગામ અને જી. એસ. એફ સી. કંપનીના કંપાઉન્ડ વોલની અંદર ૫૦૦ મીટરને ઘેરાવામાં કોઇપણ ઇસમે હવાઇ રોકેટ અથવા આકશ તરફ જે ઉડે તેવા દારુખાનું કે ફટાકડા ફોડવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

સીટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ હરણી એરોડ્રોમની ફરતી ચેન્ચીગ તારની વાડ થી ૫૦૦ મીટરના ઘેરાવામાં કોઇપણ ઇસમે હવાઇ રોકેટ કે જે આકાશ તરફ ઉડે તેવા ફટાકડા કે દારુખાનુ ફોડવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમ વિરૂધ્ધ બોમ્બે પોલીસ એકટની જોગવાઇ અનુસાર શીક્ષાત્મક પગલાં લેવામાં આવશે.

આ હુકમનો અમલ તારીખ ૨૮મી ઓકટોબર ૧૯૯૫નાં કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૧મી નવેમ્બર ૧૯૯૫ના કલાક ૨૪-૦૦ સુધી ચાલુ રહેશે.

મેં આજ તારીખ ૨૭મી ઓકટોબર ૧૯૯૫નાં રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

હિરાલાલ,
પોલીસ કમિશનર, વડોદરા શહેર.



INDEX

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧નાં ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) (૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક એસ. બી./ઉગપક/જાહેરનામું/૬૨૮૪/૯૫.—વડોદરા શહેરમાં પોલીસ કમિશનરની હુકમત હેઠળ વડોદરા શહેરના નીચેના વિસ્તારોમાં જાહેર સુલેહ શાંતિ જાળવવાની જરૂરી જણાઈ છે.

વાસ્તે, હું હીરાલાલ ( આઈ. પી. એસ. ),પોલીસ કમિશનર, વડોદરા શહેરની મુંબઈ પોલીસ અધિનિયમ ( સને ૧૯૫૧નાં ૨૨માં ) અધિનિયમની કલમ ૩૭(૧) (૩) મુજબથી મને મળેલ અધિકારની રુએ હું ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૮મી ઓકટોબર ૧૯૯૫નાં કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૧મી નવેમ્બર, ૧૯૯૫નાં કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે વ્યકિતઓએ ભેગા થવું નહીં અગર સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ કાઈ સરઘસ કાઢવું નહીં.

વિસ્તારઃ—વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

ખુલાશોઃ—રસ્તાની ફુટપાથનો પણ આમાં સમાવેશ થાય છે.

અપવાદઃ—આ હુકમથી જેઓને અત્રેની કચેરીએથી ધાર્મિક વરઘોડાની પરવાનગી તેમજ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ લગ્નના વરઘોડા અને સ્મશાન યાત્રાને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ **અથવા** ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની **કલમ-૧૩૫** હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમની સને ૧૯૬૦ની **કલમ ૧૮૮** મુજબ શિક્ષાને પાત્ર થશે.

મેં આજરોજ તારીખ ૨૭મી ઓકટોબર, ૧૯૯૫નાં રોજ મારી સહી કરી સીક્કો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર, વડોદરા શહેર.

---

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧નાં ૨૨માં અધિનિયમની કલમ ૩૭ (૧) (બી) મુજબનો.

ક્રમાંક એસ. બી./ઉગપક/જાહેરનામું/૬૩૧૦/૯૫.—વડોદરા શહેરમાં ધાર્મિક તહેવારો આવતાં હોય શહેરમાં કેટલાંક ઈસમો, બાળકો છોકરાઓ કોમી સંવેદનશીલ વિસ્તારમાં સલામતી જોખમાય તે રીતે ક્રિકેટની રમત રમી રમાડી શેરીઓ, ગલીઓમાં કે જાહેરમાર્ગો ઉપર ટ્રાફીકને અડચણ થાય તે રીતે નો વ્યવહાર વર્તન કરતાં હોય તેના કારણે સુલેહ શાંતિ જોખમાય તેવો સંભવ હોય આથી આ કૃત્ય અટકાવવું અત્યંત જરૂરી હોય તેથી,

હું હીરાલાલ ( આઈ. પી. એસ. ), પોલીસ કમિશનર, વડોદરા શહેર મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૩૭ (૧) (બી) મુજબ મને મળેલ સત્તાની રુએ ફરમાવું છું કે, શહેરનાં પોલીસ કમિશનર વિસ્તારમાં તારીખ ૧લી નવેમ્બર, ૧૯૯૫ રોજ કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી નવેમ્બર, ૧૯૯૫ના કલાક ૨૪-૦૦ સુધી કોઈપણ ઈસમ, બાળકો, છોકરાઓ, વિગેરે સરીયામ રોડ રસ્તા કે, જાહેરમાર્ગો ગલીઓમાં ક્રિકેટની રમત રમવી કે રમાડવી નહીં અથવા તેવી કોઈ પ્રવૃત્તિ કરવી નહી.

મેં આજ તારીખ ૩૦મી ઓકટોબર, ૧૯૯૫નાં રોજ મારી સહી કરી સીક્કો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર, વડોદરા શહેર.

---

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧નાં ૨૨માં અધિનિયમની કલમ, ૩૭ (૧) અન્વયે કાઢેલો.

ક્રમાંક એસ.બી./ઉગપક/જાહેરનામું/૬૩૧૧/૯૫.—મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧નાં ૨૨માં અધિનિયમની કલમ ૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રુએ હું, હીરાલાલ ( આઈ. પી. એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર,

વડોદરા શહેરની હાલની પરિસ્થિતિને લક્ષમાં રાખી જાહેર સુલેહ શાંતિ અને સલામતિ જાળવવા સારું આથી હું ફરમાવું છું કે, વડોદરા શહેરના સમગ્ર વિસ્તાર એટલે કે પોલીસ કમિશનર વિસ્તારમાં તારીખ ૧લી નવેમ્બર ૧૯૯૫નાં કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી નવેમ્બર ૧૯૯૫નાં કલાક ૨૪-૦૦ સુધી કોઈએ,

(ક) કોઈ પ્રકારના શસ્ત્રો, તલવાર, ભાલા, લાકડી, બંદુક, જેવા સાધનો જે ચીજથી હિંસા થઈ શકે તેવી કોઈ વસ્તુ લઈ જવી કે કબજામાં રાખવી નહી;

(ખ) પથ્થરો અથવા ફેંકવાના સાધનો એકત્રિત કરવા નહી;

(ગ) કોઈ ભયાનક પદાર્થ કે, સ્ફોટક પદાર્થ લઈ જવો નહી;

(ઘ) કોઈ શબ આકૃતિ કે પુતળા દેખાડવા નહી;

(ચ) સરઘસમાં સળગતી મશાલ લઈ જવી નહી;

(છ) અપમાન કરવાનાં ઈરાદાથી કે બદનામ કરવાનાં ઈરાદાથી જાહેરમાં સુત્રો પોકારવા નહી અથવા ટોળામાં ફરવું નહી;

(જ) જેનાથી સુરૂચી અથવા ભંગ થાય તેવી ચેષ્ટા કરવી નહી તેવાં ચિત્રો કે પ્લેકાર્ડો કે પત્રિકાઓ અથવા કોઈ ચીજવસ્તુ કે પદાર્થ તૈયાર કરવા નહી અગર ફેલાવો કરવો નહી.

આ હુકમનો ભંગ (ક) નિચેની વ્યકિતઓને લાગુ પડશે નહી

૧. સરકારી નોકર કે તેવું કામ કરતી વ્યકિતઓ કે તેવું કામ ઉપરી અધિકારીએ આવું કોઈ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અગર હથિયારો લઈ જવાની ફરજ હોય તેમજ પરવાનેદાર વ્યકિતને.

૨. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અથવા અધિકૃત કરેલ કોઈ અધિકારી જેની શારીરિક અશકિતના કારણે લાકડી લઈ જવાની પરવાનગી આપેલ હોય તે વ્યકિતઓને.

મેં આજ તારીખ ૩૦મી ઓકટોબર ૧૯૯૫ના રોજ મારી સહી કરી સીક્કો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર, વડોદરા શહેર.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

INDEX

Extra No. 175

REGISTERED No. G-BA-14-E

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI ] WEDNESDAY, NOVEMBER 1, 1995 / KARTIKA 10, 1917

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART I

# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયેનું

નંબર પીઓએલ/જાહેરનામું/૩૭(૧)/૯૫.—જિલ્લામાં આગામી તારીખ૮મી ઓકટોબર ૧૯૯૫ના શરદ પુર્ણિમા તથા દિવાળીના તહેવારો આવનાર છે. જેથી સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તકેદારીના પગલાં રુપે નીચે મુજબ હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે, હું પી. કે. શાહ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો હિંમતનગર સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૧) થી મને મળેલ અધિકારની રુએ તારીખ ૭મી ઓકટોબર ૧૯૯૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૧મી ઓકટોબર ૧૯૯૫ના કલાક ૨૪-૦૦ના સુધી સમગ્ર જિલ્લામાં નીચેના કૃત્યોની મનાઇ ફરમાવું છું

૧. શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, ટોટા, બંદૂક, ચપ્પું લાઠી કે લાકડી કે જેમાંથી શારીરિક ઇજા કરી શકાય તે સાથે ફરવાનું

૨. પથ્થરો અથવા સ્ફોટક પદાર્થો સાથે ફરવાનું,

૩. પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે ફેંકવાના કે નાખવાના, ધકેલવાના શસ્ત્રો, અથવા સાધનો સાથે લઇ જવાનું ફરવાનું, કે એકઠા કરવાનું તથા તેમ કરવાનું,

૪. કોઇ સરઘસમાં જલતી કે પેટાવેલી મશાલ લઇ જવાનું,

૫. વ્યકિતઓ અથવા તેનું શબ, આકાર અથવા પૂતળા દેખાડવાનું, સુત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગીતો ગાવાનું

૬. અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઇરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું, જેનાથી સુરૂચિ અથવા નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાનો તથા હાવભાવ તથા ચેષ્ટા કરવાનું તથા સુત્રો પ્રત્રીકાઓ, પ્લેકાર્ડો અથવા તેનો ફેલાવો કરવાનું,

અપવાદ:—આ હુકમ નો ખંડ ૧, નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેના ઉપરી અધિકારીએ આવું હથિયાર લઇ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઇ હથિયાર સરકારી ફરજ બજાવવા સાથે રાખવાનું આવશ્યકતા હોય,

(૨) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, અથવા તેઓએ અધિકૃત કરેલા કોઇપણ અધિકારી જે શારીરિક અશકિતના કારણે લાકડી કે લાઠી લઇ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ

(૩) કોઇ ધાર્મિક તહેવારની ઉજવણી માટે આ જાહેરનામાંમાં ઉલ્લેખ કરેલ હોય તે પૈકીના હથિયારો, ધાર્મિક રીવાજોને અનુરૂપ ઉપયોગ કરવા માટે જિલ્લા પોલીસ અધિકારીશ્રી, અથવા તે વિસ્તારના સબ ડીવઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીએ

અગાઉથી લેખિત મંજૂરી આપી હોય તેવી સંસ્થા કે વ્યકિતઓ
(૪) ખેતીના કામે ઓજારો વિગેરે લઇ જતા ખેડૂતોને,

(૫) આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સો ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) હેઠળ ઓછામાં ઓછી ચાર માસ કે વધુમાં વધુ એક વર્ષની કેદની સજા થઇ દંડને પાત્ર થશે.

મેં આજ તારીખ ૬ઠ્ઠી ઓકટોબર ૧૯૯૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો

પી. કે. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા,
હિંમતનગર.

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ન કલમ-૩૭(૩) અન્વયેનું.

નંબર પીઓએલ/જાહેરનામું/૩૭(૩)/૯૫.—જિલ્લામાં આગામી તારીખ ૮મી ઓકટોબર ૧૯૯૫ના રોજ શરદ પૂર્ણિમાં તથા દિવાળીના તહેવારો નજીક આવનાર છે. જેથી સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તકેદારીના પગલાં રૂપે નીચે મુજબનો હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે, હું પી. કે. શાહ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-/૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂએ, આથી સાબરકાંઠા જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં તારીખ ૭મી ઓકટોબર ૧૯૯૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૧મી ઓકટોબર ૧૯૯૫ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી અથવા કોઇ સભા ભરવી કે બોલાવવી નહી તેમજ સરઘસ કાઢવું નહી.

ખુલાસો:—

આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે જેઓ સરકારી ફરજ ઉપર હોય તેઓને તથા ખેતીના ઓજારો વિગેરે લઇ જતા ખેડૂતોને લાગુ પડશે નહી. આ હુકમનો ભંગ કરનાર સને ૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ અથવા ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ના ૪૫માં અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ તે શિક્ષાને પાત્ર થશે.

મેં આજ રોજ તારીખ ૬ઠ્ઠી ઓકટોબર ૧૯૯૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો આપ્યો.

પી. કે. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા,
હિંમતનગર.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 176

REGISTERED No. G-BA-14-E

(C)

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI ] FRIDAY, NOVEMBER 3, 1995 / KARTIKA 12, 1917

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### કલેકટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬.

ક્રમાંક ઉમક-પ/જીજી/ક્યુએલ/રીગ્રાન્ટ-એક.—જે અર્થે કલેકટરશ્રી, પંચમહાલ તેમની કચેરીના આદેશ નંબર જીજી-ક્યુએલ/રી/૨૨૬૯-તારીખ ૨૭મી એપ્રિલ, ૧૯૯૨ જે અન્વયે શ્રીમતી શાંતાબેન પ્રવીણચંદ્ર પરીખ, ને મોજે ઝાંખરીયા તાલુકો હાલોલના સર્વે નંબર ૨૪/૨-અ પૈકી ૨ ૦૦ ૦૦ હેકટર વિસ્તારમાંથી કવાર્ટઝાઈટ ખનીજ કાઢવા પાંચ વરસની મુદતથી કવોરીલીઝ ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬ મુજબ તારીખ ૨૭મી એપ્રિલ ૧૯૯૨થી મંજુર કરી આપવામાં આવેલ હતું. જેનું કરારખત તારીખ ૧૧મી ફેબ્રુઆરી, ૧૯૯૦ની અસરથી પાંચ વરસની મુદત માટે કરવામાં આવેલ હતું. જેની મુદત તારીખ ૧૦મી ફેબ્રુઆરી, ૧૯૯૫ના રોજ પુરી થયેલ છે.

"પટ્ટેદારશ્રી તરફથી તેમની લીઝ રીન્યુ કરાવેલ ન હોઈ".

જેથી હવે ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬ના નિયમ-૧૮ (૧) ની હેઠળ વિસ્તાર જાહેર કરવાનો પાત્ર થતો હોઈ નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ વિગતનો વિસ્તાર આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસો બાદ ખુલ્લો જાહેર કરવામાં આવે છે જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસોની અંદર આવેલી અરજીઓ અપરિપકવ ગણવામાં આવશે.

પરિશિષ્ટ

| ગામ | તાલુકો | જિલ્લો | સર્વે નંબર | વિસ્તાર (હેકટરમાં) |
|---|---|---|---|---|
| ઝાંખરીયા | હાલોલ | પંચમહાલ | ૨૪/૨-અ પૈકી | ૨ ૦૦ ૦૦ |

ગોધરા, તારીખ ૨૭મી ઓકટોબર, ૧૯૯૫.

સી. ઓલ. મીના,
( આઈ. એ. એસ. )
કલેકટર, પંચમહાલ,
ગોધરા.



PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

INDEX

Extra No. 177 REGISTERED No. G-BA-14-E

(C)

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol XXXVI] FRIDAY, NOVEMBER 3, 1995 / KARTIKA 12, 1917

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART I

# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કરેલ.

નંબર એમએજી/વશી/૪૨૯૬/૯૫.—મહેસાણા જિલ્લાના નીચે જણાવેલ કેન્દ્રો ઉપરથી ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ દ્વારા તારીખ ૩૦મી ઓકટોબર ૧૯૯૫ થી તારીખ ૨૧મી નવેમ્બર ૧૯૯૫ સુધી પ્રથમ/ સેકન્ડ/ તૃતિયવર્ષ બી.એ. / બી. એસ. સી. / બી. કોમ. / તથા પ્રથમ/સેકન્ડ/તૃતિય વર્ષ એલ. એલ. બી.ની પરીક્ષાઓ લેવાનાર છે.

| પરીક્ષા કેન્દ્ર | પરીક્ષા સ્થળ બિલ્ડીંગનું નામ |
|---|---|
| (૧) મહેસાણા | (૧) મ્યુનિસિપલ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ |
| | (૨) શ્રી. વી. આર. પટેલ, કોલેજ ઓફ કોમર્સ |
| | (૩) શ્રી એસ. એમ. શાહ લો કોલેજ ઓફ કોમર્સ, |
| (૨) વિસનગર | (૧) એમ. એન. કોલેજ |
| | (૨) સી. સી. મહિલા આર્ટસ એન્ડ શેઠ સી. એન. કોમર્સ કોલેજ |
| (૩) પાટણ | (૧) શ્રી અને શ્રીમતિ પી. કે. કોટાવાલા આર્ટસ કોલેજ |
| | (૨) શેઠ એમ. એન. સાયન્સ કોલેજ |
| | (૩) શ્રીમતિ ટી. એસ. આર. કોમર્સ કોલેજ |
| | (૪) શેઠ એમ. એન. લો કોલેજ |
| (૪) માણસા | (૧) શેઠ એસ. ડી. આર્ટસ એન્ડ બી. આર. કોમર્સ કોલેજ |
| (૫) ઊંઝા | (૧) શ્રી વી. એસ. લો કોલેજ |

ઉપરોકત કેન્દ્રો ઉપર લેવાનાર વિવિધ પરીક્ષાઓનું સંચાલન સ્વાભાવિક રીતે શાંત અને સરળતાથી થાય તથા સદરહુ પરીક્ષાઓમાં બેસનાર પરીક્ષાર્થીઓ શાંતિથી એખલાસભર્યા વાતાવરણમાં નિર્ભયતાથી કોઈપણ જાતની ગેરરીતી કરવાના પ્રલોભનમાં દોરવાયા સિવાય પરીક્ષાઓ આપી શકે તેમજ પરીક્ષા ખંડ નિરીક્ષકો કોઈપણ જાતના ભય અને ત્રાસ વગર નિરીક્ષણ કાર્ય કરી શકે અને અશાંત પરિસ્થિતિ ઊભી થાય નહી તે સારું ઉપરોકત પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષા માટે ઉપયોગમાં લેવાનાર તમામ મકાનો તથા તેની કંપાઉન્ડના આજુબાજુના-૨૦૦ ( બસો) મીટરના વિસ્તારમાં કોઈ અસામાજિક તત્વો કે અન-અધિકૃત વ્યકિત કે વ્યકિતઓ દાખલ થાય નહિ તે સારું ફોજદારી કાર્યરીતિ

અધિનિયમની ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલાં લેવા માટે પુરતુ કારણ છે. અને તેમ થતું અટકાવવાનું તાત્કાલિક ઈચ્છનીય છે તેવો મારો અભિપ્રાય છે

વાસ્તે હું, જે. ડી. દેસાઇ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રુએ આથી ફરમાવું છું કે, તારીખ ૩૦મી ઓકટોબર ૧૯૯૫ના શુન્ય કલાકથી તારીખ ૨૧મી નવેમ્બર ૧૯૯૫ના ૨૪-૦૦ કલાક (બંને દિવસો સુધ્ધાંત ) સુધી ઉત્તર ગુજરાત યુનિવર્સિટી દ્વારા લેવાનાર વિવિધ પરીક્ષાઓ માટે આ જિલ્લાના ઉપર મુજબના કેન્દ્રો અને તેની સામે દર્શાવેલા પરીક્ષા સ્થળોના મકાનો તથા તેની કંપાઉન્ડની આજુબાજુના ૨૦૦ (બસો) મીટરના વિસ્તારમાં કોઇ વ્યકિત કે વ્યકિતઓએ દાખલ થવું નહિ અને પરીક્ષાની કામગીરીમાં દખલગીરી ઊભી કરવી નહી.

વધુમાં હું, આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહી.

(૧) પ્રથમ/દ્રિતિય /તૃતિય વર્ષ બી. એ./બી. એસ. સી./બી. કોમ. બી એલ. એલ. બી./ની પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓને.

(૨) સદરહુ પરીક્ષાની કામગીરીમાં ઉત્તર ગુજરાત યુનિવર્સિટી તરફથી રોકાયેલ અધિકારી/ કર્મચારીઓને.

(૩) સદરહુ પરીક્ષાની કામગીરી માટે અધિકૃત કરવાથી આ કામગીરીમાં રોકાયેલ સરકારી અધિકારી/કર્મચારીને.

(૪) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી,/જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, મહેસાણા દ્વારા હુકમ કરવામાં આવે તેને.

સદરહુ હુકમનાં કોઇપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ ભારતીય ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૭મી માહે ઓકટોબર સને ૧૯૯૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો છે.

જે. ડી. દેસાઇ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
મહેસાણા.

---

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કરેલ.

નંબર એમ.એ.જી/વશી/૪૨૯૬/૯૫.—મહેસાણા જિલ્લાના નીચે જણાવેલ કેન્દ્રો ઉપરથી ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ દ્વારા તારીખ ૩૦મી ઓકટોબર ૧૯૯૫ થી તારીખ ૨૧મી નવેમ્બર ૧૯૯૫ સુધી પ્રથમ / સેકન્ડ / તૃતીય વર્ષ બી. એ./બી.એસ. સી./ બી. કોમ તથા પ્રથમ સેકન્ડ/તૃતીય વર્ષ એલ. એલ. બી. ની પરીક્ષાઓ લેવાનાર છે.

| પરીક્ષા કેન્દ્ર | પરીક્ષા સ્થળ બિલ્ડીંગનું નામ |
|---|---|
| ૧ મહેસાણા | (૧) મ્યુનિસિપલ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ<br>(૨) શ્રી વી. આર. પટેલ કોલેજ ઓફ કોમર્સ<br>(૩) શ્રી એસ. એમ. શાહ લૉ કોલેજ ઓફ કોમર્સ. |
| ૨ વિસનગર | (૧) એમ. એન. કોલેજ.<br>(૨) સી. સી. મહિલા આર્ટસ એન્ડ શેઠ સી. એન. કોમર્સ કોલેજ. |
| ૩ પાટણ | (૧) શ્રી અને શ્રીમતિ પી. કે. કોટાવાલા આર્ટસ કોલેજ<br>(૨) શેઠ એમ. એન. સાયન્સ કોલેજ<br>(૩) શ્રીમતિ ટી. એસ. આર. કોમર્સ કોલેજ<br>(૪) શેઠ એમ. એન. લૉ કોલેજ આર્ટસ કોલેજ |
| ૪ માણસા | (૧) શેઠ એસ. ડી. આર્ટસ એન્ડ બી. આર. કોમર્સ કોલેજ. |
| ૫ ઊંઝા | (૧) શ્રી વી. એસ. લૉ કોલેજ. |

ઉપરોકત કેન્દ્રો ઉપર લેવાનાર વિવિધ પરીક્ષાઓનું સંચાલન સ્વાભાવિક રીતે શાંત અને સરળતાથી થાય તથા સદરહું પરીક્ષાઓમાં બેસનાર પરીક્ષાર્થીઓ શાંતિથી એખલાસ ભર્યા વાતાવરણમાં નિર્ભયતાથી કોઇપણ જાતની ગેરરીતી કરવાના પ્રલોભનમાં દોરવાયા સિવાય પરીક્ષાઓ આપી શકે તેમજ પરીક્ષા ખંડ નિરીક્ષકો કોઇપણ જાતના ભય અને ત્રાસ વગર નિરીક્ષણ કાર્ય કરી શકે અને અશાંત પરિસ્થિતિ ઉભી થાય નહી તે સારૂ ઉપરોકત પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષા માટે ઉપયોગમાં લેવાનાર તમામ મકાનો તથા તેની કમ્પાઉન્ડન આજુબાજુના ૨૦૦ (બસો) મીટરના વિસ્તારમાં કોઇઅસામાજીક તત્વો કે અનઅધિકૃત વ્યકિત કે વ્યકિતઓ દાખલ થાય નહી તે સારૂ ફોજદારી કાર્યરીતી અધિનિયમની ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલાં લેવા માટે પુરતુ કારણ છે. અને તેમ થવું અટકાવવાનું તાત્કાલીક ઈચ્છનીય છે તેવો મારો અભિપ્રાય છે.

વાસ્તે, હું, જે. ડી. દેસાઇ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, મહેસાણા ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, તારીખ ૩૦મી ઓકટોબર ૧૯૯૫ના શુન્ય કલાકથી તારીખ ૨૧મી નવેમ્બર ૧૯૯૫ના ૨૪-૦૦ કલાક ( બંને દિવસો સુધ્ધાંત ) સુધી ઉત્તર ગુજરાત યુનિવર્સિટી દ્વારા લેવાનાર વિવિધ પરીક્ષાઓ માટે આ જિલ્લાના ઉપર મુજબના કેન્દ્રો અને તેની સામે દર્શાવેલ પરીક્ષા સ્થળોના મકાનો તથા તેની કંપાઉન્ડની આજુબાજુના ૨૦૦ (બસો) મીટરના વિસ્તારમાં કોઇ વ્યકિત કે વ્યકિતઓએ દાખલ થવું નહિ અને પરીક્ષાની કામગીરીમ દખલગીરી ઊભી કરવી નહી.

વધુમાં હું, આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહી.

(૧) પ્રથમ/દ્રિતિય/તૃતિય વર્ષ બી. એ./બી. એસ. સી./બી. કોમ - બી. એલ. એલ. બી./ની પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓને.

(૨) સદરહુ પરીક્ષાની કામગીરીમાં ઉત્તર ગુજરાત યુનિવર્સિટી તરફથી રોકાયેલ અધિકારી/કર્મચારીઓને.

(૩) સદરહુ પરીક્ષાની કામગીરી માટે અધિકૃત કરવાથી આ કામગીરીમાં રોકાયેલ સરકારી અધિકારી/કર્મચારીને.

(૪) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી/જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી / મહેસાણા દ્વારા હુકમ કરવામાં આવે તેને.

સદરહુ હુકમના કોઇપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ, ભારતીય ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૭મી માહે ઓકટોબર સને ૧૯૯૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો છે.

જે. ડી. દેસાઇ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, મહેસાણા.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 178 REGISTERED No. G-BA-14-E

(C)

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] WEDNESDAY, NOVEMBER 8, 1995 / KARTIKA 17, 1917

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART I

# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે.

નંબર પીઓએલ/જાહેરનામું-૩૭(૧)/૯૫.—જિલ્લામાં આગામી તારીખ ૨૩મી ઓકટોબર ૧૯૯૫થી તારીખ ૨૫મી ઓકટોબર ૧૯૯૫ દિવાળી, બેસતુવર્ષ તહેવારો આવનાર છે. તથા ૩૧મી ઓકટોબર ૧૯૯૫ના રોજ સરદાર વલ્લભભાઈ પટેલ જયંતિનો તહેવાર આવે છે. જેથી સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તકેદારીના પગલાં રૂપે નીચે મુજબનો હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે હું, પી. કે. શાહ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા, જિલ્લો, હિમતનગર, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧)થી મને મળેલ અધિકારની રૂએ તારીખ ૨૨મી ઓકટોબર ૧૯૯૫ના કલાક ૦૦-૦૦થી તારીખ ૫મી નવેમ્બર ૧૯૯૫ના કલાક ૨૪-૦૦ સુધી સમગ્ર જિલ્લામાં નીચેનાં કૃત્યોની મનાઈ ફરમાવું છું :—

૧. શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, ટોટા, બંદુક, ચપ્પુ, લાઠી કે લાકડી કે જેનાથી શારિરીક ઈજા કરી શકાય તે સાથે ફરવાનું;

૨. પથ્થરો અથવા સ્ફોટક પદાર્થો સાથે ફરવાનું;

૩. પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે ફેંકવાના કે નાખવાના કે ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાનું, ફરવાનું કે એકઠા કરવાનું તથા તૈયાર કરવાનું;

૪. કોઈ સરઘસમાં જલતી કે પેટાવેલી મશાલ લઈ જવાનું;

૫. વ્યકિતઓ અથવા તેનું શબ, આકાર અથવા પૂતળા દેખાડવાનું, સુત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગીતો ગાવાનું;

૬. અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સૂત્રો પોકારવાનું, જેનાથી સૂરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનો તથા હાવભાવ તથા ચેષ્ટા કરવાનું તથા પત્રો, પત્રિકાઓ, પ્લેકાર્ડો અથવા તેનો ફેલાવો કરવાનું.

અપવાદ :—આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી :—

૧. સરકારી નોકર કે કામ કરતી વ્યકિતઓ કે જેના ઉપરી અધિકારીએ આવું કોઈ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથીયાર સરકારી ફરજ બજાવવા સાથે રાખવાનું આવશ્યક હોય;

૨. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી અથવા તેઓએ અધિકૃત કરેલા કોઈપણ અધિકારીએ જે શારિરીક અશકિતના કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિતઓ.

૩. કોઈ ધાર્મિક તહેવારની ઉજવણી માટે આ જાહેરનામામાં ઉલ્લેખ કરેલ હોય તે પૈકીના હથિયારો, ધાર્મિક રીવાજોને અનુરૂપ ઉપયોગ કરવા માટે જિલ્લા પોલીસ અધિકારીશ્રી, અથવા તે વિસ્તારના સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીએ અગાઉથી લેખિત મંજૂરી આપી હોય તેવી સંસ્થા કે વ્યક્તિઓ;

૪. ખેતીના કામે ઓજારો વિગેરે લઈ જતા ખેડૂતોને;

૫. આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સો ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનયમની કલમ-૧૩૫ (૧) હેઠળ ઓછામાં ઓછી ચાર માસ કે વધુમાં વધુ એક વર્ષની કેદની સજા થઈ દંડને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨૧મી ઓકટોબર ૧૯૯૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

પી. કે. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિંમતનગર.

---

## જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે.

નંબર પીઓએલ/જાહેરનામું-૩૭ (૩)/૯૫.—જિલ્લામાં આગામી તારીખ ૨૩મી ઓકટોબર ૧૯૯૫ થી તારીખ ૨૫મી ઓકટોબર ૧૯૯૫ દિવાળી, બેસતુવર્ષના તહેવારો આવતા હોઈ તેમજ તારીખ ૩૧મી ઓકટોબર ૧૯૯૫ના રોજ સરદાર વલ્લભભાઈ પટલ જયંતિનો રાષ્ટ્રીય તહેવાર હોઈ સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તકેદારીના પગલાં રૂપે નીચે મુજબનો હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે, હું, પી. કે. શાહ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂએ આથી સાબરકાંઠા જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં તારીખ ૨૨મી ઓકટોબર ૧૯૯૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૫મી નવેમ્બર ૧૯૯૫ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં. અથવા કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ સરઘસ કાઢવું નહીં.

ખુલાસો :—

આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે જેઓ સરકારી ફરજ પર હોય તેઓને તથા ખેતીના ઓજારો વિગેરે લઈ જતા ખેડૂતોને લાગુ પડશે નહીં.

મેં આજ તારીખ ૨૧મી ઓકટોબર ૧૯૯૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરીને આપ્યો.

પી. કે. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિંમતનગર.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

Extra No, 179 REGISTERED No.G-BA-14E

(C)

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

Vol. XXXVI ] FRIDAY, NOVEMBER 10, 1995 / KARTIKA 19, 1917

**Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation**

## PART I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### કલેક્ટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ નિયમો, ૧૯૬૬.

નંબર ઉમકવલ/એજીબીએલ/ક્યુએલ/રીગ્રાન્ટ/૯૫.—વલસાડ જિલ્લામાં નીચેની વિગત દર્શાવેલ ક્વોરીલીઝના વિસ્તારો આ જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ (ત્રીસ) દિવસ પછી જાહેરજનતા માટે ફરીથી ઉપલબ્ધ કરવામાં આવે છે.

| અ. નં. | અગાઉ જેના નામે મંજૂર થયેલ | ખનીજ | તાલુકો | ગામ | સ. નં./બ્લોક નંબર | મંજૂર થયેલ વિસ્તાર હેક્ટરમાં | ઉપલબ્ધ વિસ્તાર હેક્ટરમાં |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | શ્રી મનુભાઇ છગનભાઇ ધોડી | સા. રેતી | ઉમરગામ | બોરીગામ | ૬૩ની સામે દમણગંગા નદી | ૦ ૬૪ ૦૦ | ૦ ૬૪ ૦૦ |
| ૨ | શ્રી નારણભાઇ રામાભાઇ પટેલ | ,, | પારડી | વટાર | ૨૨૬, ૨૨૩ની સામે કોલક નદી | ૧ ૦૦ ૦૦ | ૧ ૦૦ ૦૦ |
| ૩ | શ્રી અર્જુનભાઇ છગનભાઇ નાયક | ,, | ,, | લખમાપોર | ૧૦ની સામે પાર નદી | ૨ ૦૦ ૦૦ | ૨ ૦૦ ૦૦ |
| ૪ | શ્રી નાનુભાઇ દાજીભાઇ નાયક | ,, | ,, | પંચલાઇ | ૨૮૫ની સામે પાર નદી | ૧ ૦૦ ૦૦ | ૧ ૦૦ ૦૦ |
| ૫ | શ્રી નરેશભાઇ લખુભાઇ ઓડ | ,, | ગણદેવી | અજરાઇ | ૧૩૨ની સામે અંબિકા નદી | ૨ ૦૦ ૦૦ | ૨ ૦૦ ૦૦ |
| ૬ | શ્રી દાદીભાઇ રતનશા સંજાણ | ,, | ,, | વાઘરેચ | ૩૫૫નો સામે અંબિકા નદી | ૧ ૦૦ ૦૦ | ૧ ૦૦ ૦૦ |
| ૭ | શ્રી મહેશભાઇ મગનભાઇ પટેલ | ,, | ,, | ભાઠા | ૪૪૨ થી ૪૪૫, ૪૪૭, સામે અંબિકા નદી | ૨ ૦૦ ૦૦ | ૨ ૦૦ ૦૦ |



INDEX

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
|---|---|---|---|---|---|---|---|
| ૮ | શ્રી રમણભાઈ એલ. આડ | સા. રેતી | ગણદેવી | દેવધા | ૫૨ ની સામે અંબિકા નદી | ૦ ૭૮ ૫૦ | ૦ ૭૮ ૦૦ |
| ૯ | શ્રી દીલીપભાઈ નાથુભાઈ પટેલ | ,, | ,, | ભાઠા | ૧૦૬૧ની સામે અંબિકા નદી | ૦ ૫૨ ૦૦ | ૦ ૫૨ ૦૦ |
| ૧૦ | શ્રી નગીનભાઈ મોહનભાઈ ઓડ | ,, | ,, | પીપલધારા | ૨૮૭ની સામે અંબિકા નદી | ૧ ૦૦ ૦૦ | ૧ ૦૦ ૦૦ |
| ૧૧ | શ્રી અબ્દુલરહીમ અબ્દુલ હોટલવાલા | ,, | ,, | ખખાવાડા | ૩૯૫, ૩૯૮, ૩૯૭, ૩૯૬ ની સામે અંબિકા નદી | ૧ ૦૦ ૦૦<br>૧ ૦૦ ૦૦ | ૧ ૦૦ ૦૦<br>૧ ૦૦ ૦૦ |
| ૧૨ | શ્રી કરશનભાઈ જાનુભાઈ ભવર | ,, | ધરમપુર | મીટીવહિયળ | ૨૦૧ની સામે પાર નદી | ૦ ૫૪ ૦૦ | ૦ ૫૪ ૦૦ |
| ૧૩ | શ્રી સોનુભાઈ જાનુભાઈ દાવડ | ,, | ,, | મોટીવહિયેળ | ૯૭, ૧૨૭, ૧૨૮,ની સામે પાર નદી | ૧ ૨૫ ૦૦ | ૧ ૨૫ ૦૦ |
| ૧૪ | શ્રી બારસુભાઈ શાંતુભાઈ ભુકુટ | ,, | ,, | જીરવલ | ૬૨, ૬૪, ૬૩ની સામે પાર કોલક નદી | ૧ ૫૦ ૦૦ | ૧ ૫૦ ૦૦ |
| ૧૫ | શ્રી લખુભાઈ શોભનભાઈ રાઉત | ,, | ,, | અરણાઈ | ૧૪૧ની સામે પાર નદી | ૦ ૫૦ ૦૦ | ૦ ૫૦ ૦૦ |
| ૧૬ | શ્રી ખંડુભાઈ રડકાભાઈ પટેલ | . | ,, | મરઘામાળ | ૧૬, ૧૭ની સામે માન નદી | ૧ ૦૦ ૦૦ | ૧ ૦૦ ૦૦ |
| ૧૭ | શ્રી ઈશ્વરભાઈ રવજીભાઈ ઓડ | ,, | ચીખલી | હોન્ડ | ૫૫૫, ૫૬૦, ૫૬૩, ૫૬૪, ની સામે કાવેરી નદી | ૨ ૧૦ ૦૦ | ૨ ૧૦ ૦૦ |
| ૧૮ | શ્રી નારણભાઈ ધનાભાઈ ઓડ | ,, | ,, | સાદકપોર | ૨૦૭૮, ૨૦૭૯ની સામે કાવેરી નદી | ૦ ૮૦ ૦૦<br>૦ ૮૦ ૦૦ | ૦ ૮૦ ૦૦<br>૦ ૮૦ ૦૦ |
| ૧૯ | શ્રી દલપતભાઈ જીવણભાઈ ઓડ | ,, | ,, | નૌગામા | ૯૧૩, ૯૧૪,ની સામે અંબિકા નદી | ૧ ૧૯ ૦૦ | ૧ ૧૯ ૦૦ |
| ૨૯ | શ્રી રણછોડભાઈ મધુરભાઈ ઓડ | ,, | ,, | કણભાઈ | ૪૧૯, ૪૧૫, ૧૮૬ની સામે ખરેરા નદી | ૧ ૦૦ ૦૦ | ૧ ૦૦ ૦૦ |
| ૨૧ | શ્રી લક્ષ્મણભાઈ દામાભાઈ ટંડેલ | ,, | વલસાડ | ભાગડાખુદ | ૧૮૫ની સામે ઔરંગા નદી | ૧ ૦૦ ૦૦ | ૧ ૦૦ ૦૦ |
| ૨૨ | શ્રી અરવિંદભાઈ છોટુભાઈ પટેલ | ,, | ,, | કલવાડા | ૮૩૩, ૮૩૪, ની સામે ઔરંગા નદી | ૦ ૭૯ ૦૦<br>૦ ૭૯ ૩૬ | ૦ ૭૯ ૦૦<br>૦ ૭૯ ૩૬ |
| ૨૩ | શ્રી ભગુભાઈ રમણભાઈ પટેલ | ,, | ,, | ચીચાઈ | ૧૦૦ ની સામે પાર નદી | ૦ ૭૦ ૦૦ | ૦ ૭૦ ૦૦ |
| ૨૪ | શ્રી રતનસીંગ અમરસીંગ ઓડ | ,, | ,, | કંબાડા | ૨૭૧, ૨૭૪,ની સામે અંબિકા નદી | ૨ ૦૦ ૦૦ | ૨ ૦૦ ૦૦ |
| ૨૫ | શ્રી નગીનભાઈ મથુરભાઈ ઓડ | ,, | ,, | કુંભાર ફળીયા | ૩૪૮, ૩૪૯, ૩૫૦, ૩૫૨, ૩૫૩, ની સામે અંબિકા નદી પટ | ૦ ૮૦ ૦૦ | ૦ ૮૦ ૦૦ |
| ૨૬ | શ્રી છગનભાઈ એલ. પટેલ | ,, | ,, | બોરીયાચ | ૧૭, ૧૮, ની સામે અંબિકા નદી પટ | ૧ ૦૦ ૦૦ | ૧ ૦૦ ૦૦ |
| ૨૭ | શ્રી ભવાનજીભાઈ ધનજીભાઈ | બ્લેકટ્રેપ | ચીખલી | સાદડવેલ | ૧૮૯૮ ની સામે કાવેરી નદી | ૦ ૫૨ ૦૦ | ૦ ૫૨ ૦૦ |
| ૨૮ | શ્રી શૈલેશભાઈ ગોરધનભાઈ પટેલ | ,, | ,, | ,, | ,, | ૦ ૬૪ ૨૦ | ૦ ૬૪ ૨૦ |
| ૨૯ | શ્રી આયશા રસુલભાઈ દિવાન | ,, | ,, | અલીપોર | ૧૭૯૦, ૧૭૮૯, પૈકી | ૨ ૦૦ ૦૦ | ૨ ૦૦ ૦૦ |
| ૩૦ | શ્રી ગીતાબેન સ્ટોન ક્રંસીગ કું | ,, | વાંસદ | કાવડેજ | ૨૩૫ પૈકી | ૨ ૦૦ ૦૦ | ૨ ૦૦ ૦૦ |
| ૩૧ | શ્રી અમુતસિંહ સી. પરમાર | ,, | ,, | શીંગાડા | ૨૫૪, ૨૫૫ની સામે કાવેરી નદી | ૨ ૧૯ ૫૨ | ૨ ૧૯ ૫૨ |

નોંધ.—ઉપરના વિસ્તારો પૈકી નદીકાંઠાથી ૧૫ મીટર બાદ કરતા જે વિસ્તારો ઉપલબ્ધ રહેશે તેટલા પુરતા વિસ્તાર પરત્વે વિચારણા થઈ શકશે. ઉપરોક્ત વિસ્તારો માટેની ક્વોરીલીઝ અરજીઓ જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ (ત્રીસ) દિવસ એટલે કે કચેરીના કામકાજના દિવસથી સ્વીકારવામાં આવશે. તે પહેલા મળેલી તમામ અરજીઓ રદબાતલ થશે.

વલસાડ, તારીખ ૨જી નવેમ્બર ૧૯૯૫.

એસ. અપર્ણા,
કલેકટર, વલસાડ.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 180

REGISTERED No. G—BA-14-E

© 

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

Vol. XXXVI ] TUESDAY, NOVEMBER 14, 1995 / KARTIKA 23, 1917

**Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation**

# PART–I

# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## પોલીસ કમિશનર દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ (૧) (૩) મુજબનો.

ક્રમાંક એસ.બી/ઉબપક/જાહેરનામું/૬૪૩૧/૯૫.—વડોદરા શહેરમાં પોલીસ કમિશનરની હકુમત હેઠળ વડોદરા શહેરના નીચેનાં વિસ્તારોમાં જાહેર સુલેહ શાંતિ જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું, હીરાલાલ (આઇ.પી. એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેરની મુંબઇ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ (૧) (૩)મુજબથી મને મળેલ અધિકારની રૂએ, હું ફરમાવું છું કે નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧૧મી નવેમ્બર ૧૯૯૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૫મી નવેમ્બર ૧૯૯૫ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે વ્યક્તિઓએ ભેગા થવું નહીં અથવા સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ કોઇ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર—વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

ખુલાસો—રસ્તાની ફૂટપાથનો પણ આમાં સમાવેશ થાય છે.

અપવાદ—આ હુકમમાંથી જેઓને અત્રેની કચેરીએથી ધાર્મિક વરઘોડાની પરવાનગી તેમજ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ લગ્નના વરઘોડા અને સ્મશાનયાત્રાને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમની સને ૧૯૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૦મી નવેમ્બર ૧૯૯૫ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.



Supple. C. G. I.—Extra - 180/1

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra 181

REGISTERED No. G-BA-14-E

(C)

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI ] TUESDAY, NOVEMBER 14, 1995 / KARTIKA 23, 1917

**Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation**

# PART I

# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયેનો.

નંબર પી.ઓએ૩-વશી-૨૫૧૦.—તારીખ ૭મી નવેમ્બર ૧૯૯૫ના રોજ ડાકોર મુકામે રણછોડજી મંદિર ખાતે કારતક સુદ પુનમ નિમિત્તે મેળો ભરાનાર હોઇ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે અને કોઇ અનિચ્છનીય બનાવ ન બને તથા જિલ્લાના સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ વિસ્તારોમાં તેના અનુસંધાનમાં કોઇ અવળા પ્રત્યાઘાત ન પડે તે માટે મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૧) મુજબનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે, હું, એમ. એ. ચૌહાણ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂઇએ ડાકોર મ્યુનિસીપલ વિસ્તારમાં તારીખ ૬ઠ્ઠી નવેમ્બર ૧૯૯૫થી તારીખ ૮મી નવેમ્બર ૧૯૯૫ સુધી (બંને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઇ ફરમાવું છું:—

(૧) હથીયાર, તલવાર, ભાલા, ધોકા, છરા, લાકડી કે લાઠી, સળગતી મશાલ અથવા બીજા હથીયારો કે જેનાથી શારીરિક ઇજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું :

(૨) કોઇપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું ;

(૩) મનુષ્યો અથવા શબ તેમજ પુતળા દેખાડવાનું ;

(૪) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઇરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગીતો ગાવાનું ;

(૫) જેનાથી સુરૂચિ અથવા નીતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા તેવા ચિત્રો પત્રિકો કે પ્લેકાર્ડો અથવા બીજા કોઇપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું, બતાવવાનું અથવા તેનો ફેલાવો કરવાનું,

વિસ્તાર : ડાકોર મ્યુનિસીપલ વિસ્તાર (તા. આણંદ)

**અપવાદ** : આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યક્તિઓને લાગુ **પડશે નહી:—**

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈપણ વ્યકિત કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયારો સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથીયાર લઈ જવાની જેની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસ વડાશ્રી કે તેમણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ કે જેને શારીરિક અશકિતને કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૬ઠ્ઠી નવેમ્બર ૧૯૯૫ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

એમ. એ. ચૌહાણ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 182

REGISTERED No. G-BA-14-E

(C)

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

Vol. XXXVI ] TUESDAY, NOVEMBER 14, 1995 / KARTIKA 23, 1917

**Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation**

# PART I

# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ ૧૪૪ અનુસાર કાઢેલો હુકમ.

નંબર એમએજી/પરીક્ષા/એમ.એ.ઓ/૭૯૨૩/૯૫ .—તારીખ ૩૦મી ઓકટોબર ૧૯૯૫ થી તારીખ ૨૧મી નવેમ્બર ૧૯૯૫ સુધીના સમયગાળા દરમ્યાન ઉત્તર ગુજરાત યુનિવર્સિટી દ્વારા પ્રથમ, સેકન્ડ, થર્ડ બી. એ., બી. કોમ., બી. એસ. સી. તથા લો ની પરીક્ષાઓ હિંમતનગર આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ તથા લો કોલેજમાં લેવાનાર છે. આપરીક્ષાઓમાં મોટીસંખ્યામાં વદ્યાર્થીઓ પરીક્ષા આપવા બેસનાર છે. પરીક્ષા આપવા આવેલ વિદ્યાર્થીઓને ખલેલ પહોંચવા તેમજ અડચણ ત્રાસ આપવા અથવા ઈજા થવાનો સંભવ છે. આથી આ અટકાવવા માટે ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૧૪૪ અનુસાર પગલાં લેવાને પુરતા અને વ્યાજબી કારણો છે. અને મારો અભિપ્રાય છે.

વાસ્તે હું શ્રી એમ. એ. પટેલ, એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, હિંમતનગર ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હું ફરમાવું છું કે, હિંમતનગર આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ તેમજ લો, કોલેજ પરીક્ષા કેન્દ્ર ખાતે ૧૦૦ મીટરના વિસ્તારમાં પાંચ કે તેથી વધુ વ્યકિતઓએ એકઠા થવું નહીં, ઉભા રહેવું નહી કે સભાઓ ભરવી નહી. સરઘસ કાઢવું નહી કે સુત્રો પોકારવા નહી.

અપવાદ :

આ હુકમ ફરજ ઉપરના અધિકારીશ્રીઓ કર્મચારીઓ અને પરીક્ષાની કામગીરીમાં રોકાયેલ કર્મચારીઓ તથા પરીક્ષામાં બેકેલ વિદ્યાર્થીઓને લાગુ પડશે નહી.

આ હુકમ તારીખ ૩જી નવેમ્બર ૧૯૯૫ ના ૧૦-૩૦ કલાકેથી પરીક્ષાઓ પુરી થાય ત્યાં સુધીના સમય દરમ્યાન અમલમાં રહેશે.

આ હુકમ આજ તારીખ ૩જી નવેમ્બર ૧૯૯૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી બહાર પાડયો.

એમ. એ. પટેલ,
એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,
હિંમતનગર.



Supple. C. C. I.-Extra—182/1

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 183

REGISTERED No. G-BA-14-E

©

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

[ PUBLISHED BY AUTHORITY ]

Vol. XXXVI ] TUESDAY, NOVEMBER 14, 1995 / KARTIKA 23, 1917

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filled as a separate compilation.

# PART I

# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## BY DISTRICT MAGISTRATE

### Notification

PREVENTION OF ANTISOCIAL ACTIVITIES ACT, 1985.

No. MAG/DET/PASA/12/95.—Whereas the detention order under sub section *(1)* of Section 3 of the Gujarat Prevention of Anti Social Activities Act, 1985 has been made by the District Magistrate, Mehsana under No. DET/PASA/12/95, dated 9th May, 1995 in respect of Shri Sattarbhai Rahimbhai Saiyad residing at Nano Madh, Sami, Taluka Sami, District Mehsana.

And whereas the District Superintendent of Police, Patan has reported that the said person has absconded or is concealing himself so that the aforesaid detention order cannot be executed.

And whereas the District Magistrate has reason to believe that the aforesaid person has absconded or concealing himself so that the detention order cannot be executed.

Now therefore in exercise of the powers conferred by Section 8 *(1)*, 8 *(2)* *(a)* and *(b)* of the Gujarat Prevention of Anti Social Activities Act, 1985, the District Magistrate, Mehsana hereby directs the said Shri Sattarbhai Rahimbhai Saiyed to appear before the said Superintendent of Police, Patan at his office at Patan within a period of 30 days from the date of the publication of this order in the *Official Gazette*.

Mehsana, 6th November, 1995.

A. K. SHARMA,
District Magistrate,
Mehsana.

## જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

### જાહેરનામું

ગુજરાત અસામાજિક પ્રવૃત્તિઓ અટકાવવા બાબતના અધિનિયમ, ૧૯૮૫.

નંબર એમએજી/ડીઈટી/પાસા/૧૨-૯૫.-જિલ્લા મેજીસ્ટ્રેટ, મહેસાણાએ શ્રી સત્તારભાઈ રહીમભાઈ સૈયદ ઠે. નાનોમાઢ રહેવાસી સમી, તાલુકા સમી, જિલ્લે મહેસાણાના સંબંધે ગુજરાત અસામાજિક પ્રવૃત્તિઓ અટકાવવા બાબતના અધિનિયમ, ૧૯૮૫ની કલમ-૩ (૧) હેઠળ અટકાયત હુકમ નં. ડીઈટી/પાસા/૧૨-૯૫, તારીખ ૯મી મે ૧૯૯૫થી કરેલ છે.

અને જિલ્લા પોલીસ અધિકારીશ્રી, પાટણે જણાવેલ છે કે ઉપરોક્ત વ્યક્તિ ભાગી છુટેલ છે અથવા સદરહુ હુકમ બજી શકે નહીં એટલા માટે સંતાતો ફરે છે.

અને મને ખાત્રી પણ કરાવવામાં આવેલ છે કે સદરહુ ઇસમ ફરાર થયેલ છે અથવા સદરહુ અટકાયત હુકમ બજી શકે નહીં એટલા માટે સંતાતો ફરે છે.

તેથી હવે ગુજરાત અસામાજિક પ્રવૃત્તિઓ અટકાવવા બાબતના અધિનિયમ, ૧૯૮૫ ની કલમ-૮ (૧), ૮(૨)(એ) અને (બી) થી મળેલ અધિકારની રૂએ જિલ્લા મેજીસ્ટ્રેટ, મહેસાણા સદરહુ શ્રી સત્તારભાઇ રહીમભાઇ સૈયદ રહેવાસી ઠે. નાનો-માઢ, રહેવાસી સમી, તાલુકા સમીને આ જાહેરનામું સરકારી રાજયપત્રમાં પ્રસિધ્ધ થવાની તારીખથી ૩૦ (ત્રીસ) દિવસમાં જિલ્લા પોલીસ અધિકારીશ્રી, પાટણની રૂબરૂમાં તેમની કચેરીમાં હાજર થવાનું ફરમાવે છે.

મહેસાણા, તારીખ ૬ઠ્ઠી નવેમ્બર, ૧૯૯૫.

એ. કે. શર્મા,<br>
જિલ્લા મેજિસ્ટ્રેટ,<br>
મહેસાણા.

---

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 184

REGISTERED No. G-BA-14-L

(C)

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

Vol. XXXVI ] WEDNESDAY, NOVEMBER 15, 1995 / KARTIKA 24, 1917

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### પોલીસ કમિશનર દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧ના ૨૨મા) અધિનિયમની કલમ ૩૭ (૧) અન્વયે કાઢેલ.

ક્રમાંક એસ.બી./ઉગપક/જાહેરનામું/૬૪૬૮/૯૫.—મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, હીરાલાલ, (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર.

વડોદરા શહેરની હાલની પરિસ્થિતિને લક્ષમાં રાખી જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવા સારું આથી હું ફરમાવું છું કે, વડોદરા શહેરનો સમગ્ર વિસ્તાર એટલે કે પોલીસ કમિશનર વિસ્તારમાં તારીખ ૧૬મી નવેમ્બર, ૧૯૯૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૦મી નવેમ્બર, ૧૯૯૫ના કલાક ૨૪-૦૦ સુધી કોઈએ—

(ક) કોઈ પ્રકારનાં શસ્ત્રો, તલવાર, ભાલા, લાકડી, બંદુક જેવા સાધનો કે ચીજથી હિંસા થઈ શકે તેવી કોઈ વસ્તુ લઈ જવી કે કબજામાં રાખવી નહીં;

(ખ) પથ્થરો અથવા ફેંકવાના સાધનો એકત્રિત કરવા કે તૈયાર કરવા નહીં;

(ગ) કોઈ ભયાનક પદાર્થ કે સ્ફોટક પદાર્થ લઈ જવો નહીં;

(ઘ) કોઈ શબ આકૃતિ કે પૂતળા દેખાડવા નહીં;

(ચ) સરઘસમાં સળગતી મશાલ લઈ જવી નહીં;

(છ) અપમાન કરવાનાં ઈરાદાથી કે બદનામ કરવાનાં ઈરાદાથી જાહેરમાં સુત્રો પોકારવા નહી અથવા ટોળામાં ફરવું નહીં;

(જ) જેનાથી સુચિ અથવા કોઈ ચીજ વસ્તુ કે પદાર્થ તૈયાર કરવા નહીં અગર ફેલાવો કરવો નહીં;

આ હુકમનો ભંગ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકર કે તેવું કામ કરતી વ્યકિતઓ કે તેવું કામ ઉપરી અધિકારીઓ આવું કોઈ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોઈ અગર હથીયારો લઈ જવાની ફરજ હોય તેમજ પરવાનેદાર વ્યકિતને;



INDEX

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા અધિકૃત કરેલ કોઈ અધિકારી જેની શારીરિક અશકિતને કારણે લાકડી લઈ જવાની પરવાનગી આપેલ હોય તે વ્યકિતને.

મેં આજ તારીખ ૧૫મી નવેમ્બર, ૧૯૯૫ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

---

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧નાં ૨૨માં) અધિનિયમ કલમ-૩૭ (૧) બી મુજબનો.

ક્રમાંક એસ.બી./ઉગપક/જાહેરનામું/૬૪૬૯/૯૫.—વડોદરા શહેરમાં ધાર્મિક તહેવારો આવતા હોય શહેરમાં કેટલાક ઈસમો, બાળકો, છોકરાઓ, કોમી સંવેદનશીલ વિસ્તારમાં સલામતી જોખમાય તે રીતે ક્રિકેટની રમત રમી રમાડી શેરીઓ, ગલીઓમાં કે જાહેરમાર્ગો ઉપર ટ્રાફિકને અડચણ થાય તે રીતેનો વ્યવહાર વર્તન કરતા હોય તેના કારણે સુલેહ શાંતિ જોખમાય તે સંભવ હોય, આથી આ કૃત્ય અટકાવવું અત્યંત જરૂરી હોય તેથી.

હું, હીરાલાલ (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ ૩૭ (૧)બી મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, શહેરના પોલીસ કમિશનર વિસ્તારમાં તારીખ ૧૬મી નવેમ્બર, ૧૯૯૫નાં કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૦મી નવેમ્બર, ૧૯૯૫નાં કલાક ૨૪-૦૦ સુધી કોઈપણ ઈસમ બાળકો, છોકરાઓ વિગેરે સરીયામ રોડ રસ્તા કે જાહેર-માર્ગો, ગલીઓમાં ક્રિકેટની રમત રમવી કે રમાડવી નહીં અથવા તેવી કોઈ પ્રવૃત્તિ કરવી નહીં.

મેં આજ તારીખ ૧૫મી નવેમ્બર, ૧૯૯૫નાં રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર, વડોદરા શહેર.

---

PRINTED AT THE GOVERNMENT PRES, VADODARA,

INDEX

Extra No. 185

REGISTERED No. G-BA-14-E

(C)

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI ] THURSDAY, NOVEMBER 16, 1995 / KARTIKA 25, 1917

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નં. એમ. એ. જી./વશી/૩૯૯૦/૯૫.—સને ૧૯૭૩નો (સને ૧૯૭૪ના ૨જા એક્ટ) ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૧૭૪(૪) થી મળેલ અધિકારની રૂએ હું, આઇ. પી. ગૌતમ (આઇ. એ. એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા આથી નીચે જણાવેલ એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટને તાત્કાલિક અસરથી તેઓની સામે જણાવેલ વિસ્તાર માટે સદર અધિનિયમની કલમ-૧૭૪ હેઠળના અધિકાર આપુ છું.

પરિશિષ્ટ ૧

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૭૪ના અધિકાર આપવામાં આવેલ એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓના નામોની યાદી.

| અનુ. નંબર<br>૧ | નામ<br>૨ | હાલ કયાં ફરજ બજાવે છે<br>૩ | વિસ્તાર<br>૪ |
|---|---|---|---|
| ૧ | શ્રી એસ. એ. ભાભોર | નાયબ મામલતદાર અધિક ચીટનીશ, શાખા કલેક્ટર કચેરી, વડોદરા. | પોલીસ કમિશનરશ્રી અને જિલ્લા પોલીસ અધિકારીશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર. |
| ૨ | શ્રી એ. જે. ચાણપુરા | નાયબ મામલતદાર, ચીટનીશ શાખા, કલેક્ટર કચેરી, વડોદરા. | |
| ૩ | શ્રી આર. ડી. જાદવ | ઓફિસર ઈન્ચાર્જ, વારસીયા કોલોની, વડોદરા. | |
| ૪ | શ્રી બી. પી. રાજપુત | નાયબ મામલતદાર, અધિક કલેક્ટર, શ. જ. ટો. મ. ની કચેરી, વડોદરા. | |

પરિશિષ્ટ ૨

૧૦ વર્ષના પરિણીત જીવનમાં સ્ત્રીના અપમૃત્યુના કિસ્સામાં સી. આર. પી. સી. કલમ-૧૭૪ મુજબ ફરજ બજાવનાર તાલુકા મેજિસ્ટ્રેટ, કક્ષાના એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓના નામોની યાદી.

| અનુ. નંબર | નામ | હાલ ક્યાં ફરજ બજાવે છે | વિસ્તાર |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | શ્રી ડી. યુ. પટેલ | સ્પેશ્યલ એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, વડોદરા. | પોલીસ કમિશ્નરશ્રી અને જિલ્લા પોલીસ અધિકારીશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર. |
| ૨ | શ્રી એસ. સી. વસાવા | મામલતદાર કૃષિપંચ, વડોદરા. | |

વડોદરા, તારીખ, ૧૪મી નવેમ્બર, ૧૯૯૫.

આઇ. પી. ગૌતમ,
જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

INDEX

Extra . 186

REGISTERED No. G-BA 14-E

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

Vol. XXXVI ] TUESDAY, NOVEMBER 21, 1995 / KARTIKA 30, 1917

**Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation**

# PART I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઇના પોલીસ અધિનિયમની કલમ-૩૩ની પેટા-કલમ ૧(બી) હેઠળ.

ક્રમાંક ઉગપક/જાહેરનામું/૧૩૮૫/૨૩૪૯૭/૯૫.—મુંબઇ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના મુંબઇના ૨૨માં) ની કલમ-૩૩ની પેટા કલમ (૧) (બી) હેઠળ મળેલી સત્તાની રૂએ બહાર પાડવા ધારેલા જાહેરનામાંનો મુસદ્દો તેનાથી અસર થતાં લાગતા વળગતા તમામની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે. સદરહુ જાહેરનામું ગુજરાત સરકારશ્રીના (ગેઝેટમાં) અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિન (ત્રીસ) દિવસની અંદર કોઇ પણ વ્યકિત તરફથી વાંધાઓ સુચનો, પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરનાઓ તરફથી લેખીતમાં મોકલી આપવામાં આવશે તો તે અંગે યોગ્ય વિચારણા કરવામાં આવશે.

પ્રાથમિક જાહેરનામાનો મુસદ્દો

મુંબઇ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના (સન ૧૯૫૧ના મુંબઇના ૨૨માં)ની કલમ-૩૩ની પેટા-કલમ ૧(બી) હેઠળ મને મળેલ સત્તાની રૂએ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની હદ વિસ્તારમાં આવેલ લહેરીપુરા પદ્માવતી શોપીંગ સેન્ટર, ખજૂરી મસ્જીદ સામે ન્યાય-મંદિર સેસન્સ કોર્ટ ફુવારાથી ડાબી બાજુ લહેરીપુરા તરફ જવાના ટર્નીંગ સુધીનો વિસ્તાર લોકોને ભય અને અગવડ ના પડે અને વાહન વ્યવહાર સલામત અને સરળતાથી પસાર થાય તે હેતુથી નીચે મુજબનો નિયમ કરું છું.

(૧) લહેરીપુરા પદ્માવતી શોપીંગ સેન્ટર ખજુરી મસ્જીદની સામે ન્યાયમંદિર સેસન્સ કોર્ટના મુખ્ય દરવાજાથી એટલે કે ફુવારા પાસેથી ડાબી બાજુનો વિસ્તાર "ફકત મેજિસ્ટ્રેટશ્રીઓના સરકારી વાહનો માટે પાર્કીંગ" રહેશે. ( ૬ એમ્બેસેડર કાર ) માટે.

સદર સ્થળે બીજા કોઇપણ વાહનો પાર્કીંગ કરવા દેવામાં આવશે નહીં.

મેં આજ રોજ મારી સહી કરી સિક્કો કરેલ છે, તારીખ ૧૫મી નવેમ્બર ૧૯૯૫.

હીરાલાલ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.



Supple. C. G. I.—Extra—186/1

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

INDEX

Extra No. 187

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

[ PUBLISHED BY AUTHORITY ]

Vol. XXXVII THURSDAY, NOVEMBER 23, 1995 / AGRAHAYANA 2, 1917

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART–I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૧) અન્વયે બહાર પાડેલ.

નંબર પોલ / જાહેરનામું / ૪૦૫૮ થી ૪૧૦૮/૯૫.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (મુંબઈ ૨૨માં) અધિનિયમની કલમ ૩૭ (૧) (ક) અન્વયે મળેલ સત્તાની રૂએ હું, જી. સી. બ્રહ્મભટ્ટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા પડવાણ ગામે ટ્રેનોના સ્ટોપેજ બાબતે રસ્તા રોકો આંદોલનનો કાર્યક્રમ હોવાથી તેમજ હાલની રાજકીય પરિસ્થિતિને દયાનમાં લઈ જિલ્લામાં કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે માટે જાહેર શાંતિ અને સલામતી જાળવવા ફરમાવું છું કે, વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં તારીખ ૧૯મી નવેમ્બર, ૧૯૯૫ના રોજ ૦૦-૦૦ કલાક થી તારીખ ૨જી ડિસેમ્બર ૧૯૯૫ના રોજ ૨૪-૦૦ કલાક સુધી કોઈએ.—

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, બંદુક, છરા, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈપણ સાધન લઈ જવું નહીં;

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં;

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી કોઈપણ વસ્તુઓ અને ફેંકવાના, ધકેલવાના યંત્રો સાધનો લઈ જવા નહીં કે એકઠા કરવા નહીં અથવા તૈયાર કરવા નહીં;

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં;

(ઙ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર કરવાના બિભત્સ સુત્રો પોકારવા નહીં, અશ્લિલ ગીતો ગાવા નહીં અથવા ટોળામાં ફરવું નહીં;

(ચ) જેનાથી સુરૂચી, નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં, તેવા હાવભાવ કરવા નહીં અથવા તેવા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવી નહીં. બનાવવી નહીં, તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.—

(૧) સરકારી નોકરીનું કામકાજ કરતાં કોઈ વ્યકિત તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા તેવું કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય;

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી અથવા જિલ્લા પોલીસ અધિકારીશ્રી તેમણે અધિકૃત કરેલ કોઈ પોલીસ અધિકારી કે જેને શારીરિક અશકિતના કારણે લાકડી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછા ૪ (ચાર) માસ અને વધુમાં વધુ ૧ (એક) વર્ષની કેદની સજા થશે. આ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૧૩૫ (૧) મુજબ દંડની પણ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૭મી નવેમ્બર, ૧૯૯૫ના રોજ મારી સહી સિકકો કર્યો.

જી. સી. બ્રહ્મભટ્ટ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૩) અન્વયે બહાર પાડેલ.

નંબર પોલ/જાહેરનામું/૪૧૦૯ થી ૪૧૫૯/૯૫.—પડવાણુ ગામે ટ્રેનોના સ્ટોપેજ બાબતે રસ્તા ટીમે આંદોલનનો કાર્યક્રમ હોવાથી તેમજ હાલની રાજકીય પરિસ્થિતિને ધ્યાનમાં લઈ જિલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુથી વડોદરા જિલ્લાનાં પોલીસ કમિશનરશ્રી, વડોદરા (શહેર) ના હકુમત સિવાયનો વિસ્તાર એટલે વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં સુલેહ શાંતિ અને સલામતી જાળવવા અત્યંત જરૂરી હોઈ, વ્યકિતઓની મંડળી, સરઘસના મનાઈ કરવાનું મને જરૂરી જણાયું છે.

તેથી, હવે, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ-૨૨માં) ની કલમ-૩૭ની પેટા-કલમ (૩) થી મને મળેલ સત્તાની રૂઈએ હું, શ્રી જી. સી. બ્રહ્મભટ્ટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા ઉપરોકત વિસ્તારોમાં તારીખ ૧૯ની નવેમ્બર ૧૯૯૫ ના ૦૦-૦૦ કલાકથી તારીખ ૨જી ડિસેમ્બર ૧૯૯૫ ના રોજ ૨૪-૦૦ કલાકના સમય દરમ્યાન,

(૧) ચાર કરતાં વધુ વ્યકિતઓએ ભેગા થવું નહીં.
(૨) સભા ભરવી કે બોલાવવી નહીં.

વધુમાં હું આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં અથવા રોજી પર હોય તે વ્યકિતઓ.
(૨) કોઈ લગ્નના વરઘોડાને.
(૩) ફરજ પર હોય તેવી ગ્રામ રક્ષકદળની વ્યકિતઓને.
(૪) કોઈપણ સ્મશાન યાત્રાને.
(૫) કોઈપણ રાષ્ટ્રીય કાર્યક્રમને.

આ હુકમમાંથી સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, તેઓના મુખ્ય મથક વિસ્તાર માટે તથા તાલુકા એકઝકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, તેઓના તાલુકા વિસ્તાર માટે મુકિત આપી શકશે એટલે કે સરઘસ તથા સભા અંગેની પરવાનગી અંગે સ્થાનિક પરિસ્થિતિ તથા પોલીસ ખાતાનો અભિપ્રાય મેળવી આપવાની રહેશે.

આ હુકમનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા-કલમ (૩) મુજબ અને ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ના ( સને ૧૮૬૦ ના ૪૫માં) ની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૭મી નવેમ્બર ૧૯૯૫ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો.

જી. સી. બ્રહ્મભટ્ટ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 188

REGISTERED No.G-BA-14E

(C)

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

Vol. XXXVI ] FRIDAY, NOVEMBER 24, 1995 / AGRAHAYANA 3, 1917

**Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation**

# PART I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૩ની પેટા-કલમ (૧) (બી) હેઠળ નો નિયમ.]

ક્રમાંક ઉગપક/જાહેરનામું/૨૩૭૦૬/૯૫.—મુંબઇ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ( સને ૧૯૫૧ના મુંબઇના ૨૨માં )ની કલમ ૩૩ની પેટા-કલમ (૧) (બી) હેઠળ મળેલી સત્તાની રુએ લડોદરા શહેરમાં બહાર પાડવા ધારેલા જાહેરનામાંનો મુસદ્દો તેનાથી અસર થતા લાગતા વળગતા તમામની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે. સદર જાહેર-નામું ગુજરાત સરકારશ્રીના ગેઝેટમાં (અસાધારણ) રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૩૦ દિવસની અંદર કોઇપણ વ્યકિત તરફથી વાંધાઓ સુચનો પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરના ચોતરફ લેખિતમાં મોકલવામાં આવશે તો તે સુચનો ઉપર યોગ્ય વિચારણા કરવામાં આવશે.

પ્રાથમિક જાહેરનામાનો મુસદ્દો

મુંબઇ પોલીસ અધિનિયમ ( સને ૧૯૫૧ના મુંબઇના ૨૨માં )ની કલમ (૧) (બી) હેઠળ મળેલ સત્તાની રુએ વડોદરા શહેર મ્યુ. કોર્પોરેશન ની હદ વિસ્તારમાં લોકોને અડચણ અને અગવડ ન થાય તેમજ વાહન વ્યવહાર સરળ અને સલામત રીતે પસાર થાય તે હેતુથી નીચે મુજબનો નિયમ કરુ છું.

(૧) વડોદરા શહેરમાં દક્ષિણ તરફથી આવતી એસ. ટી. બસો તેમજ ખાનગી લકઝરી બસો ઉપર કાલા ઘોડા સર્કલ થી રેલ્વે સ્ટેશન થઇ એસ. ટી. ડેપો તરફ જવા ઉપર પ્રતિબંધ મુટવામાં આવે છે.

કાલા ઘોડાથી આ બસો જમણી તરફ વહળી નરહરી હોસ્પીટલ થઇ ફત્તેગંજ સર્કલ ( આઇસીપીએલ સર્કલ ) થઇ ડાબી બાજુ વળી શાસ્ત્રી પુલની ડાબી સાઇડ થઇ પંડયા હોટલ થઇ રેલ્વેસ્ટેશન તરફ તેમજ એસ ટી ડેપો તરફ જઇ શકશે.

(૨) એસ. ટી. ડેપોથી ઉત્તર તરફ જતી બસો એસ ટી ડેપોના ગેટથી જમણી બાજુ વળાંક લઇ નવાયાર્ડ તરફ જવા ઉપર પ્રતિબંધ

મુકવામાં આવે છે આ બસો ડાબી સાઈડે વળી સ્ટેશન કાલાઘોડા થઈ ડાબી બાજુ વળી ફત્તેગંજ સર્કલ થઈ ઉત્તર તરફ જઈ શકશે.

(૩) એસ. ટી. ડેપોનો નવાયાર્ડ તરફનો ગેટ પ્રવેશ કરવા માટે તેમજ સ્ટેશન તરફનો ગેટ બહાર આવવા માટે નક્કી કરવામાં આવે છે. એટલે કે એસ. ટી. બસો ને જમણી બાજુ વળી એસ. ટી. ડેપોની અંદર ઉપર તેમજ જમણી બાજુ વળાંક લઈ એસ. ટી. ડેપો થી બહાર આવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

(૪) આ પ્રતિબંધ સીટી બસો ઉપર લાગુ પડશે નહી.

(૫) સીટી બસોના રેલ્વે સ્ટેશન સામે આવેલ સેંટ્રલ બસ સ્ટેન્ડ થી એસ. ટી. બસોના સ્ટેશન તરફ જઈ જમણી બાજુ વળી અમદાવાદી પોળ બસ સ્ટેન્ટ તરીકે રખાતા પાથિકભવન ની સામેના બસ સ્ટેન્ડ તરફ જમણી બાજુ વાળવા પ્રતિબંધ મુકવામાં આવે છે.

મેં આજરોજ તારીખ ૨૦મી નવેમ્બર ૧૯૯૫ના રોજ મારી સહી સિક્કા કરી મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર, વડોદરા શહેર.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 189

REGISTERED No. G-BA-14-E

(C)

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

Vol. XXXVI ] FRIDAY, NOVEMBER 24, 1995 / AGRAHAYANA 3, 1917

**Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation**

# PART I

# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭(૧) અન્વયેનું.

નંબર પીઓએલ/જાહેરનામું/૩૭(૧)/૯૫.—જિલ્લામાં આગામી તારીખ ૧૬મી/૧૭મી નવેમ્બર ૧૯૯૫ના રોજ ખેડબ્રહ્મા મુકામે કોંગ્રેસ અધિવેશન તથા તારીખ ૧૬મી નવેમ્બર ૧૯૯૫ના રોજ આંબલીયારા મુકામે આવેલ ગુજરાત વિદ્યુત બોર્ડ સબસ્ટેશને તાળું મારવાનો કાર્યક્રમ ભારતીય કિસાન સંઘ તરફથી અપાયેલ છે. જેથી આવા કાર્યક્રમો જિલ્લાના અન્ય સ્થળે પણ અપાય તેવી શકયતા હોઇ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તકેદારીના પગલાં રૂપે નીચે મુજબનો હુકમ કરવો જરૂરી છે:—

વાસ્તે, હું, કે. શ્રીનિવાસ (આઇ. એ. એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૧) થી મને મળેલ અધિકારની રુએ તારીખ ૧૭મી નવેમ્બર ૧૯૯૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૦મી નવેમ્બર ૧૯૯૫ ના કલાક ૨૪-૦૦ સુધી સમગ્ર જિલ્લામાં નીચેના કૃત્યોની મનાઇ ફરમાવું છું:—

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પું, લાઠી કે લાકડી કે જેનાથી શારીરિક ઇજા કરી શકાય તે સાથે ફરવાનું ;

(૨) પથ્થરો અથવા સ્ફોટક પદાર્થો સાથે ફરવાનું ;

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે ફેંકવાના કે નાખવાના કે ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઇ જવાનું, ફરવાનું કે એકઠા કરવાનું તથા તેમ કરવાનું,

(૪) કોઇ સરઘસમાં જલતી કે પેટાવેલી મશાલ લઇ જવાનું,

(૫) વ્યકિતઓ અથવા તેનું શબ, આકાર અથવા પુતળા દેખાડવાનું સુત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગીતો ગાવાનું,

(૬) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું, જેનાથી સુરુચિ અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવા તથા હાવભાવ તથા ચેષ્ટા કરવાનું તથા પત્રો, પત્રિકાઓ, પ્લેકાર્ડો અથવા તેનો ફેલાવો કરવાનું.

અપવાદ.—આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી :—

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિતઓ કે જેના ઉપરી અધિકારીએ આવું કોઇ હથિયાર લઇ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઇ હથિયાર સરકારી ફરજ બજાવવા સાથે રાખવાનું આવશ્યક હોય.

(૨) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, અથવા



INDEX

તેઓએ અધિકૃત કરેલા કોઈ પણ અધિકારીશ્રીએ જે શારીરિક અશકિતના કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય વ્યકિતઓ.

૩. કોઈ ધાર્મિક તહેવારની ઉજવણી માટે આ જાહેરનામામાં ઉલ્લેખ કરેલ હોય તે પૈકીના હથિયારો, ધાર્મિક રીવાજોને અનુરૂપ ઉપયોગ કરવા માટે જિલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા તે વિસ્તારના સબડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીએ, અગાઉથી લેખિત મંજરી આપી હોય તેવી સંસ્થા કે વ્યકિતઓ.

૪. ખેતીના કામે ઓજારો લઈ જતા ખેડૂતોને.

આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સો ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૧) હેઠળ ઓછામાં ઓછી ચાર માસ કે વધુમાં વધુ એક વર્ષની કેદની સજા થઈ દંડને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૬મી નવેમ્બર ૧૯૯૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરીને આપ્યો.

કે. શ્રીનિવાસ,
જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા,
હિંમતનગર.

---

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયેનું

નંબર પીઓએલ /જાહેરનામું / ૩૭ (૩) / ૯૫.—જિલ્લામાં આગામી તારીખ ૧૬મી /૧૭મી નવેમ્બર ૧૯૯૫ના રોજ ખેડબ્રહ્મા મુકામે કોંગ્રેસ અધિવેશન તથા તારીખ ૧૭મી નવેમ્બર ૧૯૯૫ના રોજ આંબલીયારા મુકામે આવેલ ગુજરાત વિદ્યુત બોર્ડ સબસ્ટેશને તાળું મારવાનો કાર્યક્રમ ભારતીય કિસાન સંઘ તરફથી અપાયેલ છે. જેથી આવા કાર્યક્રમો જિલ્લાના અન્ય સ્થળે પણ અપાય તેવી શકયતા હોઈ સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તકેદારીના પગલાં રૂપે નીચે મુજબનો હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે, હું, કે. શ્રીનિવાસ (આઈ. એ. એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂએ આથી સાબરકાંઠા જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં તારીખ ૧૭મી નવેમ્બર ૧૯૯૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૦મી નવેમ્બર ૧૯૯૫ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી. અથવા કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ સરઘસ કાઢવું નહી.

ખુલાસો —

આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે જેઓ સરકારી ફરજ પર હોય તેઓને તથા ખેતીના ઓજારો વિગેરે લઈ જતા ખેડૂતોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અથવા ભારતના રોજદારી અધિનિયમ ૧૮૬૦ ના ૪૫માં અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૬મી નવેમ્બર ૧૯૯૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરીને આપ્યો.

કે. શ્રીનિવાસ,
જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા
હિંમતનગર.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

Extra No. 190

REGISTERED No. G-BA-14-E

(C)

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

Vol. XXXVI ] MONDAY, NOVEMBER 27, 1995 / AGRAHAYANA 6, 1917

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧) (ફ) અન્વયેનો.

નંબર પીઓએલ/વશી-૨૬૩૭.—નાયબ પોલીસ અધિકારી, મુખ્ય મથક, આણંદના તારીખ ૧૫મી નવેમ્બર ૧૯૯૫ના પત્ર ક્રમાંક સીબી-પા. વા. ગો. ફે.-જાહેરનામું-૯૫/૧૭૮૬૭ થી જણાવ્યા પ્રમાણે આણંદ તાલુકાના અહિમા ગામે આણંદ (દ) વિભાગના પોલીસ અધિકારીઓ તથા પોલીસ માણસોની વાર્ષિક પોલીસ ગોળીબાર પ્રેક્ટીસ તારીખ ૧૮મી નવેમ્બર ૧૯૯૫ થી તારીખ ૧૭મી ડીસેમ્બર ૧૯૯૫ સુધી રાખેલ હોઈ જાહેર જનતાની સલામતી જળવાઇ રહે તે હેતુસર ફાયરીંગ બટ વિસ્તારમાં અવર જવર બંધ કરવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતિ કરી છે.

વાસ્તે હું, એમ. એ. ચૌહાણ, ઇ. ચા. જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧) (ફ) થી મળેલ સત્તાની રૂઇએ અહિમા, તાલુકા આણંદ ગામની સીમમાં ઉત્તર દિશામાં મહીસાગર નદીના કોતરમાં બટ ખાતેના ફાયરીંગ કેમ્પ દરમ્યાન મનુષ્યો, જાનવરો, વિગેરેને જાનહાની ન થાય તે માટે ઉક્ત સ્થળ તારીખ ૧૮મી નવેમ્બર ૧૯૯૫ થી ૧૭મી ડીસેમ્બર ૧૯૯૫ સુધી ( બંને દિવસો સુધ્ધાંત ) અવર-જવર તથા જાહેર ઉપયોગ માટે બંધ કરવા હુકમ કરું છું.

સદરહુ કેમ્પ દરમ્યાન જાહેર જનતાને ફાયરીંગ બટમાં ગોળીબાર પ્રેક્ટીસ દરમ્યાન વગર પરવાનગીએ પ્રવેશ કરવો નહી, તથા પોતાના આશ્રિત પશુઓને સ્થળથી દૂર રાખવા તથા સદરહું જગામાં પશુઓ અવર-જવર ન કરે તેની તકેદારી રાખવી તથા ગોળીબાર પ્રેક્ટીસ સમય દરમ્યાન બહારના કોઇપણ માણસ, ઢોર વિગેરે પ્રવેશે નહી તેની તકેદારી રૂપે પોલીસગાર્ડની વ્યવસ્થા ફાયરીંગ કેમ્પના આજુબાજુના વિસ્તારમાં રાખવાની રહેશે.

સદરહુ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૬મી નવેમ્બર ૧૯૯૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

એમ. એ. ચૌહાણ,
ઇ. ચા. જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા.





PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 192 REGISTERED No. G BA-14-E

C

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol XXXVI] WEDNESDAY, NOVEMBER 29, 1995 / AGRAHAYANA 8, 1917

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માંની કલમ-૩૭(૪) મુંજબ.

નંબર એમએજી/વશી/૩૩૮૯/૯૫.—ખેરાલુ તાલુકાના ધરોઇ ગામના ડેમ પાસે આવેલ સ. નં. ૫૦માં મહેસાણા જિલ્લાના પોલીસ કર્મચારીઓની વાર્ષિક ગોળીબાર પ્રેક્ટીસ તારીખ ૨૮મી નવેમ્બર ૧૯૯૫ થી તારીખ ૩૧મી ડીસેમ્બર ૧૯૯૫ સુધી લેવાનાર હોઇ લોકોની તથા ઢોરઢાંખરની સલામતિ માટે સાવચેતીના પગલાં લેવાની આવશ્યકતા જણાય છે.

વાસ્તે, હું, જે. ડી. દેસાઇ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪) અન્વયે મને મળેલ સત્તાની રુએ ખેરાલું તાલુકાના ધરોઇ ગામના ધરોઇ ડેમવિસ્તાર તથા સ. નં. ૫૦ તથા તેની આજુબાજુના ૨ કિ. મી. વિસ્તારમાં તારીખ ૨૮મી નવેમ્બર ૧૯૯૫ થી તારીખ ૩૧મી ડીસેમ્બર ૧૯૯૫ સુધી સવારના ૭-૦૦ કલાકથી સાંજના ૧૮-૦૦ કલાક સુધી સાવચેતીના પગલાં રૂપે માણસો તથા ઢોરઢાંખરની અવર જવર કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમનો ભંગ કરનાર અગર ઉલ્લંઘન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં મદદગીરી કરનાર શખ્સ મુંબઇ પોલીસ અધિનિયમની ૧૯૫૧ની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૪મી માહે નવેમ્બર ૧૯૯૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યા.

જે. ડી. દેસાઇ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.



PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 193

REGISTERED No. G-BA-14-E

(C)

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI ] THURSDAY, NOVEMBER 30, 1995 / AGRAHAYANA 9, 1917

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### અધિક પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલ હુકમ.

ક્રમાંક એસ.બી./ઉગપક/જાહેરનામું/૬૫૯૦/૯૫.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માં અધિનિયમ કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, પી. એલ. જાની (આઈ.પી.એસ.), અધિક પોલીસ કમિશનર, વડોદરા શહેર.

વડોદરા શહેરની હાલની પરિસ્થિતિને લક્ષમાં રાખી જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવા સારૂ આથી હું ફરમાવું છું કે, વડોદરા શહેરનો સમગ્ર વિસ્તાર એટલે કે પોલીસ કમિશનર વિસ્તારમાં તારીખ ૧લી ડિસેમ્બર, ૧૯૯૫નાં કલાક ૦૦-૦૦થી તારીખ ૧૫મી ડિસેમ્બર, ૧૯૯૫નાં કલાક ૨૪-૦૦ સુધી કોઈએ,

(ક) કોઈ પ્રકારના શસ્ત્રો, તલવાર, ભાલા, લાકડી, બંદૂક જેવા સાધનો કે ચીજથી હિંસા થઈ શકે તેવી કોઈ વસ્તુ લઈ જવી કે કબજામાં રાખવી નહીં ;

(ખ) પથ્થરો અથવા ફેંકવાના સાધનો એકત્રિત કરવા કે તૈયાર કરવા નહીં;

(ગ) કોઈ ભયાનક પદાર્થ કે સ્ફોટક પદાર્થ લઈ જવો નહીં ;

(ઘ) કોઈ શબ, આકૃતિ કે પૂતળા દેખાડવા નહીં;

(ચ) સરઘસમાં સળગતી મશાલ લઈ જવી નહીં;

(છ) અપમાન કરવાના ઈરાદાથી કે બદનામ કરવાના ઈરાદાથી જાહેરમાં સુત્રો પોકારવા નહીં અથવા ટોળામાં ફરવું નહીં;

(જ) જેનાથી સુરૂચિ અથવા કોઈ ચીજવસ્તુ કે પદાર્થ તૈયાર કરવા નહીં અગર ફેલાવો કરવો નહીં.

આ હુકમનો ભંગ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડતો નથી :—

(૧) સરકારી નોકર કે તેવું કામ કરતી વ્યકિતઓ કે તેવું કામ ઉપરી અધિકારીએ આવું કોઈ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અગર હથીયાર લઈ જવાની ફરજ હોય તેમજ પરવાનેદાર વ્યકિતને.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા અધિકૃત કરેલ કોઈ અધિકારીએ જેની શારીરિક અશકિતને કારણે લાકડી લઈ જવાની પરવાનગી આપેલ હોય તે વ્યકિતને.

મેં આજ તારીખ ૩૦મી, નવેમ્બર ૧૯૯૫ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

પી. એલ. જાની,
અધિક પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

——

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧નો ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) (બી) મુજબનો હુકમ.

ક્રમાંક એસ. બી /ઉગપક/જાહેરનામું/૬૫૯૧/૯૫.—વડોદરા શહેરમાં ધાર્મિક તહેવારો આવતા હોય શહેરમાં કેટલાક ઈસમો, બાળકો છોકરાઓ કોમી સંવેદનશીલ વિસ્તારમાં સલામતિ જોખમાય તે રીતે ક્રિકેટની રમત રમી, રમાડી, શેરીઓ, ગલીઓમાં કે જાહેરમાર્ગો ઉપર ટ્રાફીકને અડચણ થાય તે રીતનો વ્યવહાર વર્તન કરતા હોય તેના કારણે સુલેહ શાંતિ જોખમાય તે સંભવ હોય આથી આ કૃત્ય અટકાવવું અંત્યત જરૂરી હોય તેથી,

હું, પી. એલ. જાની (આઇ. પી. એસ.), અધિક પોલીસ કમિશનર, વડોદરા શહેર, મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૩૭ (૧) (બી) મુજબ મને મળેલ સત્તાની રુએ ફરમાવું છું કે, શહેરનાં પોલીસ કમીશનર વિસ્તારમાં તારીખ ૧લી ડીસેમ્બર ૧૯૯૫ થી કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી ડીસેમ્બર ૧૯૯૫ના કલાક ૨૪-૦૦ સુધી કોઈપણ ઈસમ, બાળકો, છોકરાઓ, વિગેરે સરીયામ રોડ રસ્તા, કે જાહેરમાર્ગો ગલીઓમાં ક્રિકેટની રમત રમવી કે રમાડવી નહી અથવા તેવી કોઇ પ્રવૃત્તિ કરવી નહી.

મેં આજ તારીખ ૩૦મી નવેમ્બર ૧૯૯૫નાં રોજ મારી સહી કરી સીક્કો મારેલ છે.

પી. એલ. જાની,
અધિક પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

INDEX

Extra No. 194

REGISTERED No. G-BA 14-E

(C)

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

Vol. XXXVI ] THURSDAY, NOVEMBER 30, 1995 / AGRAHAYANA 9, 1917

**Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation**

# PART I

# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### કલેકટર દ્વારા

જાહેરનામુ

ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬.

ક્રમાંક ઉમક-૫/જીજી-ક્યુએલ-રીગ્રાન્ટ-૭૬.—જે અર્થે કલેકટરશ્રી પંચમહાલ તેમની કચેરીના આદેશ નંબર જીજી-ક્યુએલ-૧૧૬૭-૬૭૮૫ન તારીખ ૨૫મી નવેમ્બર, ૧૯૯૩, જે અન્વયે શ્રી શબ્દસહાય અંબાલાલ બારોટને મોજે ટીંબા તાલુકો ગોધરાના સર્વે નંબર ૮૮૩ને લાગુ મહી નદી પટ્ટ પૈકી ૧ ૦૦ ૦૦ હેકટર વિસ્તારમાંથી બ્લેક ટ્રેપ ખનિજ કાઢવા પાંચ વરસથી મુદતથી કવોરીલીઝ ગુજરાત ગૌણ ખનિજ ધારા ૧૯૬૬ મુજબ મંજુર કરી આપવામાં આવેલ હતું.

"મંજુર કરેલ કવોરીલીઝ નુ મંજુરી હુકમ તારીખ ૨૫મી નવેમ્બર ૧૯૯૩ થી ત્રણ માસની સમય મર્યાદામાં કરારખત કરાવી લેવામાં અરજદાર નિષ્ફળ ગયેલ હોવાથી મંજુરી હુકમ રીવોક કરેલ હોવાથી."

જેથી હવે ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬ ના નિયમ-૧૮ (૧) ની હેઠળ વિસ્તાર જાહેર કરવાનો પાત્ર થતો હોઈ નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ વિગતનો વિસ્તાર આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસો બાદ ખુલ્લો જાહેર કરવામાં આવે છે. જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસોની અંદર આવેલી અરજીઓ અપરિપકવ ગણવામાં આવશે.

પરિશિષ્ટ

| ગામ | તાલુકો | જિલ્લો | સર્વે નંબર | વિસ્તાર (હેકટર) |
|---|---|---|---|---|
| ટીંબા | ગોધરા | પંચમહાલ | ૮૮૩ ની સામે મહી નદી પટ્ટ પૈકી | ૧ ૦૦ ૦૦ |

ગોધરા, તારીખ ૧૪મી નવેમ્બર, ૧૯૯૫.

સી. એલ. મીના,
આઈ. એ. એસ.,
કલેકટર, પંચમહાલ, ગોધરા.



Supple. C. G. I.—Extra—194/1

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

Extra No. 195

REGISTERED No. G-BA -14-E

(C)

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

Vol. XXXVI ] THURSDAY, NOVEMBER 30, 1995 / AGRAHAYANA 9, 1917

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART I

# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૩(૧) (ખ) મુજબનું.

નંબર ઉ/મકપ/પલસ/વશી-૫૯૫૬/ ગોધરા શહેર ખાતે શહેરા ભાગોળ વિસ્તારમાં ગોધરા દાહોદ રેલ્વે લાઇન પર રેલ્વે ખાતા તરફથી રેલ્વે લાઇન તથા તેના સ્લીપર બદલવાની કામગીરી શરૂ કરવાની હોઇ, ગોધરા ખાતે શહેરા ભાગોળ રેલ્વે ક્રોસીંગ દરવાજો નંબર ૪ તારીખ ૨૯મી નવેમ્બર ૧૯૯૫ના સવારના ૮-૦૦ વાગ્યાથી તારીખ ૩૦મી નવેમ્બર ૧૯૯૫ના સાંજના ૭-૦૦ કલાક સુધી ટ્રાફીક તથા જાહેર જનતાની અવર જવર માટે બંધ રાખવા જરૂરી હુકમ કરવા પરમેનન્ટ વે ઇન્સ્પેકટરશ્રી ( આર ) વેસ્ટર્ન રેલ્વે ગોધરાએ તેઓના તારીખ ૨૫મી નવેમ્બર ૧૯૯૫ના પત્ર ક્રમાંક ડબલ્યુ ૬૨૩/૯૨-૯૩/૫ થી વિનંતિ કરેલ છે. જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ તેઓના પત્ર નં. ટફક/સીબી/૪/૨૨૦૪૧/૯૫ તારીખ ૨૭મી નવેમ્બર ૧૯૯૫ થી અભિપ્રાય આપેલ છે.

જેથી સદરહુ રેલ્વે લાઇનના રીપેરીંગ કામ દરમ્યાન કોઇ અકસ્માત કે જાનહાનિ ન થાય તે માટે જાહેર હિતમાં કામ કરવું જરૂરી જણાતાં મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ની પેટા-કલમ (૧) (ખ) અન્વયે મને મળેલ અધિકારની રૂએ હું, સી. એલ. મીના, આઇ. એ. એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા તે પંચમહાલ જિલ્લાના ગોધરા શહેરના શહેરા, ભાગોળ ખાતે આવેલ ગોધરા દાહોદ રેલ્વે લાઇનના ક્રોસીંગ દરવાજા નંબર ૪માંથી તારીખ ૨૯મી નવેમ્બર ૧૯૯૫ સવારના ૮-૦૦ કલાકથી તારીખ ૩૦મી નવેમ્બર ૧૯૯૫ના સાંજના ૧૭-૦૦ કલાક સુધી તમામ પ્રકારના ટ્રાફીક તથા જાહેર જનતાની અવર જવર માટે પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધ દરમ્યાન અવર જવર તથા વાહન વ્યવહાર રેલ્વે ઓવર-બ્રીજ થી કરવાનો રહેશે.

આજ તારીખ ૨૭મી નવેમ્બર ૧૯૯૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

સી. એલ. મીના,
જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ,
ગોધરા.



PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 196 REGISTERED No. G-BA-14-F

(C)

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI ] MONDAY, DECEMBER 4, 1995 / AGRAHAYANA 14, 1917

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (ફ) અન્વયેનો હુકમ.

નંબર પીઓએલ/વશી-૨૯૨૪.—જિલ્લા પોલીસ અધિકારી (૭) ખેડાના તારીખ ૨૮મી નવેમ્બર, ૧૯૯૫ના પત્ર ક્રમાંક સીબી/૩/વા. ફા. પ્રે/વશી-૨૨૬૩૪ થી જણાવ્યા પ્રમાણે ખેડા ઉત્તર વિભાગના પોલીસ અધિકારીઓની ૧૯૯૫ના વર્ષની વાર્ષિક રીવોલ્વર ફાયરીંગ પ્રેકટીસ ખેડા કેમ્પ ખાતેના ફાયરી ગ બટ ખાતે તારીખ ૪થી ડીસેમ્બર, ૧૯૯૫ અને તારીખ ૫મી ડીસેમ્બર, ૧૯૯૫ના રોજ રાખેલ હોઈ, જાહેર જનતાની સલામાત જળવાઈ રહે તે માટે ફાયરીંગ બટ વિસ્તારમાં અવર જવર કરવા બંધ કરવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતિ કરી છે.

વાસ્તે, હું પી. ડી. વાઘેલા, જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ખેડા મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧) (ફ) થી મળેલ સત્તાની રૂએ ખેડા કેમ્પ ખાતેના ફાયરીંગ બટ ખાતે ફાયરીંગ કેમ્પ દરમ્યાન મનુષ્યો જાનવરો વિગેરેને જાનહાની ન થાય તે માટે ઉકત સ્થળ તારીખ ૪થી ડીસેમ્બર ૧૯૯૫ અને તારીખ ૫મી ડીસેમ્બર, ૧૯૯૫ ( બંને દિવસો સુધ્ધાંત ) અવર-જવર તથા જાહેર ઉપયોગ માટે બંધ કરવા હુકમ કરું છું.

સદરહુ કેમ્પ દરમ્યાન જાહેર જનતાને ફાયરીંગ બટમાં ગોળીબાર પ્રેકટીસ દરમ્યાન વગર પરવાનગીએ પ્રવેશ કરવો નહીં તથા પોતાના આશ્રીત પશુઓને આ સ્થળથી દૂર રાખવા તથા સદરહુ જગામાં પશુઓ અવર-જવર ન કરે તેની તકેદારી રાખવી તથા ગોળીબારના પ્રેકટીસ સમય દરમ્યાન બહારના કોઇપણ માણસ, ઢોર વિગેરે પ્રવેશે નહીં તેની તકેદારી રુપે પોલીસ ગાર્ડની વ્યવસ્થા ફાયરીંગ કેમ્પના આજુ-બાજુના વિસ્તારમાં રાખવાની રહેશે.

સદરહુ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ, તારીખ ૨જી ડિસેમ્બર, ૧૯૯૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

પી. ડી. વાઘેલા,
જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા.



PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 197

REGISTERED No. G-BA-14-E

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

Vol XXXVI ] WEDNESDAY, DECEMBER 6, 1995 / AGRAHAYANA 15, 1917

Separate paging is given to each part of the Supplement to the Central Gazette
and Central Section in order that it may be filed as separate compilation

## PART-I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭(૧) અન્વયે બહાર પાડેલ.

નંબર પોલ/જાહેરનામું /૪૩૦૫ થી ૪૩૪૨/૯૫. —મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ( મુંબઈ ૨૨મા) અધિનિયમની કલમ-૩૭ (૧) (ક) અન્વયે મળેલ સત્તાની રૂઈએ હું, કે. સોમન, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા હાલમાં શિક્ષકોની માગણીઓના અનુસંધાને તેઓ તરફથી કરવામાં આવેલ શૈક્ષણિક કાર્યનો બહિષ્કાર/ ખેડુતોને જી.ઈ.બી. તરફથી ઓછો પુરવઠો મળવાને કારણે ખેડુત સમાજ સંઘ આંદોલન કરી રહેલ હોય તેમજ હાલની રાજકીય પરિસ્થિતિને અનુલક્ષીને જિલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ ના બને તે માટે જાહેર શાંતી અને સલામતી જાળવવા ફરમાવું છું, કે વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં તારીખ ૩જી ડીસેમ્બર ૧૯૯૫ના રોજ ૦૦/૦૦ કલાકથી તારીખ ૧૭મી ડીસેમ્બર ૧૯૯૫ના રોજ ૨૪/૦૦ કલાક સુધી કોઈએ--

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, બંદુક, છરા, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈપણ સાધન લઈ જવુ નહી;

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહી;

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી કોઈપણ વસ્તુઓ અને ફેંકવાના, ધકેલવાના યંત્રો સાધનો લઈ જવા નહી કે એકઠા કરવા નહી, અથવા તૈયાર કરવા નહી.

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી;

(ડ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહી. અશ્લિલ ગીતો ગાવા નહી. અથવા ટોળામાં ફરવું નહી;

(ચ) જેનાથી સુરુચી નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી તેવા હાવભાવ કરવા નહી, અથવા તેવા ચિત્રો, પત્રીકા, પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પણ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવી નહી, બનાવવી નહી, તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમના ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી ;—

(૧) સરકારી નોકરીનું કામકાજ કરતા કોઈ વ્યકિત તેના ઉપરી અધીકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા તેવું કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય,

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી અથવા જિલ્લા પોલીસ અધિકારીશ્રી તેમણે અધીકૃત કરેલ કોઈ પોલીસ અધિકારી કે જેને શારીરિક અશકિતને કારણે લાકડી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર માસ અને વધુમાં વધુ (એ ૧) વર્ષની કેદની સજા થશે. આ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૧૩૫ (૧) મુજબ દંડની પણ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨જી ડીસેમ્બર ૧૯૯૫નારોજ મારી સહી સીક્કો કર્યો.

કે. સોમન,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

---

જાહેરનામું

**મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે બહાર પાડેલ.**

નંબર પોલ/ જાહેરનામું/૪૩૪૩ થી ૪૩૮૦/૯૫.—હાલમાં શિક્ષકોની માંગણીઓના અનુસંધાને તેઓ તરફથી કરવામાં આવેલ શૈક્ષણિક કાર્યનો બહિષ્કાર/ખેડુતોને જી. ઈ. બી. તરફથી ઓછો પુરવઠો મળતો હોય ખેડૂત સમાજ સંઘ જી.ઈ.બી. સામે આંદોલન કરી રહેલ હોય, તેમજ હાલની રાજકીય પરિસ્થિતિને અનુલક્ષી જિલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુથી વડોદરા જિલ્લાના પોલીસ કમિશ્નરશ્રી, વડોદરા (શહેર) વડોદરાના હકુમત સિવાયનો વિસ્તાર એટલે વડોદરાના જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં સુલેહ-શાંતિ અને સલામતી જાળવવા અત્યંત જરૂરી હોઈ, વ્યકિતઓની મંડળી, સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાયું છે.

તેથી હવે, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ-૨૨માં) ની કલમ-૩૭ ની પેટા-કલમ-(૩) થી મને મળેલ સત્તાની રૂઈએ હું, કે. સોમન, હવાલાના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા, ઉપરોકત વિસ્તારોમાં તારીખ ૩જી ડિસેમ્બર ૧૯૯૫ના ૦૦-૦૦ કલાક થી તારીખ ૧૭મી ડીસેમ્બર ૧૯૯૫ ના રોજ ૨૪-૦૦ કલાકના સમય દરમ્યાન,

(૧) ચાર કરતાં વધુ વ્યકિતઓએ ભેગા થવું નહી.

(૨) સભા ભરવી નહી કે બોલાવવી નહી.

વધુમાં હું આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહી :—

(૧) સરકારી નોકરીમાં અથવા રોજી પર હોય તે વ્યકિતઓ,

(૨) કોઈ લગ્નના વરઘોડાને,

(૩) ફરજ પર હોય તેવી ગ્રામ રક્ષક દળની વ્યકિતઓને,

(૪) કોઈપણ સ્મશાન યાત્રાને,

(૫) કોઈપણ રાષ્ટ્રીય કાર્યક્રમને.

આ હુકમમાંથી સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી તેઓના મુખ્ય મથક વિસ્તાર માટે તથા તાલુકા એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, તેઓના તાલુકા વિસ્તાર માટે મૂકિત આપી શકશે એટલે કે, સરઘસ તથા સભા અંગેની પરવાનગી અંગે સ્થાનિક પરિસ્થિતિ તથા પોલીસ ખાતાનો અભિપ્રાય મેળવી આપવાનો રહેશે.

આ હુકમનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા-કલમ-(૩) મુજબ અને ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ ના (સને ૧૮૬૦ના ૪૫-માં) ની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૨જી ડિસેમ્બર ૧૯૯૫ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો.

કે. સોમન,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 198 REGISTERED No.G-BA 14-E

C

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

### PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI ] THURSDAY, DECEMBER 7, 1995 / AGRAHAYANA 16, 1917

**Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation**

# PART I

# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭ (૧) અન્વયેનો.

નંબર પીઓએલ/વશી/૨૯૫૭.—તારીખ ૬ઠ્ઠી ડીસેમ્બર ૧૯૯૫ના રોજ ડાકોર મુકામે રણછોડજી મંદિર ખાતે માગસર સુદ પુનમ નિમીત્તે મેળો ભરાનાર હોઇ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે અને કોઇ અનિચ્છનીય બનાવ ન બને તથા જિલ્લાના સંવેદનશીલ અતિસંવેદનશીલ વિસ્તારોમાં તેના અનુસંધાનમાં કોઇ અવળા પ્રત્યાઘાત ન પડે તે માટે મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) મુજબનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે, હું, એમ. એ. ચૌહાણ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા અને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂએ સમગ્ર ખેડા જિલ્લામાં તારીખ ૫મી ડીસેમ્બર ૧૯૯૫ અને ૬ઠ્ઠી ડીસેમ્બર ૧૯૯૫ (બંને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઇ ફરમાવું છું.

(૧) હથીયાર, તલવાર, ભાલા, ધોકા, છરા, લાકડી કે લાઠી સળગતી મશાલ અથવા બીજા હથીયારો કે જેનાથી શારીરીક ઇજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું;

(૨) કોઇપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું;

(૩) મનુષ્યો અથવા શબ તેમજ પુતળા દેખાડવાનું;

(૪) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઇરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગીતો ગાવાનું;

(૫) જેનાથી સુરૂચિ અથવા નીતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા તેવા ચિત્રો, પ્રતિકો, પ્લેકાર્ડો અથવા બીજા કોઇપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું, બતાવવાનું અથવા ફેલાવો કરવાનું.

વિસ્તાર : સમગ્ર ખેડા જિલ્લો.

અપવાદ.—આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઇપણ વ્યકિત કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઇપણ હથીયાર સાથે લઇ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઇ હથીયાર લઇ જવાની જેની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસ વડાશ્રી કે તેમણે અધિકૃત કરેલ કોઇપણ પોલીસ અધિકારીએ

કે જેને શારીરિક અશક્તિને કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિ.

આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૬ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ જથી માહે ડીસેમ્બર ૧૯૯૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

એમ. એ. ચૌહાણ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા.

---

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૩ (૧) અન્વયેનો.

નંબર પીઓએલ/વશી/૨૯૫૦.—તારીખ ૬ઠ્ઠી ડીસેમ્બર ૧૯૯૫ ના રોજ રણછોડજી મંદિર ડાકોર ખાતે માગશર સુદ પુનમનો મેળો ભરાનાર છે. સદર મેળામાં ઘણા મોટા પ્રમાણમાં ભાવિક ભક્તો અને ધાર્મિક યાત્રિકો ગુજરાતભરમાંથી આવતા હોય છે. તે વખતે આડેધડ વાહનો પાર્ક થતા હોઈ આમ જનતા તથા યાત્રિકોને ભારે હાલાકી ભોગવવી પડે છે. પરીણામે નાના મોટા અકસ્માતો થવાનો સંભવ રહે છે. જેથી આવા તહેવાર નીમીત્તે ટ્રાફિકનું નિયંત્રણ કરવું જરૂરી બને છે.

સબબ હું, એમ. એ. ચૌહાણ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) થી મને મળેલ સત્તાની રૂએ તારીખ ૫મી ડીસેમ્બર ૧૯૯૫ અને ૬ઠ્ઠી ડીસેમ્બર ૧૯૯૫ (બંને દિવસો સુધ્ધાંત) ડાકોર નગરપાલીકાના તમામ જકાત નાકાની અંદરના ભાગમાં ચાર પૈડાના વાહનોની પ્રવેશબંધી ફરમાવું છું.

અપવાદ:—સરકારી વાહન, ફાયર બ્રિગેડના વાહનો, એમ્બ્યુલન્સ વાન, એસ. ટી. બસ તથા હાઈવે ઉપરથી બારોબાર પસાર થતા વાહનોને લાગુ પડશે નહીં.

શિક્ષા:—આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ જથી ડિસેમ્બર ૧૯૯૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

એમ. એ. ચૌહાણ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Ex. I - 199, 200, 201, 203, 204, 206, 207, 209,
211, 212, 214

Extra No. 199 REGISTERED No.G-BA-14-E

(C)

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

Vol. XXXVI ] MONDAY, DECEMBER 11, 1995 / AGRAHAYANA 20, 1917

**Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation**

# PART I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઈના પોલીસ અધિનિયમની કલમ ૩૩ની પેટા કલમ (૧) (બી) હેઠળનો નિયમ.

ક્રમાંક જાહેર/ઉગપક/૨૪૧૨૦/૯૫.—મુંબઇ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં) ની કલમ ૩૩ ની પેટા-કલમ (૧) (બી) હેઠળ મળેલી સત્તાની રૂએ બહાર પાડવા ધારેલા જાહેરનામાનો મુસદ્દો તેનાથી અસર થતા લાગતા વળગતા તમામની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે કે સદરહુ જાહેરનામું ગુજરાત સરકારશ્રીના (ગેઝેટમાં) અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી દિન ૩૦ (ત્રીસ) દિવસની અંદર કોઇપણ વ્યકિત તરફથી સુચનો-વાંધાઓ પોલીસ કમીશ્નરશ્રી, વડોદરા શહેર તરફ લેખીત મોકલી આપવામાં આવશે તો તે અંગે યોગ્ય વિચારણા કરવામાં આવશે.

"પ્રાથમિક જાહેરનામાનો મુસદ્દો"

મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના (સને ૧૯૫૧ના મુંબઇના ૨૨માં) ની કલમ-૩૩ની પેટા કલમ(૧) (બી) થી મળેલ સત્તાની રૂએ વડોદરા મ્યુ. કોપો. ની હદ વિસ્તારમાં આવેલ શહેરના જુદા જુદા સ્થળો- માર્ગો ઉપર લોકોને ભય અને અગવડ ના પડે અને વાહન વ્યવહાર સરળતાથી અને સલામત રીતે પસાર થવા મુશ્કેલી કે અવરોધ ઉભો ન થાય તે હેતુથી નીચે મુજબના રસ્તાઓ "નો પાર્કિંગ"નો નિયમ કરું છું.

| અનુ. નંબર | જાહેરનામાના સ્થળ અને વિગત | પ્રકાર |
|---|---|---|
| (૧) | રેલ્વે સ્ટેશન ગરનાળાથી કવિરાજ હોટલ થઇ એકસપ્રેસ હોટલ થઇ જી. ઇ. બી. સર્કલ એટલે કે આર. સી. દત્ત રોડ સુધીના સમગ્ર રોડ તેમજ ફૂટપાથ ઉપર તમામ પ્રકારના વાહનો માટે બંને સાઇડે. | નો પાર્કિંગ |
| (૨) | કાલાઘોડા સર્કલથી સયાજીગંજ પો. સ્ટે. થઇ કડક બજાર નાકા થઇ રેલ્વે ગરનાળા સુધીના રોડ ઉપર. | " |
| (૩) | કાલા ઘોડાથી એમ. એસ. યુની. ફાઇન આર્ટસ, હોમસાયન્સ કોલેજ ગેટ થઇ નરહરી હોસ્પીટલ સુધીનો રોડ તેમજ કમાટીબાગ રોડ બંને સાઇડના રોડ ઉપર તમામ પ્રકારના વાહનો માટે. | " |
| (૪) | રેલ્વે સ્ટેશનથી એસ. ટી. ડેપો થઇ નટરાજ સીનેમા પાસે આવેલ સર્કલ સુધી તમામ પ્રકારના વાહનોને રોડની બંને સાઇડે. | " |
| (૫) | રેલ્વે જેતલપુર નાળાથી ન્યુ ઇન્ડીયા મીલ સુધીનો રોડ બંને સાઇડે તમામ પ્રકારસા વાહનો માટે. | " |
| (૬) | આર. સી. દત્ત રોડ થી ડાબી તરફ કાશી વિશ્વનાથ મંદિર સુધી જોડતો પ્રોડકટીવીટી રોડ બંને સાઇડે તમામ પ્રકારના વાહનો માટે. | " |



INDEX

૭. પથ્થરગેટ પોલીસ ચોકી પાસે આવેલ ત્રણ રસ્તા થઈ ન્યાયમંદિર લાલકોર્ટને જોડતા મદનઝાંપા રોડ ઉપર રોડની કિનારીને અડીને તારીખ ૧-૩-૫-૭-૯ એકી તારીખે તમામ પ્રકારના વાહનો માટે રોડની જમણી સાઈડે પાર્કિંગ અને ડાબી સાઈડે નો પાર્કિંગ અને તેજ પ્રમાણે સદર રોડ ઉપર તારીખ ૨-૪-૬-૮-૧૦ બેકી તારીખે તમામ પ્રકારના વાહનો માટે ડાબી સાઈડે પાર્કિંગ અને જમણી સાઈડે નો પાર્કિંગ.

૮. લાલબાગ રેલ્વે ક્રોસીંગથી ઉત્તર તરફ માંજલપુર નો પાર્કિંગ શ્રેયસ હાઈસ્કુલ થઈ મકરપુરા પોલીસ સ્ટેશન ઓ. એન. જી. સી. સર્કલ, ભવન્સ સ્કુલ સાથે જોડતો રોડ તમામ પ્રકારના વાહનો માટે બંને સાઈડે.

૯. કડક બજાર પાસે આવેલ રીક્ષા સ્ટેન્ડ રદ કરવા કરવામાં આવે છે.

મેં આજ તારીખ ૨૧મી નવેમ્બર ૧૯૯૫ ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

---

## જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈના પોલીસ અધિનિયમની કલમ ૩૩ની પેટા કલમ (૧)(બી) હેઠળનો નિયમ.

ક્રમાંક જાહેરનામુ/ઉગપક/૨૪૧૨૦/૯૫—મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં) ની કલમ ૩૩ ની પેટા કલમ (૧)(બી) હેઠળ મળેલી સત્તાની રુએ બહાર પાડવા ધારેલા જાહેરનામાનો મુસદ્દો તેનાથી અસર થતા લાગતા વળગતા તમામની જાણ માટે પ્રસિદ્ધ કરવામાં આવે છે કે સદરહુ જાહેરનામુ ગુજરાત સરકારશ્રીના (ગેઝેટમાં) અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૩૦ (ત્રીસ) દિવસની અંદર કોઈપણ વ્યકિત તરફથી સુચનો-વાંધાઓ પોલીસ કમીશ્નરશ્રી, વડોદરા શહેર તરફે લેખીત મોકલવામાં આવશે તો તે અંગે યોગ્ય વિચારણા કરવામાં આવશે.

### પ્રાથમિક જાહેરનામાનો મુસદો

મુંબઈ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં) ની કલમ ૩૩ની પેટા-કલમ (૧) (બી) થી મળેલ સત્તાની રુએ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની હદ વિસ્તારમાં આવેલ શહેરના જુદા જુદાં સ્થળો-માર્ગો ઉપર લોકોને ભય અગર અગવડ ના થાય અને વાહન વ્યવહાર સરળતાથી અને સલામત રીતે પસાર થાય તે હેતુથી નીચે મુજબ નિયમ કરું છું.

(૧) ક્રમાંક : જાહેરનામુ ઉગપક—૩૨૯૫૫-૯૨, તારીખ ૪થી નવેમ્બર ૧૯૯૨)

(૧) આર. સી. દત્ત રોડ ઉપર આવેલ એક્સપ્રેસ હોટલ પાસે રેલીંગને અડીને ફૂટપાથની કિનારી પાસે (પાંચ) ૫-ભાડાની ટેક્ષી પશ્ચિમ તરફના મોઢે ઉભી રાખવા અંગેનું પાંચ ટેક્ષીનું સ્ટેન્ડ છે તે રદ ૧ (દુર કરવામાં આવે છે અને સદર જગ્યાએ તમામ પ્રકારના વાહનો માટે ..........................નો-પાર્કિંગ'.

(૨) આર. સી. દત્ત રોડ ઉપર વેલકમ ગ્રુપ હોટલના પશ્ચિમના ઝાંપા પાસે આવેલ થાંભલા થી ૨૦ મીટર સુધી પશ્ચિમ તરફના મોઢે પાંચ(૫) ટેક્ષીઓનુ સ્ટેન્ડ આપવામાં આવેલ તે આથી રદ (દુર) કરવામાં આવે છે અને સદર જગ્યાએ તમામ પ્રકારના વાહનો માટે.............'નો-પાર્કિંગ'.

મેં આજરોજ તારીખ ૨૧ માહે નવેમ્બર સને ૧૯૯૫ ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમીશ્નર-વડોદરા શહેર.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

INDEX

Extra No. 200

REGISTERED No. G-BA-14-E

Ⓒ

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

Vol. XXXV ] MONDAY, DECEMBER 11, 1995 / AGRAHAYANA 20, 1917

**Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation**

# PART I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઈના પોલીસ અધિનિયમની કલમ—૩૩ની પેટા કલમ-(૧) (બી) હેઠળ.

ક્રમાંક એફ/ટફક/જાહેરનામું / ઉગપક/૧૪૭૫/૯૫/૨૯૮૧૦.—મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ( ૧૯૫૧ ના મુંબઈના ૨૨માં ની કલમ-૩૩ ની પેટા-કલમ (૧) (બી) હેઠળ મળેલ સત્તાની રૂએ વડોદરા મ્યુ. કોર્પો. ની હદ વિસ્તારમાં આવેલ સયાજીગંજ વિસ્તારથી મ્યુ. કોર્પો. ના પ્રવાસી ગૃહ પાસેના રસ્તા પર લોકોને ભય અગર અગવડ ના થાય અને વાહન વ્યવહાર ને સરળતાથી અને સલામત રીતે પસાર થવા કોઇ મુશ્કેલી કે અવરોધ ઉભો ન થાય તે અંગેનું પ્રાથમિક જાહેરનામું અત્રેના જાહેરનામાં ક્રમાંક એફ. ટફક/ઉગપક/જાહેરનામો/૯૨૪/ ૧૪૩૨૫/૯૫, તારીખ ૧૮મી જુલાઇ ૧૯૯૫ થી બહાર પાડવામાં આવેલ હતું. આ અંગે આજદિન સુધી કાંઇ વાંધા સુચનો આવેલ નથી. નીચે પ્રમાણે આખરી જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

આખરી જાહેરનામાનો મુસદ્દો

મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ( સન ૧૯૫૧ ના મુંબઇના ૨૨માં) ની કલમ-૩૩ ની પેટા-કલમ (૧) (બી) થી મળેલ સત્તાની રૂએ હું, પી. જી. જે. નામ્પુથિરી (પોલીસ કમિશનર), વડોદરા શહેર મ્યુ. કોર્પો. ની હદ વિસ્તારમાં આવેલ સયાજીગંજ વિસ્તારમાં મ્યુ. કોર્પો. ના પ્રવાસી ગૃહ પાસેના રસ્તા પર લોકોને ભય અગર અગવડ ન થાય અને વાહન વ્યવહાર ને સરળતાથી અને સલામત રીતે પસાર થવામાં કોઇ મુશ્કેલી કે અવરોધ ઉભો ન થાય તે હેતુથી નીચે મુજબ "એકમાર્ગી" રસ્તો જાહેર કરવા નિયમ કરૂં છું.

જાહેરનામાની વિગત

સયાજીગંજમાં આવેલ રેલ્વે સ્ટેશનની સામે મ્યુ. કોર્પો. ના પ્રવાસ. ગૃહ પાસેના રસ્તા પર ગેલોર્ડ રેસ્ટોરન્ટયોગી કૃપા ટ્રાવેલર્સની ઓફીસ તરફથી પૂર્વે હોટલ દિલ્હી દરબાર રીલાયન્સ વોચ કું તરફ જવા સારૂ તમામ પ્રકારના વાહનો માટે ફક્ત "પ્રવેશ" રહેશે અને સદર રોડ પર હોટલ દિલ્હી દરબાર રીલાયન્સ વોચ કું. તરફથી પશ્ચિમ દિશામાં ગેલોર્ડ રેસ્ટોરન્ટ યોગી કૃપા ટ્રાવેલર્સ તરફ જવા સારૂ તમામ પ્રકારના વાહનો માટે "પ્રવેશ બંધ" રહેશે.

એ રીતે સદર રસ્તો "એક માર્ગી"

મેં આજ તારીખ ૬ઠ્ઠી ડીસેમ્બર ૧૯૯૫ ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

પી. જી. જે. નામ્પુથિરી,
પોલીસ કમિશનર,
વડોદરા. શહેર



PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 201

REGISTERED No. G-BA-14-E

(C)

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI ] MONDAY, DECEMBER 11, 1995 / AGRAHAYANA 20, 1917

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART I

# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## પોલીસ કમિશનર દ્વારા

હુકમ

ક્રમાંક એસ. બી./ઉગપક/જાહેરનામું/૬૭૨૪/૯૫.—વડોદરા શહેર કારેલીબાગ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવેલ ચાંદબીબી ફાયરીંગ બટ ઉપરસેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડીયા તરફથી આર્મ ગાર્ડની ફાયરીંગ પ્રેકટીસ થનાર હોય જાહેર સલામતી જાળવવા માટે તેમજ જાનહાની થતી અટકાવવા માટે નીચે મુજબ હુકમ કરવો જરૂરી છે.

જેથી હું, પી. જી. જે. નામ્પુથિરી (આઈ. પી. એસ.), પોલીસ કમિશ્નર, વડોદરા શહેર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭/૪ અન્વયે મળેલ સત્તાની રૂએ હુકમ કરૂં છું કે કારેલીબાગ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવેલ ફાયરીંગ બટ ચાંદબીબી બટ વિસ્તારની જગ્યામાં મી. ૧૦૦ ક્ષેત્રફળની ચતુ:સીમા વિસ્તારમાં કોઈએ સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડીયા આર્મ ગાર્ડ ફાયરીંગ પ્રેકટીસ સિવાયના માણસોએ તારીખ ૧૪મી ડીસેમ્બર ૧૯૯૫ તથા તારીખ ૧૫મી ડીસેમ્બર ૧૯૯૫ ના કલાક ૬-૦૦ થી ૧૭-૦૦ સુધી અવર-જવર કરવી નહી હાજર રહેવું નહી. અને નદીમાં હોડી પણ હંકારવી નહીં

વડોદરા, તારીખ ૧૧મી ડીસેમ્બર ૧૯૯૫.

પી. જી. જે. નામ્પુથિરી,
પોલીસ કમિશ્નર,
વડોદરા.



Supple., C. G. I.-Extra—201/1

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 202 REGISTERED No. G-BA-14-E

Ⓒ

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

Vol. XXXVI] MONDAY, DECEMBER 11, 1995 / AGRAHAYANA 20, 1917

**Separate paging is given to each part of the Supplement to the Central and Central Section in order that it may be filed as a separate compilation**

## PART I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨મા)ની કલમ-૧૨ હેઠળ.

ક્રમાંક ઉ-ગપક/પરફ/૩૫૬૦૦/૯૫.—સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨મા) ની કલમ-૧૨ હેઠળ મળેલ અધિકારો મુજબ સુરત શહેરના પોલીસ કમિશનર તેમના જાહેરનામા ક્રમાંક ઉ-ગપક/અ/પરફ/૫૩૪૨/૮૫૯૯, તારીખ ૪થી એપ્રિલ, ૧૯૮૭ ક્રમાંક ઉ-ગપક/અ/પરફ/૧૧૫૫૪, તારીખ ૧લી મે, ૧૯૮૭ અને જાહેરનામાં ક્રમાંક ઉ-ગપક/અ/પરફ/૮૭/૩૪૭૫૦, તારીખ ૩૧મી ઓગસ્ટ, ૧૯૮૭ના ને રદ કરીને.

તારીખ ૫મી જુલાઈ ૧૯૯૩ ના રોજ તથા તે દિવસથી પોતાની હકુમત હેઠળના સુરત શહેર વિસ્તારમાં ફેરફાર કરીને નીચે પ્રમાણે ના પોલીસ વિભાગો અને ઉપ વિભાગની રચના કરે છે એટલે કે

(૧) મદદનીશ પોલીસ કમિશનર (એ) ડીવીઝન
(૨) મદદનીશ પોલીસ કમિશનર (બી) ડીવીઝન
(૩) મદદનીશ પોલીસ કમિશનર (સી) ડીવીઝન
(૪) મદદનીશ પોલીસ કમિશનર (ડી) ડીવીઝન
(૫) મદદનીશ પોલીસ કમિશનર (ઈ) ડીવીઝન
(૬) મદદનીશ પોલીસ કમિશનર (એફ) ડીવીઝન
(૭) મદદનીશ પોલીસ કમિશનર (જી) ડીવીઝન

(૨) ઉક્ત પોલીસ વિભાગના નીચે પ્રમાણે ઉપ—વિભાગો પોલીસ સ્ટેશન બનાવે છે,

એટલે કે 'એ' ડીવીઝન પોલીસ વિભાગના ઉપ-વિભાગો
(૧) વરાછા પોલીસ સ્ટેશન
(૨) કાપોદ્રા પોલીસ સ્ટેશન

'બી' ડીવીઝન પોલીસ વિભાગના ઉપ-વિભાગો
(૧) ઉધના પોલીસ સ્ટેશન
(૨) લીંબાયત પોલીસ સ્ટેશન

'સી' ડીવીઝન પોલીસ વિભાગના ઉપ-વિભાગો
(૧) મહીધરપુરા પોલીસ સ્ટેશન
(૨) સલાબતપુરા પોલીસ સ્ટેશન

'ડી' ડીવીઝન પોલીસ વિભાગના ઉપ-વિભાગો
(૧) ચોક બજાર પોલીસ સ્ટેશન
(૨) કતારગામ પોલીસ સ્ટેશન



INDEX

"ઈ" ડીવીઝન પોલીસ વિભાગના ઉપ વિભાગો

(૧) અઠવા લાઈન્સ પોલીસ સ્ટેશન.

(૨) ઉમરા પોલીસ સ્ટેશન.

"એફ" ડીવીઝન પોલીસ સ્ટેશન વિભાગના ઉપ વિભાગો

(૧) સચીન પોલીસ સ્ટેશન.

(૨) પાંડેસરા પોલીસ સ્ટેશન.

"જી" ડીવીઝન પોલીસ વિભાગના ઉપ વિભાગો

(૧) રાંદેર પોલીસ સ્ટેશન.

(૨) ઈચ્છાપોર પોલીસ સ્ટેશન.

(૩) ઉકત વિભાગની હદ અને વિસ્તાર નીચે પ્રમાણે નક્કી કરે છે એટલે કે "એ" ડીવીઝન પોલીસ વિભાગના ઉપ વિભાગની હદ અને વિસ્તાર.

(૧) વરાછા રોડ પોલીસ સ્ટેશન :

તાપી નદીના ડાબા કાંઠા ઉપર આવેલ તુલસી ઓવારાથી પૂર્વ-દક્ષિણે આવેલ સ્વામીનારાયણ મંદીર તરફ જતા માર્ગથી ધરમનગર ચાર રસ્તા થઈ માગીલાલ મારવાડીના શોપીંગ સેન્ટરથી નહેર ઉપરના કાચા રસ્તા થઈ સૌરાષ્ટ્ર સોસાયટી વિભાગ-૧ની દિવાલ સુધી રસ્તા સહીતથી નહેર ઉપર આવેલ આદર્શ હિન્દી / અંગ્રેજી વિદ્યાલયથી જે નહેર ખોડીયારનગર રોડને મળે છે. તે માર્ગે થઈ સુરત કામરેજ ઘોરીમાર્ગ ઉપર આવેલ સોમનાથ ટી સેન્ટર થઈ પૂર્વે ઘોરીમાર્ગ સિવાય હીરાબાગ થઈ કાપોદરા ચાર રસ્તાથી રચના સોસાયટી ચાર-રસ્તાથી ગાંધીનગર ઝુંપડપટ્ટીથી સંતોષીનગરના પાછળના ખુણા સહીતથી ગોરધન શોપીંગ સેન્ટર થઈ સહજાનંદ સોસાયટી વિભાગના ખાડી ઉપરના પુલથી અંજની સોસાયટીથી કિરણ મોટર્સના બાજુમાં આવેલ ખાડીના પુલથી પૂર્વ-દક્ષિણે આવેલ કડોદરા રાજ્ય ઘોરીમાર્ગ સહીતનો સહરા દરવાજા રેલ્વે ગરનાળા સુધીનો પૂર્વ-દક્ષિણનો તમામ વિસ્તાર તથા સહરા દરવાજા રેલ્વે ગરનાળાથી દક્ષિણ ઉત્તર તરફ જતી રેલ્વે લાઈનની હદ જે રેલ્વે લાઈન ઉત્તરે ઉત્રાણપુલને મળે છે ત્યાંથી તાપીના ડાબા કાંઠાના પાણીના પ્રવાહ સુધી જે દક્ષિણ ઉત્તરે તુલસી ઓવારા સુધીની વચ્ચે આવતો દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર.

(૨) કાપોદરા પોલીસ સ્ટેશન :

ઉત્તરે તાપી નદીના ડાબા કાંઠાના પાણીના પ્રવાહથી નાના વરાછા ગામની પૂર્વ તરફની રેવન્યુ હદથી દક્ષિણે સીમાડા ગામના રેવન્યુ હદથી સણિયા હમાદ ગામની રેવન્યુ હદથી વેડછા અને સાબર ગામની રેવન્યુ હદથી દક્ષિણે આવેલ કુંભારીયા ગામના રેવન્યુ હદથી પશ્ચિમે મગોબ ગામની રેવન્યુ હદથી પરવટ ગામ તરફ જતા રસ્તા ઉપર આવતી મીઠી ખાડીથી કડોદરા રાષ્ટ્રીય ઘોરીમાર્ગ થઈ કિરણ મોટર્સની બાજુમાં આવેલ દક્ષિણ-ઉત્તરે ખાડીના પુલથી અંજની સોસાયટીથી સહજાનંદ સોસાયટી વિભાગ-૧ અને વિભાગ-૨ થઈ ગોરધન શોપીંગ સેન્ટરથી સંતોષીનગરના પાછળના ખુણા સુધી સમગ્ર રોડ સહીત ગાંધીનગર ઝુંપડપટ્ટીની બાજુના રોડ સહીતથી પૂર્વ રચના સોસાયટી ચાર રસ્તાથી ઉત્તરે કાપોદરા ચાર રસ્તા સુધીનો રોડ સહીતનો પૂર્વ તરફનો સમગ્ર વિસ્તાર અને કાપોદર ચાર રસ્તાથી સુરત કામરેજ ઘોરીમાર્ગ સહીત પશ્ચિમે હીરાબાગથી પૂર્વ-દક્ષિણે આવેલ સોમનાથ ટી સેન્ટરના સામે આવેલ ખોડીયાર નગરથી ઉત્તર દક્ષિણે જતો માર્ગ જે રોડ નહેરને મળે છે. ત્યાથી આદર્શ હિન્દી / અંગ્રેજી વિદ્યાલયથી નહેર ઉપરના કાચા રસ્તાથી માગીલાલ મારવાડીના શોપીંગ સેન્ટરથી ધરમનગર ચાર રસ્તા થઈ સ્વામીનારાયણ મંદીર થઈ તાપી નદી ઉપર આવેલ તુલસી ઓવારા વિસ્તારથી પૂર્વ તરફનો અને તાપી નદીના ડાબા કાંઠાથી નાના વરાછાગામ તથા રેવન્યુ નંબર સહીતનો સમગ્ર વિસ્તાર.

સોમનાથ ટી સેન્ટરથી શરૂ થતો સુરત કામરેજ ઘોરીમાર્ગ જે નાના વરાછા ગામની રેવન્યુ હદને મળે છે. ત્યાં સુધી તેમજ કીરણ મોટર્સ પાસેના ખાડી પુલથી શરૂ થતો સુરત કડોદરા ઘોરીમાર્ગ જે પૂર્વે સાબરગામની રેવન્યુ હદને મળે છે. ત્યાં સુધીનો આ બન્ને ઘોરી-માર્ગ કાપોદરા પો. સ્ટે. ની હદમાં ગણાશે.

ઉપરાત આ પોલીસ સ્ટેશન હેઠળના (૧) નાના વરાછા (૨) સીમાડા (૩) સણીયા હેમાદ (૪) સાબરગામ (૫) વેડછા (૬) કુંભારીયા (૭) સારોલી (૮) મગોબ ગામ (૯) પુણાગામનો સમાવેશ કરવામાં આવે છે.

(૧) ઉધના પોલીસ સ્ટેશન :

સુરત મુંબઈ રેલ્વે લાઈન ઉપર પૂર્વે ઉત્તરે આવેલ નહેરના પુલથી ઉત્તર દક્ષિણે જતી રેલ્વે ટ્રેક થઈ બી. આર. સી. ફેકટરીનો પૂર્વ- દક્ષિણે આવેલ રેલ્વે ટ્રેકની હદ થઈ બી. આર. સી. ની કમ્પાઉન્ડ વોલ જે પુર્વથી પશ્ચિમે આવી નવસારી સુરત ધોરી માર્ગને મળે છે. તે ધોરી માર્ગ સિવાય બી. આર. સી. કોલોનીની પશ્ચિમે દિવાલ જે ઉત્તર-દક્ષિણની છે. તે દિવાલ બી. આર. સી. કોલોનીના ગેટ સુધી તથા સુરત નવસારી ધોરી માર્ગ ઉપર આવેલ દક્ષેશ્વર મંદિરથી ગુ.હા.બોર્ડના મકાનોમા પુર્વ પશ્ચિમે જતો મુખ્ય ધોરી માર્ગ સિવાયથી પિયુષ કોમ્પલેક્ષ સુધી અને ત્યાંથી દક્ષિણે ઉત્તરે નવી સીવીલ તરફ આવતો ૧૨૦ ફુટના નવા માર્ગ ઉપર આવેલ બમરોલી ગામના મીઠી ખાડીના પુલ સુધીનો રોડ સહીતનો પુર્વ તરફનો સમગ્ર વિસ્તાર તથા આ પુલના દક્ષિણ તરફના છેડાથી દક્ષિણ પુર્વ ખાડીના પાણીના પ્રવાહથી દક્ષિણતરફનો તમામ વિસ્તાર તથા આ ખાડી ઉપર સુરત નવસારી રાષ્ટ્રીય ઘોરીમાર્ગ ઉપર આવેલ ગરનાળાથી નવસારી સુરત મુખ્ય માર્ગ જે ઉધના મગદલ્લા રોડને મળે છે. ત્યા સુધીનો પુર્વ તરફનો રોડ સહીતના તમામ વિસ્તાર તથા સુરત નવસારી મુખ્ય માર્ગ ઉપર આવેલ નહેરના ગરનાળા તરફથી પશ્ચિમે પૂર્વ નહેરના ( દક્ષિણ ) પાના સહીત જે નહેર સુરત મુંબઈ રેલ્વે ગરનાળાને મળે છે. તે હદની દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર પશ્ચિમે રેલ્વે ઉપર આવેલ મગદલ્લા નહેરના રેલ્વે ગરનાળાથી રેલ્વે ટ્રેક સહિત ઉત્તર દક્ષિણે આગળ વધતા બી. આર., સી. ફેકટરીના પાછળ આવેલ ભેદવાડ ગામના રે. સ. ન. ૨૧,૩૩ અને ૨૩ની વચ્ચેથી પસાર થતા રેલ્વે ગરનાળા સુધીનો દક્ષિણ તરફનો તમામ વિસ્તાર.

(૨) લીંબાયત પોલીસ સ્ટેશન :

ઉત્તર પુર્વ આવેલ કુંભારીયા ગામની સીમની હદ નિયોલ ગામની સીમને મળે ત્યાથી શરૂ થઈ ઉત્તર દક્ષિણે ડેવધ ગામની સીમનોથી વિસ્તાર દખ્ખાણવાડા ગામનો પૂર્વે તરફનો રેવન્યુ હદ થઈ કરાડવા ગામના દક્ષિણ પશ્ચિમની રેવન્યુ હદ થઈ આ હદ ભેસ્તાન ગામની રેવન્યુ હદને જયાં મળે છે ત્યાંથી દક્ષિણે થઈ ભેસ્તાન ગામની રેવન્યુ સર્વે નંબર પશ્ચિમે રેલ્વે લાઈનને મળે છે ત્યાં સુધી અને રેલ્વે લાઈનના ભેસ્તાન ગામના દક્ષિણ તરફના રેવન્યુ સર્વે નંબર થઈ રેલ્વે તરફનો ઉત્તરે આવેલ રેલ્વે ગરનાળાની પૂર્વે તરફનો સમગ્ર વિસ્તાર તથા મગદલ્લા નહેરના રેલ્વે ગરનાળાથી નહેરના દક્ષિણે તરફનો જમણી કાંઠાનો વિસ્તાર કે જે સુરત કડોદરા રોડ થઈ પરવટ પાટીયા રોડ સહીતથી મગોબ ખાડી થઈ લીંબાયત ગામની રેવન્યુ હદથી પરવટ ગામની રેવન્યુ હદ છે જે દેવધ ગામને મળે છે. તેની દક્ષિણ તરફનો સમગ્ર જે દેવધ ગામને મળે તેની દક્ષિણ તરફનો સમગ્રગામની રેવન્યુ હદ વિસ્તાર જેમાં ઉધના ગામની રેવન્યુ હદનો રેલ્વે ટ્રેકથી પૂર્વે તરફનો હિસ્સો અને ભેદવાડ ગામની રેવન્યુ હદનો રેલ્વે ટ્રેકથી પૂર્વે તરફનો હિસ્સો તેમજ લીંબાયત ડીંડોલી, પરવટ ગોડાદરા દેવધ દખ્ખાણવાડા દેલાડવા અને કરાડવા ગામનો સમાવેશ આ પોલીસ સ્ટેશન હેઠળ કરવામાં આવે છે.

INDEX

''સી' ડીવીઝન પોલીસ વિભાગના ઉપ-વિભાગની હદ અને વિસ્તાર.

(૧) મહીધરપુરા પોલીસ સ્ટેશન.

રૂવાળા ટેકરાથી પારસીશેરી થઈ મેઈનરોડ થઈ ભાગળ ચાર રસ્તા થી એર ઈન્ડિયા નવાપુરા કરવા રોડથી ઝાંપાબજારઝાંપા થઈ બેગમપુરા પોલીસ ચોકી થઈ મુંબઈ વડ થઈ, નવાબની વાડી થઈ સહરા દરવાજા પોલીસ ચોકીથી સહરા દરવાજા રેલ્વે ગરનાળા સુધી નવા ત્યાંથી રેલ્વે ટ્રેક સુરત રેલ્વે સ્ટેશનથી સુમુલડેરી રોડ પટેલનગર રેલ્વે ફાટક સુધી જતી રેલ્વે લાઈનનો પશ્ચિમ દિશા તરફનો સમગ્ર વિસ્તાર તથા ત્યાંથી અલકાપુરી ચાર રસ્તા થઈ મારબલ કારખાના સામેના ચાર રસ્તાથી દક્ષિણ દિશા તરફ ગાયત્રી મંદીર થઈ જતા વસ્તા દેવડી રોડ થઈ વીનટેક્ષ મીલરોડ થઈ વસ્તા દેવડી, ઈલેકટ્રીકસબ સ્ટેશન થઈ ગોટાલાવાડી ચાર રસ્તા સુધી જતી રોડનો દક્ષિણ તરફનો વિસ્તાર તથા ત્યાંથી કોટનીબહારની ઝુંપડપટ્ટી પટેલવાડી નં. ૧-૨-૩ રોડથી સાયનાથ હોટલ થઈ અશકતા આશ્રમ હોસ્પીટલ તરફ થતા રોડથી રામપુરા મેઈનરોડ ભવાની મંદીર થઈ ગોળવાળા ચકલા થઈ રૂવાળા ટેકરા સુધી જતા રોડની પૂર્વ દિશામાં આવેલ તથા આ વર્તુળમાં આવેલ સમગ્ર વિસ્તારનો સમાવેશ મહીધરપુરા પોલીસ સ્ટેશન હેઠળ કરવામાં આવે છે.

બેગમપુરા પોલીસ ચોકીથી કરવા રોડ માર્ગ મહીધરપુરા પોલીસ સ્ટેશનની હદમાં આવશે.

(૨) સલાબતપુરા પોલીસ સ્ટેશન.

ઉત્તરે કોટસફીલ રોડ, કરવા રોડ, ટ્રાફીક પોઈન્ટથી ઝાંપાબજાર થઈ ગુલામોદી ચકલા થઈ મુંબઈવડ નવાબની વાડી થઈ સહરા દરવાજા ગરનાળા થઈ સુરત બારડોલી રોડ ઉપર આવતી નહેર સુધીનો વિસ્તાર અને ત્યાંથી પૂર્વ બાજુએ નહેરથી ઉધના રોડ, ઉપર આવતી નહેર કોલોની વિસ્તાર અને દક્ષિણે ઉધના રોડ થઈ નહેર કોલોની થઈ ઉધના દરવાજા ચાર રસ્તા થઈ નવસારી બજાર રોડ કોટસફીલ રોડ થઈ કરવા રોડ પોઈન્ટ વચ્ચે આવતો તમામ વિસ્તાર.,

આ વિસ્તારમા આવતી કાકરાપાર નહેર સુધીનો વિસ્તાર લીંબાયત પોલીસસ્ટેશનમાં રહેશે અને નહેર જે ગામની સીમની હશે તે પોલીસ સ્ટેશનની હદ ગણાશે.

સહરા દરવાજા રેલ્વે ગરનાળાથી બેગમપુરા ચોકી સુધીનો માર્ગ સલાબતપુરા પોલીસ સ્ટેશનમાં રહેશે જયારે બેગમપુરા ચોકીથી કરવા રોડ માર્ગ મહીધરપુરા પો. સ્ટેશનમાં રહેશે. ભાગળ ચાર રસ્તાથી શરૂ થઈ કોટસફીલ રોડ, નવસારી બજાર રોડ. ઉધના દરવાજા સુધીનો માર્ગ અઠવાલાઈન્સ પોલીસ સ્ટેશનમાં રહેશે.

ઉધના દરવાજા ચારરસ્તાથી ઉધના મેઈનરોડની કાકરાપાર નહેર ગરનાળા સુધીનો માર્ગ સલાબતપુરા પોલીસ સ્ટેશનના વિસ્તારમાં રહેશે.

''ડી ડીવીઝનના પોલીસ વિભાગના ઉપ વિભાગની હદ અને વિસ્તાર.

(૧) ચોકબજાર પોલીસ સ્ટેશન.

નહેરપુલના પૂર્વ વિભાગ તરફથી શરૂ થઈ ભાગળ ચાર રસ્તા પારસી શેરી પોઈન્ટ સુધીનો મેઈનરોડ સહીતનો વિસ્તાર તથા પૂર્વ બાજુએ પારસી શેરી પોઈન્ટ થઈ રામપુરા મેઈનરોડ થઈ અશકતા આશ્રમ હોસ્પીટલ થઈ હીમસન મીલ અને વસંત ડાઈંગ થઈ કાજીપુરા કોટડા મહોલ્લો સીટીવોલની અંદરનો વિસ્તાર તેમજ વેડ દરવાજાથી સિંગણપોર ચાર રસ્તા સુધી વેડરોડ સહીતનો પશ્ચિમ બાજુનો તમામ વિસ્તાર તથા સિંગણપોર ચાર રસ્તાથી ડભોલી ચાર રસ્તા નવા ફળીયા થઈ ભુરીમાતા તરફ જતા ટુંકી ગામની સીમમા આવેલ સર્વે નંબર ૩૮ અને ૩૯ વચ્ચે આવેલ ગાડીમાર્ગ સહીતનો તાપી નદી સુધીનો સત્તાની દક્ષિણ તરફનો તાપી નદીના ડાબા કાંઠાના પ્રવાહ સુધી પૂર્વ બાજાનો નહેરપુલ સુધીનો સમગ્ર વિસ્તાર અને આ વર્તુળમાં આવેલ સમગ્ર વિસ્તારનો સમાવેશ કરવામાં આવે છે.

(૨) કતારગામ પોલીસ સ્ટેશન.

તાપી નદી ઉપર આવેલ ઉત્રાણ પુલની દક્ષિણે આવેલ રેલ્વે ટ્રેક થઈ પટેલનગર ફાટક તરફથી અનાથાશ્રમ તરફ આવતા નગીનવાડી ચાર રસ્તાથી વસ્તા દેવડી રોડ થઈ ઝેનીથમીલ ગોટાલા વાડી ચાર રસ્તાથી સીટી વોલ સુધીના બહારના રોડ સહીતનો તમામ વિસ્તાર તથા કતારગામથી વેડ દરવાજા થઈ સીંગણપોર ચાર રસ્તાથી ડભોલી ચાર રસ્તા (નવા ફળીયા) થઈ ભરીમાતા તરફ જતા ટુંકી ગામની સીમના સર્વે નં-૩૮ અને ૩૯ વચ્ચે આવેલ કાચા ગાડા માર્ગની ઉત્તર તરફનો તાપી નદી સહીત ડાબા કાંઠાના પૂર્વે તરફનો પાણીના પ્રવાહ સુધી તથા પૂર્વે ઉત્તરે આવેલ રેલ્વે ટ્રેક સુધી અને તેની વચ્ચે આવતો સમગ્ર વિસ્તાર તથા આ પોલીસ સ્ટેશનના ઉત્તરે વિસ્તારમાં આવેલ (૧) અમરોલી (૨) છાપરાભાઠા (૩) ઉત્રાણ (૪) મોટા વરાછા (૬) કોસાડ (૫) ભરથાણા ગામનો તમામ રેવન્યુ સર્વે નંબર નો સમાવેશ કરવામાં આવે છે.

'ઈ' ડીવીઝન પોલીસ વિભાગના ઉપ વિભાગની હદ અને વિસ્તાર

(૧) અઠવા લાઈન્સ પોલીસ સ્ટેશન.

આ પોલીસ સ્ટેશનનો વિસ્તાર શહેર પુલના પૂર્વ બાજુથી શરૂ થઈ ચોકબજાર ચોકી મેઈન રોડ થઈ ભાગા તળાવ લાલગેટ મેઈનરોડ થઈ ભાગળ ચાર રસ્તા તથા પૂર્વ બાજુએ ભાગળ ચાર રસ્તા કોટસફીલ રોડ, નવસારી બજાર પુતળી થઈ ઉધના દરવાજા ચાર રસ્તા થઈ દક્ષિણે ઉધના દરવાજા રીંગરોડ થઈ જેલ દરવાજા થઈ મજુરાગેટ થઈ અઠવાગેટ થઈ ન્યાયાધીશ કોલોનીથી તાપી નદીના ડાબા કાંઠાના (પૂર્વ તરફનો) પ્રવાહ સુધીનો નહેરપુલ સુધી વચ્ચે આવતો સમગ્ર વિસ્તાર.

આ વિસ્તારમાં નાનપુરા બડેખાં ચકલા, રૂદરપુરા, ગોપીપુરા, સગરામપુરા વાડી ફળીયા, અંબાજીરોડ, બાલાજી રોડ શહેરી વિસ્તારનો સમાવેશ થાય છે.

ભાગળ ચાર રસ્તાથી શરૂ થઈ કોટસફીલ રોડ, નવસારી બજાર રોડથી ઉધના દરવાજા સુધીનો સમગ્ર માર્ગ અઠવાલાઈન્સ પોલીસ સ્ટેશન હેઠળ રહેશે.

(૨) ઉમરા પોલીસ સ્ટેશન.

આ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પૂર્વ બાજુએ ઉધના મેઈનરોડ ઉપર આવેલ ઉધના મગદલ્લા રોડ ક્રોસીંગથી શરૂ થઈ ઉધના દરવાજા ચાર રસ્તા સુધીનોમાર્ગ સિવાયના પશ્ચિમ તરફનો વિસ્તાર તથા ઉત્તર પૂર્વ ઉધના દરવાજાથી રીંગરોડ, મજુરા ગેટ અઠવાગેટ થઈ નવા સરદાર બ્રીજથી દિવાળીબાગથી તાપી નદીના ડાબા કાંઠાના

INDEX

પ્રવાહ સુધીનો દક્ષિણ તરફનો રીંગરોડ સહીતનો પશ્ચિમ તરફ તમામ વિસ્તાર તેમજ ઉત્તર પશ્ચિમે તાપી નદીના પ્રવાહ સુધીથી કિનારે અઠવા ગામની રેવન્યુ હદથી ઉમરા ગામની રેવન્યુ હદથી પીપલોદ ગામની રેવન્યુ હદથી રુંઢ ગામની રેવન્યુ હદથી મગદલ્લા ગામની રેવન્યુ હદ થઈ વાટા ગામના રેવન્યુ હદથી ડુમસ ગામની રેવન્યુ હદ થઈ પશ્ચિમ દક્ષિણ સુલતાનાબાદ ગામની રેવન્યુ હદ થઈ ભીમપોર ગામની રેવન્યુ હદ થઈ આભવા ગામની રેવન્યુ હદથી પશ્ચિમ ઉત્તરે ખજોદગામની રેવન્યુ હદથી ભીમરાડ ગામની સીમમાંથી પસાર થતા સચીન મગદલ્લા હાઈવે જ્યાં મળે છે ત્યાંથી ઉત્તરે ભીમરાડગામની રેવન્યુ હદ જ્યાં મીઠીખાડીને મળે છે તે ખાડી સહીત અલથાણ ગામની રેવન્યુ હદથી મીઠીખાડી ઉપરના બમરોલી પુલથી સુરત નવસારી ધોરીમાર્ગ ઉપરના મીઠીખાડી ઉપરના પુલથી ઉધના મેઈન રોડ સિવાય ઉધના મગદલ્લા રોડ ક્રોસીંગ સુધીના વર્તુળમાં આવતા સમગ્ર વિસ્તારનો સમાવેશ કરવામાં આવે છે.

આ વિસ્તારમાં નીચે મુજબના ગામડાઓનો સમાવેશ કરવામાં આવે છે. (૧) અઠવા ૧(૨) ઉમરા (૩) ખટોદરા (૪) ભટાર (૪) (૫) અલથાણ (૫)પનાસ(૭) પીપલોદ(૮) ભરથાણા (૯) ભીમરાડ (૧૦) ખજોદ (૧૧) સરસાણા (૧૨) આભવા (૧૩) વેસુ (૧૪) રુંઢ (૧૫) મગદલ્લા (૧૬) વાટા (૧૭) ગવિયર (૧૮) ડુમસ (૧૯) સુલાતાનાબાદ (૨૦) ભીમપોર.

"એફ" ડીવીઝન પોલીસ વિભાગના ઉપવિભાગની હદ અને વિસ્તાર :

(૧) સચીન પોલીસ સ્ટેશન :

લીંબાયત પોલીસ સ્ટેશનનું દેલાડવા ગામ પલસાણા તાલુકાનું નિયોલ ગામ અને સચીન પોલીસ સ્ટેશનના મોહીણી ગામની હદ જ્યાં આગળ મળે છે ત્યાંથી મોહીણી ગામની હદ પૂર્વ તરફ પલસાણા તાલુકાના ખરવાસા ગામને મળે છે ત્યાં સુધી અને ત્યાંથી દક્ષિણે ટાબરવા ગામની પૂર્વ તરફથી હદ તથા બોણંદગામની પૂર્વ તરફથી હદ થઈ દક્ષિણે રાવલાવકતાણાગામનીહદ થઈ ભાટીયા ગામની પૂર્વ તરફના હદથી દક્ષિણ તરફે સામરોદ ગામની હદ થઈ મીંઢોળા નદીના પ્રવાસ સુધી દક્ષિણ પશ્ચિમે આવેલ કછોલી ગામના રેવન્યુ હદથી કપલેથા ગામની રેવન્યુ હદથી લાજપોર ગામની રેવન્યુ હદથી કનસોડ ગામની રેવન્યુ હદથી ઉબરે ગામની રેવન્યુ હદથી પશ્ચિમે આવેલ સમુદ્રની સપાટીથી દક્ષિણે ઉત્તરે આવેલ ગભેણી ગામનીરેવન્યુહદથીબુડીયાગામની રેવન્યુ હદ તથા બુડીયાગામ અને જીઆવગામ ના હદ જ્યાં દક્ષિણ ઉત્તરને મળે છે. ત્યાંથી ઉત્તર તરફ આગળ ભીમરાડગામ જે ઉમરા પો. સ્ટે. ના હદમાં આવે છે એ ગામમાંથી પસાર થતા મગદલ્લા સચીન હાઈવેના ચોકડીથી આબમરોલી ગામની હદમાંથી પસાર થાય છે તે બમરોલી ગામની દક્ષિણ તરફનો રોડ સહીતનો તમામ વિસ્તાર બમરોલી ગામના જીઆવગામની હદને મળે છે અને બમરોલી ગામની રેવન્યુ હદમાંથી પસાર થતો મગદલ્લા સચીન ધોરી માર્ગ જીઆવગામની રેવન્યુ ધ હદમાં પશ્ચિય પશ્ચિમ પૂર્વ પસાર થાય છે તે જીઆવગામ ની દક્ષિણ તરફ જે તમામ વિસ્તાર કે જે સોનારી ગામની હદને મળે છે ત્યાંથી મગદલ્લા હાઈવે સોનારી ગામની હદમાંથી પસાર થાય છે. તે સોનારા ગામનો દક્ષિણ તરફનો તમામ વિસ્તાર તથા સોનારી ગામની હદ મગદલ્લા સચીન હાઈવેને મળે છે ત્યાંથી પશ્ચિમ પૂર્વ આગળ વધતા ઉન ગામની હદ મગદલ્લા હાઈવેને મળે છે ત્યાં સુધી ગભેણીગામ નો દક્ષિણ તરફનો તમામ વિસ્તાર તથા અમે ગભેણીગામની હદ પૂર્વે દક્ષિણથી મગદલ્લા હાઈવેને મળે છે. તે મગદલ્લા પોઈન્ટથી ઉન ગામની દક્ષિણ પશ્ચિમની રેવન્યુ હદ જે ૧૨૦ ફૂટના નવા બનેલ રોડને મળે છે તે તરફનો સમગ્ર પૂર્વ વિસ્તાર તથા ઉન ગામની પશ્ચિમની રેવન્યુ હદ ભેસ્તાન ગામની પશ્ચિમ તરફથી હદને મળે છે. ત્યાંથી ભેસ્તાન ગામની પશ્ચિમ દક્ષિણથી રેવન્યુ હદ કે જે સુરત મુંબઈ રેલ્વેને ક્રોસ કરી ઉન ગામની સીમ જે ઉત્તર પૂર્વ ઇંકલેરા ગામની હદને મળે છે. તે ઇંકલેરા ગામની ઉત્તર તરફથી રેવન્યુ હદથી સણીયા કણદે ગામની રેવન્યુ હદથી ખંભાસલા ગામની રેવન્યુ હદથી મોહીણી ગામની રેવન્યુ હદ કે જે દેલાડવા નિયોલ અને મોહીણી ગામની હદને મળે છે. ત્યાં સુધી તેની વચ્ચે આવતો સમગ્ર વિસ્તાર કે જેમાં નીચેના ગામોનો સમાવેશ થાય છે.

(૧) મોહીણી (૨) ટીંબરવા, (૩) ગોજ, (૪) ખંભાસલા, (૫) સણીયા કણદે (૬) ખરવાસા (૬) બોણંદ (૮) વણખલા (૯)વકતાણા (૧૦) વાઝ (૧૧) ભાટીયા (૧૨) સામરોદ (૧૩) કછોલી (૧૪) કપલેથા (૧૬) પોપડા (૧૬) લાજપોર (૧૭) ઇંકલેરા (૧૮) ભાણોદરા (૧૯) પારડી કણદે (૨૦) સચીન (૨૧) ઉન (૨૨) તલંગપોર (૨૩) પાલી (૨૪) કનસાડ (૨૫) ઉભેવ (૨૬) ગભેણી (૨૭) બુડિયા (૨૮) દિપલી.

(૨) પાંડેસરા પોલીસ સ્ટેશન :

આ પોલીસ સ્ટેશનના વિસ્તારમાં ઉત્તર પૂર્વ સુરતા નવસારી ધોરીમાર્ગ ઉપર આવેલ દક્ષેશ્વર મહાદેવના મંદીરથી થઈ ધોરીમાર્ગ સહીત દક્ષિણ તરફ જતા રોડ બરોડા રેયોનની, દક્ષિણ તરફની નાળા થી આ નાળું સુરત મુંબઈ રેલ્વે લાઈનને મળે છે. ત્યાંથી દક્ષિણે રેલ્વે ટ્રેક ભેસ્તાન ગામની રેવન્યુ હદને અને સચીન પોલીસ સ્ટેશન ના ઉન ગામની રેવન્યુ હદને મળે છે તેની પશ્ચિમ તરફનો સમગ્ર વિસ્તાર અને ત્યાંથી દક્ષિણ પશ્ચિમે ઉન ગામની રેવન્યુ હદને મળે છે.

ઉનગામની રેવન્યુ હદ અને સોનારી ગામની રેવન્યુ હદ સચીન મગદલ્લા હાઈવેને મળે છે ત્યાંથી મગદલ્લા હાઈવે મીઠીખાડીને મળે છે. તેની ઉત્તર તરફ નો સમગ્ર વિસ્તાર ત્યાંથી મીઠીખાડી ઉપર નવા બનેલ ૧૨૦ ફુટના રોડને મળે છે. ત્યાંથી પિયુષ કોમ્પલેક્ષથી પત્રકાર કોલોનીના ટી.પી. સ્કીમ હેઠળના બનેલ નવા રસ્તાથી પૂર્વ તરફ આ રસ્તો સુરત નવસારી ધોરીમાર્ગને મળે છે. તે રોડ સહીત તથા તેની દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર તથા આ વર્તુળની અંદર આવેલ સમગ્ર વિસ્તાર પાંડેસરા પોલીસ સ્ટેશન હેઠળ આવરી લેવામાં આવે છે જેમાં (૧) જીઆવ (૨) સોનારી (૩) ડુડી (૪) બમરોલી (૬) વડોદ ગામનો સમાવેશ થાય છે.

'જી' ડીવીઝન પોલીસ વિભાગના ઉપવિભાગની હદ અને વિસ્તાર

(૧) રાંદેર પોલીસ સ્ટેશન

આ પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારમાં દક્ષિણ પૂર્વે વરીયાવ ગામની રેવન્યુ હદ જ્યાં તાપી નદીને મળે છે ત્યાંથી શરૂ થઈ પશ્ચિમે તાપી નદી ના જમણાકાંઠા ના પ્રવાહ સહીત નહેરુ બ્રીજથી તાપી નદી જ્યાં અડાજણ ગામની રેવન્યુ હદ અને પાલગામની રેવન્યુ હદને મળે છે તેની ઉત્તર તરફનો સમગ્ર વિસ્તાર તથા પશ્ચિમે ઉત્તર અડાજણ ગામની રેવન્યુ હદ પાલ ગામની અને પાલનપોર ગામની રેવન્યુ હદને મળે છે. ત્યાંથી પશ્ચિમે પાલનપોર ગામની રેવન્યુ હદ ભેસાણ ગામ અને અસારમા ગામની રેવન્યુહદને મળે છે, ત્યાંથી ભેસાણગામની રેવન્યુ હદ મલગામા ગામની રેવન્યુ હદ મળે છે ત્યાંથી પૂર્વ ઉત્તરે ભેસાણગામની હદ ઓલપાડ પોલીસ સ્ટેશનની સેગવા છામા ગામની હદને મળે છે. ત્યાંથી ઓખા ગામની રેવન્યુ હદથી ચીચી ગામની રેવન્યુ હદ સુધી તથા તેની પૂર્વે તરફનો સમગ્ર વિસ્તાર તથા ચીચી ગામની રેવન્યુ હદથી ઉત્તર પૂર્વે વણકલા ગામની રેવન્યુ હદથી વિહેલગામની રેવન્યુ હદથી જહાંગીરપુર ગામની રેવન્યુ હદથી ઉત્તર પૂર્વે વરીયાવ ગામની રેવન્યુ હદથી ઉત્તરે ઓલપાડ તાલુકાના કોસમ ગામની હદ જ્યાં પૂરી થાય, છે

INDEX

ત્યાંથી પૂર્વ તરફને વરીયાવ ગામની તમામ વિસ્તાર અને વરીયાવ ગામની દક્ષિણ તરફની રેવન્યુ હદ જ્યાં તાપી નદીને મળે છે. તેની પશ્ચિમ તરફને નદીના પ્રવાહ સુધીનો સમગ્ર વિસ્તાર.

આ ઉપરાંત આ પોલીસ સ્ટેશનની વર્તુળમાં આવતા નીચે મુજબના ગામોનો સમાવેશ કરવામાં આવે છે.

રાંદેર ટાઉન અને અડાજણ ગામને રેવન્યુ હદ હેઠળનો મ્યુ. કોર્પોરેશન હેઠળનો વિસ્તાર તેમજ (૧) વરીયાવ (૨) જહાંગીર બાદ (૩) જહાંગીરપુર (૪) ઓખા (૬) ભેસાણ (૫) ઓરન ચાચી(ચીચી) પાલનપોર (૮) પીસાદ (૯) નિણોલ (૧૦) વણાકલા સમગ્ર હોપપુલ, નહેરુબ્રીજ અને સરદાર બ્રીજનો સમાવેશ રાંદેર પોલીસ સ્ટેશન હેઠળ કરવામાં આવે છે.

(૨) ઈચ્છાપોર પોલીસ સ્ટેશન :

આ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પૂર્વ પશ્ચિમે અડાજણ ગામની હદ જ્યાં પાલગામની હદને મળે છે ત્યાંથી શરૂ થઈ તાપી નદીના પ્રવાહ સહીત તાપી નદીના ઉત્તરકાંઠે ભાઠાગામની રેવન્યુ હદથી ભાટપોર ગામની રેવન્યુ હદથી કવાસ ગામની રેવન્યુ હદથી ચીમના ગામની રેવન્યુ હદથી મોરા ગામની રેવન્યુ હદથી હજીરા ગામની રેવન્યુ હદની ઉત્તર તરફનો સમગ્ર વિસ્તાર તથા ત્યાંથી પશ્ચિમ ઉત્તરે સવાલી ગામની રેવન્યુ હદથી રાજગરી ગામની રેવન્યુ હદથી દામક ગામની રેવન્યુ હદથી વાસવા ગામની હદ સુધીનો પૂર્વ તરફનો સમગ્ર વિસ્તાર તથા ત્યાંથી ઉતર પૂર્વે વાસવા ગામની રેવન્યુ હદથી દામકા ગામની રેવન્યુ હદથી ઈચ્છાપોર ગામની રેવન્યુ હદથી પશ્ચિમ ઉત્તરે મલગામા ગામની રેવન્યુ હદ ઓલપાડ તાલુકાના સેગવાછામાં ગામની રેવન્યુ હદને મળે છે. ત્યાંથી ઉત્તર પૂર્વે મલગામાની હદ ભેસાણગામની પશ્ચિમે ઉત્તરની હદને મળે છે. તેનો દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર તથા ત્યાંથી મલગામા ગામની પૂર્વે દક્ષિણનો રેવન્યુ હદ અસારમા ગામની રેવન્યુ હદને મળે છે. ત્યાંથી પૂર્વ અસારમા ગામની રેવન્યુ હદ પાલનપોર ગામની રેવન્યુ હદને મળે છે. ત્યાંથી પૂર્વે ભાઠા ગામની રેવન્યુ હદ પાલનપોર ગામની રેવન્યુ હદ અને પાલગામનો ઉત્તર પૂર્વેની રેવન્યુ હદને મળે છે. ત્યાંથી પાલગામનો પૂર્વ દક્ષિણની રેવન્યુ હદ તાપી નદીને મળે છે. તેની પશ્ચિમ તરફનો સમગ્ર વિસ્તાર તેમજ આ વર્તુળમાં આવરી લેવામાં આવેલ સમગ્ર વિસ્તાર ઈચ્છાપોર પોલીસ સ્ટેશન હેઠળ ગણાશે.

આ પોલીસ સ્ટેશન હેઠળ ચોર્યાસી તાલુકાના નીચે મુજબના ગામોનો સમાવેશ કરવામાં આવે છે.

(૧) પાલ (૨) ભાઠા (૩) ભાટપોર (૪) કવાસ (૫) ચીમના (૬) મોરા (૭) હજીરા (૮) સુવાલી (૯) રાજગરી (૧૦) દામકા (૧૧) વાસવા (૧૨) ઈચ્છાપોર (૧૩) મલગામા (૧૪) આસારમા (૧૬) ખોટ (૧૫) જુનાગામ (૧૭) ભટલાઈ

સુરત, તારીખ ૧લી નવેમ્બર ૧૯૯૫.

પી. સી. પાંડે,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

Supple. C. G. I EX.—202/2

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 203 REGISTERED No. G-BA-14-E

(C)

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol XXXVI ] MONDAY, DECEMBER 11, 1995 / AGRAHAYANA 20, 1917

Separate paging is given to each part of the Supplement to the Central Gazette
and Central Section in order that it may be filed as separate compilation

## PART-I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (ફ)અન્વયેનો

નંબર પી ઓએલ/વશી.—જિલ્લા પોલીસ અધિકારી (ઉત્તર), ખેડાના તારીખ ૫મી ડીસેમ્બર ૧૯૯૫ના પત્ર ક્રમાંક સીબી-૩-વા. ફા. પ્રે. વશી-૨૩૧૬૪/૯૫ થી જણાવ્યા પ્રમાણે ખેડા (ઉત્તર) વિભાગના પોલીસ અધિકારીઓની વાર્ષિક ફાયરીંગ પ્રેક્ટીસ ખેડા કેમ્પ ખાતેના ફાયરીગ બટ ખાતે તારીખ ૧૦મી ડીસેમ્બર ૧૯૯૫ થી તારીખ ૨૦મી ડીસેમ્બર ૧૯૯૫ દરમ્યાન રાખેલ છે. જેથી જાહેર જનતાની સલામતી જળવાઈ રહે તે સારૂ ફાયરીંગ બટ વિસ્તારમાં અવર જવર બંધ કરવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરી છે.

વાસ્તે હું, પી. ડી. વાઘેલા, જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ફ) થી મળેલ સત્તાની રૂએ ખેડા કેમ્પ ખાતેના ફાયરીંગ બટ ખાતે ફાયરીંગ કેમ્પ દરમ્યાન મનુષ્યો, જાનવરો વિગેરેની જાનહાની ન થાય તે માટે ઉકત સ્થળે તારીખ ૧૦મી ડીસેમ્બર, ૧૯૯૫ થી તારીખ ૨૦મી ડીસેમ્બર ૧૯૯૫ (બંને દિવસો સુધ્ધાંત) અવરજવર તથા જાહેર ઉપયોગ માટે બંધ કરવા હુકમ કરૂં છું.

સદરહુ કેમ્પ દરમ્યાન જાહેર જનતાને ફાયરીંગ બટમાં ગોળીબાર પ્રેકટીસ દરમ્યાન વગર પરવાનગીએ પ્રવેશ કરવો નહી, તથા પોતાના આશ્રિત પશુઓને સ્થળથી દુર રાખવા તથા સદરહુ જગામાં પશુઓ અવર જવર ન કરે તેની તકેદારી રાખવી તથા ગોળીબારના પ્રેકટીસ સમય દરમ્યાન બહારના કોઈપણ માણસ, ઢોર વિગેરે પ્રવેશે નહીં તેની તકેદારી રૂપે પોલીસ ગાર્ડની વ્યવસ્થા ફાયરીંગ કેમ્પના આજુ બાજુના વિસ્તારમાં રાખવાની રહેશે.

સદરહુ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૮મી ડીસેમ્બર ૧૯૯૫ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

પી. ડી. વાઘેલા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા.



PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 204

REGISTERED No. G-BA-14-E

(C)

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI ] MONDAY, DECEMBER 11, 1995 / AGRAHAYANA 20, 1917

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

## PART I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નંબર એમએજી/વશી/૪૩૯૧/૧૯૯૫.—સને ૧૯૭૩ ના ( સને ૧૯૭૪ના ૨-જા એકટ) ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૧૭૪ (૪) થી મળેલ અધિકારની રૂએ હું, આઈ. પી. ગૌતમ (આઈ.એ. એસ), જીલ્લા મેજીસ્ટ્રેટ, વડોદરા આથી નીચે જણાવેલ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટને તાત્કાલીક અસરથી તેઓની સામે જણાવેલ વિસ્તાર માટે સદર અધિનિયમની કલમ-૧૭૪ હેઠળના અધિકાર આપું છું

| અનુ. નંબર | એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ શ્રીનું નામ તથા હાલ કયાં ફરજ બજાવે છે | વિસ્તાર |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | શ્રી કે. એચ. પરમાર મામલતદાર કૃષિપંચ, વડોદરા. | પોલીસ કમિશ્નરશ્રી અને જીલ્લા પોલીસ અધિકારીશ્રી, વડોદરા (ગ્રામ્ય) ની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર |
| ૨ | શ્રી ડી. જી. રાવ, નાયબ મામલતદાર જમીન સુધારણા શાખા, કલેકટર કચેરી વડોદરા. | સદર |
| ૩ | શ્રી મનુભાઈ પરમાર, નાયબ મામલતદાર અધિક મામલતદાર, વડોદરા (ગ્રામ્ય) વડોદરા | ,, ,, |

વડોદરા, તારીખ ૪થી ડીસેમ્બર ૧૯૯૫.

આઈ. પી. ગૌતમ,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
વડોદરા.



Supple. C. G. I—Extra-204/1

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

INDEX

Extra No. 205 L

REGISTERED No.G-BA-14-E

(C)

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVII ] MONDAY, DECEMBER 11, 1995 / AGRAHAYANA 20, 1917

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

## PART I
## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માંની કલમ-૩૭ (૧) મુજબ.

નંબર એમ.એ.જી/વશી/૩૪૮૭/૯૫.—હાલમાં ચાલી રહેલ ખેડૂતો તથા માધ્યમિક શિક્ષકોનું આંદોલન તથા આગામી નગરપાલિકાઓની ચૂંટણીઓ વિગેરે લક્ષમાં લઇ જિલ્લાના તમામ શહેરી તથા ગ્રામ્ય વિસ્તારોમાં જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે સારૂ સાવચેતીના પગલાની આવશ્યકતા રહે છે.

વાસ્તે હું, જે. ડી. દેસાઇ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણાં મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૭ (૧)થી મને મળેલ સત્તાની રૂએ મહેસાણા જિલ્લાના તમામ શહેરી તથા ગ્રામ્ય વિસ્તારોમાં તારીખ ૪થી ડિસેમ્બર ૧૯૯૫ ના શુન્ય કલાકથી તારીખ ૩જી જાન્યુઆરી ૧૯૯૬ ના ૨૪·૦૦ કલાક (બન્ને દિવસો સુધ્ધાંત) નીચે મુજબના કૃત્યો ઇસમે નહી કરવાનું ફરમાવું છું.

(૧) શસ્ત્રો, તલવાર, ભાલા, ચપ્પુ, લાકડી અથવા શારીરિક ઇજા પહોંચાડી શકાય તેવા સાધનો કે હથિયારો સાથે રાખી ફરવાનું કે એકઠા કરવાનું;

(૨) જલ્દી સળગી ઉઠે તેમજ વિસ્ફોટક પદાર્થો બનાવવાનું કે એકઠા કરવાનું તેમજ સાથે રાખી ફરવાનું કે કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલો સાથે લઇ જવાનું;

(૩) પથ્થર અથવા પથ્થર જેવા પદાર્થો અથવા હથિયાર અગર ફેંકી શકાય તેવા સાધનો સાથે રાખી ફરવાનું કે એકઠા કરવાનું.

(૪) જુસ્સાદાર ભાષણ કરવાનું કે નનામીઓ કે પુતળા કાઢવાનું કે ચાળા પાડવાનું કે અસભ્યતા કે નીતિનો ભંગ કરે તેવા ચિત્રો તૈયાર કરવાનું કે પ્રદર્શિત કરવાનું.

(૫) ધાર્મિક કે સામાજીક લાગણી દુભાય તેવા સુત્રો પોકારવાનું.

(૬) અપમાન કરવાનું કે જાહેર કરવાના ઇરાદાથી જાહેરમાં બીભત્સ સુત્રો પોકારવાનું, અશ્લીલ ગીતો ગાવાનું કે ટોળામાં ફરવાનું.



INDEX

(૭) માણસનું મડદું, આકૃતિ અગર પ્રતિમા પ્રદર્શીત કરવાનું.

(૮) નીતિનો ભંગ કરે તેવું ભાષણ કરવાનું, વાણી ઉચ્ચારવાનું, નીતિનો ભંગ થાય તેવા હાવભાવ કરવા, તેવી ચેષ્ટાઓ કરવાની તથા ચિત્રો, પત્રિકાઓ અથવા પ્લેકાર્ડો તૈયાર કરવાનું કે ઉપયોગ કરવાનું.

અપવાદ:—

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી :

(૧) પોતાની ફરજ અંગે ઉપરી અધિકારીના હુકમ પ્રમાણે હથિયાર રાખવા પડતા હોય તેવા સરકારી કર્મચારીઓને.

(૨) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, મહેસાણા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા,સબ-ડીવી. મેજીસ્ટ્રેટશ્રી, મહેસાણા, પાટણ, જિલ્લા પોલીસ અધિકારીશ્રી, મહેસાણા, પાટણ, વિભાગીય પોલીસ અધિકારીશ્રી, મહેસાણા, કલોલ,સિધ્ધપુર, પાટણ, તમામ એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, તેમજ તમામ પોલીસ સબ-ઈન્સ્પેકટરશ્રીએ શારીરિક અશકિતના કારણે લાકડી અગર સોટી રાખવની પરવાનગી આપી હોય તેવા ઈસમોને .

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૫ (૧) મુજબ તથા આઈ. પી. સી. ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૪થી ડિસેમ્બર ૧૯૯૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

જે. ડી. દેસાઈ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

---

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) મુજબ

નંબર એમએજી/વશી/૩૫૫૮/૯૫.—હાલમાં ચાલી રહેલ ખેડૂતો તથા માધ્યમિક શિક્ષકોનું આંદોલન તથા આગામી નગરપાલિકાઓની ચૂંટણીઓ વિગેરે લક્ષમા લઈ જિલ્લાના તમામ શહેરી તથા ગ્રામ્ય વિસ્તારોમાંની જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય તેમજ કાયદે અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે સારૂ કોઈપણ મંડળીની કે સરઘસોની મનાઈ કરવાનું યોગ્ય જણાય છે.

વાસ્તે, હું, જે. ડી. દેસાઈ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં)ની કલમ ૩૭ (૩) મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સમગ્ર મહેસાણા જિલ્લાના ગ્રામ્ય તથા શહેરી વિસ્તારોમાં તારીખ ૪થી ડિસેમ્બર ૧૯૯૫ના શુન્ય કલાકથી તારીખ ૧૮મી ડિસેમ્બર ૧૯૯૫ના ૨૪-૦૦ કલાક સુંધી (બન્ને દિવસો સુધ્ધાંત)ની મુદત માટે કોઈપણ સરઘસ કે ચાર કરતાં વધુ વ્યકિતઓની મંડળી માટે મનાઈ ફરમાવું છું. વધુમાં હું આદેશ કરૂં છું કે આ હુકમો નીચેનાને લાગુ પડશે નહી:—

(૧) સરકારી નોકરીમાં હોય તેવી વ્યકિતઓને ;

(૨) ફરજ ઉપર હોય તેવી વ્યકિતઓને ;

(૩) કોઈ લગ્નના વરઘોડાને ;

(૪) કોઈ સ્મશાન યાત્રાને ;

(૫) સક્ષમ અધિકારીશ્રીની મંજરી મેળવેલ સમારંભ કે સરઘસને.

આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૩૫ (૩) મુજબ તથા ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૪થી ડિસેમ્બર ૧૯૯૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

જે. ડી. દેસાઈ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 206 REGISTERED No.G-BA-14-E

Ⓒ

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

Vol. XXXVI ] MONDAY, DECEMBER 11, 1995 / AGRAHAYANA 20, 1917

**Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation**

# PART I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયેનું

નંબર પીઓએલ / જાહેરનામું/૩૭(૩)૯૫.—જિલ્લામાં માધ્યમિક શિક્ષકોની હડતાલ ચાલુ રહેલ છે. તેમજ આપુરતા વીજપુરવઠા સામે ભારતીય કિસાન સંઘ વિવિધ કાર્યક્રમો આપે છે તથા ભવિષ્ય-માં પણ વિવિધ કાર્યક્રમ આપે તેવી શકયતા છેર જેથી સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તકેદારીના પગલાં રૂપે નીચે મુજબનો હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે હું પી. કે. શાહ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાઠા જિલ્લો હિમતનગર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂએ આથી સાબરકાંઠા જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં તારીખ ૧લી ડીસેમ્બર ૧૯૯૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી ડીસેમ્બર ૧૯૯૫ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવુ નહીં. અથવા કોઈ સભા ભરવી કે બાલાવવી નહીં. તેમજ સરઘસ કાઢવુ નહીં.

ખુલાસો.—આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામ-ગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે જેઓ સરકારી ફરજ પર હોય તેઓને તથા ખેતીના ઓજારો વિગેરે લઈ જતા ખેડૂતોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિ-નિયમની કલમ ૧૩૫ હેઠળ અથવા ભારત ફોજદારી અધિનિયમ -૧૮૬૦ના ૪૫મા અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૩૦મી નવેમ્બર ૧૯૯૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરીને આપ્યો.

પી. કે. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાંબરકાંઠા, હિમતનગર.

---

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયેનું.

નંબર પીઓએલ/જાહેરનામું ૩૭(૧) ૯૫.—જિલ્લામાં માધ્યમીક શિક્ષકોની હડતાલ ચાલી રહેલ છે. તેમજ આ પુરતા વીજ પુરવઠા સામે ભારતીય કિસાન સંઘ વિવિધ કાર્યક્રમો આપેછે. તથા ભવિષ્યમાં પણ વિવિધ કાર્યક્રમો આપે તેવી શકયતા છે. જેથી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તકેદારીના પગલાં લેવા નીચે મુજબનો હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે હું, પી. કે. શાહ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ સાંબરકાંઠા જિલ્લો હિંમતનગર સને ૧૯૬૧ના મુંબઈ પોલીસ અધિનિયમની

કલમ-૩૭(૧) થી મને મળેલ અધિકારની રૂએ તારીખ ૧લી ડીસેમ્બર ૧૯૯૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી ડીસેમ્બર ૧૯૯૫ના કલાક ૨૪-૦૦ સુધી સમગ્ર જિલ્લામાં નીચેના કૃત્યોની મનાઈ ફરમાવું છું.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, ટોટા, બંદુક, ચપ્પુ, લાઠી કે લાકડી કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે ફરવાનું.

(૨) પથ્થરો અથવા સ્ફોટક પદાર્થો સાથે ફરવાનું.

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે ફેંકવના કે નાખવાના કે ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાનું, ફરવાનુ કે એકઠા કરવાનું તથા તેમ કરવાનું.

(૪) કોઈ સરઘસમાં જલતી કે પેટાવેલી મશાલ લઈ જવાનું

(૬) વ્યકિતઓ અથવા તેનું શબ, આકાર, અથવા પુતળા દેખાડવાનું, સત્રો પોકારવાનું અથવા અસ્લીલ ગીતો ગાવાનું

(૫) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું, જેનાથી સુરુચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવા તથા હાવભાવ તથા ચેષ્ટા કરવાનું તથા પત્રો પત્રીકાઓ, પ્લેકાર્ડો અથવા તેનો ફેલાવો કરવાનું.

અપવાદ—આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિતઓ કે જેના ઉપરી અધિકારીએ આવુ કોઈ હથિયાર લઈ જવાનુ ફરમાવ્યું હોય અથવા આવુ કોઈ હથિયાર સરકારી ફરજ બજાવવા સાથે રાખવાનું આવશ્યક હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ ડીવઝીનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, અથવા તેઓએ અધિકૃત કરેલા કોઈપણ અધિકારીશ્રીએ જે શારીરિક અશકિતના કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

(૩) કોઈ ધાર્મિક તહેવારની ઉજવણી માટે આ જાહેરનામામાં ઉલ્લેખ કરેલ હોય તે પૈકીના હથિયારો, ધાર્મિક અવાજોને અનુરૂપ ઉપયોગ કરવા માટે જિલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા તે વિસ્તારના સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીએ અગાઉથી લેખિત મંજુરી આપી હોય તેવી સંસ્થા કે વ્યકિતઓ.

(૪) ખેતીના કામે ઓજારો વિગેરે લઈ જતા ખેડૂતોને.

(૬) આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખસો ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫(૧) હેઠળ ઓછામા ઓછી ચાર માસ કે વધુમા વધુ એક વર્ષ ની કેદની સજા થઈ દંડને પાત્ર થશે.

મેં આજ તારીખ ૩૦મી નવેમ્બર ૧૯૯૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કો કરીને આપ્યો.

પી. કે. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિંમતનગર.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 207

REGISTERED No. G-BA-14-E

©

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

Vol. XXXVI ] SATURDAY, DECEMBER 16, 1995 / AGRAHAYANA 25, 1917

**Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation**

## PART I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

૧૯૫૧ ના મુંબઈ પોલીસ ( સને ૧૯૫૧ ના ૨૨ માં ) અધિનિયમની કલમ ૩૩(૧) (એમ) મુજબ.

ક્રમાંક એમએજી / વશી / ૩૫૧૦ થી ૩૫૫૦/૯૫.— મહેસાણા જિલ્લાના ખેરાલું, વિજાપુર, કલોલ તાલુકાની હદમાંથી પસાર થતી સાબરમતી નદી દ્વારા અમદાવાદ શહેરને પીવાનું પાણી પુરતું મળી રહે તે માટે ધરોઈ બંધમાંથી પાણી છોડવામાં આવે છે. આ પાણીને ખેરાલું, વિજાપુર, કલોલ તાલુકાના સાબરમતી નદીના કાંઠે આવેલ ગામોના ઈસમો તરફથી ખેતી કે અન્ય કામે પંપ મુકીને કે પાઈપલાઈન દ્વારા નદીના વહેતા પાણીમાંથી ગેરકાયદેસર રીતે ઉપયોગ થતો હોવાનું જણાઈ આવેલ છે. જે કારણે અમદાવાદ શહેર માટે પુરતો પાણીનો પુરવઠો પહોંચી શકતો નથી. ચાલુ વર્ષે અપુરતા વરસાદના કારણે પીવાના પાણીની તીવ્ર ખેંચ ઉભી થયેલી હોવાથી ધરોઈ બંધમાંથી અમદાવાદ શહેર માટે છોડવામાં આવતો પાણીનો પુરવઠો અમદાવાદ શહેરને પુરતા પ્રમાણમાં મળી રહે તે સારું આ જિલ્લાની હદમાંથી પસાર થતી સાબરમતી નદીના પાણીનો ઉપયોગ નિયંત્રીતકરવાની ખાસ આવશ્યકતા જણાય છે.

વાસ્તે, હું, એમ. એમ. કોટવાલ, જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા (સને ૧૯૫૧ ના ૨૨ માં ) મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩ (૧) (એમ) હેઠળ મને મળેલ સત્તાની રુએ આ જિલ્લાના ખેરાલુ, વિજાપુર, કલોલ તાલુકાની હદમાંથી પસાર થતી સાબરમતી નદીમાંથી અમદાવાદ શહેર માટે ધરોઈ બંધમાંથી જે પાણી છોડવામાં આવે છે તે સાબરમતી નદીના વહેતા પાણીનો કોઈપણ વ્યકિત / વ્યકિતઓએ ઉદ્યોગ કે ખેતીના હેતુ માટે પંપ મુકીને કે પાઈપલાઈન નાખીને પાણીનો ઉપયોગ કરવા કે નદીના પ્રવાહમાં અવરોધ પેદા કરવા સામે પ્રતિબંધ ફરમાવું છું.

આ પ્રતિબંધિત હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ અન્વયે શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૨મી ડિસેમ્બર, ૧૯૯૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

એમ. એમ. કોટવાલ,
જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા.



PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 208

REGISTERED No. G-BA-14-E

C

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

Vol. XXXVI ]   MONDAY, DECEMBER 18, 1995 / AGRAHAYANA 27, 1917

**Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation**

## PART I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ- ૩૭(૧) (૩) મુજબનો હુકમ.

ક્રમાંક એસ. બી./ઉગપક/જાહેરનામું/૬૭૫૨/૯૫.—વડોદરા શહેરમાં પોલીસ કમિશનરની હકુમત હેઠળ વડોદરા શહેરનાં નીચેના વિસ્તારોમાં જાહેર સુલેહ શાંતિ જાળવવાની જરૂર જણાઇ છે.

વાસ્તે, હું પી. જી. જે. નામ્પુથિરિ ( આઇ. પી. એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેરની મુંબઇ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં ) ની કલમ-૩૭(૧) (૩) મુજબથી મને મળેલ અધિકારની રુએ હું ફરમાવું છું કે, નીચે જણાવેલા વિસ્તારમાં તારીખ ૧૪મી ડીસેમ્બર ૧૯૯૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૯મી ડીસેમ્બર ૧૯૯૫ નાં કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે વ્યકિતઓએ ભેગા થવું નહી અગર સભા ભરવી કે બોલાવવી નહી તેમજ કોઇ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર.—વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

ખુલાસો.—રસ્તાની ફુટપાથનો પણ આમાં સમાવેશ થાય છે.

અપવાદ.—આ હુકમમાંથી જેઓને અત્રેની કચેરીઓથી ધાર્મિક વરઘોડાની પરવાનગી તેમજ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ લગ્નના વરઘોડા અને સ્મશાનયાત્રાને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમની કલમ સને ૧૯૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૩મી ડીસેમ્બર ૧૯૯૫ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

પી. જી. જે. નામ્પુથિરિ,
પોલીસ કમિશનર, વડોદરા શહેર.



INDEX

## જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧નાં ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલ હુકમ.

ક્રમાંક એસ. બી./ઉ૭પક/જાહેરનામું/૬૭૭૫/૯૫.—મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧નાં ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રુએ હું પી. જી. જે. નામ્પુથિરિ ( આઇ. પી. એસ. ) પોલીસ કમિશનર, વડોદરા શહેર.

વડોદરા શહેરની હાલની પરિસ્થિતિને લક્ષમાં રાખી જાહેર સુલેહ શાંતિ અને સલામતિ જાળવવા સારુ આથી હું ફરમાવું છું કે, વડોદરા શહેરનો સમગ્ર વિસ્તાર એટલે કે પોલીસ કમિશનર વિસ્તારમાં તારીખ ૧૬મી ડીસેમ્બર ૧૯૯૫નાં કલાક ૦૦-૦૦ થી ૩૧મી ડીસેમ્બર ૧૯૯૫નાં કલાક ૨૪-૦૦ સુધી કોઇએ..

(ક) કોઇ પ્રકારનાં શસ્ત્રો, તલવાર, ભાલા, લાકડી, બંદુક જેવા સાધનો કે બીજાથી હીંસા થઇ શકે તેવી કોઇ વસ્તુ લઇ જવી કે કબજામાં રાખવી નહી ;

(ખ) પથ્થરો અથવા ફેંકવાના સાધનો એકત્રિત કરવા કે તૈયાર કરવા નહી ;

(ગ) કોઇ ભયાનક પદાર્થ કે સ્ફોટક પદાર્થ લઇ જવો નહી;

(ઘ) કોઇ શબ કે આકૃતિ કે પુતળા દેખાડવા નહી ;

(ચ) સરઘસમાં સળગતી મશાલ લઇ જવી નહી ;

(છ) અપમાન કરવાનાં ઈરાદાથી કે બદનામ કરવાનાં ઈરાદાથી જાહેરમાં સુત્રો પોકારવા નહી. અથવા ટોળામાં ફરવું નહીં ;

(જ) જેનાથી સુરુચિ અથવા કોઇ ચીજવસ્તુ કે પદાર્થ તૈયાર કરવા નહી. અગર ફેલાવો કરવો નહી.

આ હુકમનો ભંગ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડતો નથી.

૧. સરકારી નોકર કે તેવું કામ કરતી વ્યકિતઓ કે તેવું કામ ઉપરી અધિકારીએ આવું કોઇ હથીયાર લઇ જવા ફરમાવ્યું હોય અગર હથિયારો લઇ જવાની ફરજ હોય તેમજ પરવાનેદાર વ્યકિતને.,

૨. જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અથવા અધિકૃત કરેલ કોઇ અધિકારી જેની શારિરીક અશકિતને કારણે લાકડી લઇ જવાની પરવાનગી આપેલ હોય તે વ્યકિતને.

મેં આજ તારીખ ૧૫મી ડીસેમ્બર ૧૯૯૫નાં રોજ મારી સહી કરી સીક્કો મારેલ છે.

પી. જી. જે. નામ્પુથિરિ,
પોલીસ કમિશનર, વડોદરા શહેર.

---

## જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) (બી) મુજબનો હુકમ.

ક્રમાંક એસ. બી/ઉ૭પક/જાહેરનામું/૬૭૭૬/૯૫.—વડોદરા શહેરમાં ધાર્મિક તહેવારો આવતા હોય શહેરમાં કેટલાક ઈસમો, બાળકો છોકરાઓ કોમી સંવેદનશીલ વિસ્તારમાં સલામતિ જોખમાય તે રીતે ક્રિકેટની રમત રમી, રમાડી, શેરીઓ, ગલીઓમાં કે જાહેરમાર્ગો ઉપર ટ્રાફીકને અડચણ થાય તે રીતેનો વ્યવહાર વર્તન કરતા હોય તેના કારણે સુલેહ શાંતિ જોખમાય તે સંભવ હોય આથી આ કૃત્ય અટકાવવું અત્યંત જરૂરી હોય તેથી,

હું, પી. જી. જે. નામ્પુથિરી (આઇ. પી. એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર, મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૩૭ (૧) (બી) મુજબ મને મળેલ સત્તાની રુએ ફરમાવું છું કે, શહેરનાં પોલીસ કમિશનર વિસ્તારમાં તારીખ ૧૬મી ડીસેમ્બર ૧૯૯૫ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૧મી ડીસેમ્બર ૧૯૯૫ના કલાક ૨૪-૦૦ સુધી કોઈપણ ઈસમ, બાળકો, છોકરાઓ, વિગેરે સરીયામ રોડ રસ્તા, કે જાહેરમાર્ગો ગલીઓમાં ક્રિકેટની રમત રમવી કે રમાડવી નહી અથવા તેવી કોઇ પ્રવૃત્તિ કરવી નહી.

મેં આજ તારીખ ૧૫મી ડીસેમ્બર ૧૯૯૫નાં રોજ મારી સહી કરી સીક્કો મારેલ છે.

પી. જી. જે. નામ્પુથિરિ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

Extra No. 209

REGISTERED No. G-BA-14-E

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] MONDAY, DECEMBER 18, 1995 / AGRAHAYANA 27, 1917

Separate paging is given to each part of the Supplement to the Central and Central Section in order that it may be filed as a separate compilation

## PART I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈના પોલીસ અધિનિયમની કલમ ૩૩ ની પેટા-કલમ (૧)(બી) હેઠળ નિયમ.

ક્રમાંક ઉગપક/ જાહેરનામુ/૧૪૨૯/૯૫.—મુંબઈના પોલીસ અધિનિયમની સને ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨મા) ની કલમ ૩૩ની પેટા કલમ (૧) (બી) હેઠળ મળેલ સત્તાની રુએ વડોદરા શહેરમાં બહાર પાડવા ધારેલા જાહેરનામાનો મુસદ્દો તેનાથી અસર થતા લાગતા વળગતાના તમામની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે. કે સદર જાહેરનામું ગુજરાત સરકારશ્રીના (ગેઝેટમાં) અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી દિન-૩૦(ત્રીસ) દિવસની અંદર કોઈપણ વ્યકિત તરફથી સુચનો વાંધાઓ પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરનાઓ તરફ લેખીતમાં મોકલવામાં આવશે તો તે અંગે યોગ્ય વિચારણા કરવામાં આવશે.

પ્રાથમિક જાહેરનામાનો મુસદ્દો

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨મા) ની કલમ ૩૩ની પેટા કલમ (૧)(બી) થી મળેલ સત્તાની રૂએ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની હદ વિસ્તારમાં આવેલ શહેરના મધ્યમાં મેઈન માર્ગો ઉપર લોકોને ભય અને અગવડ ના પડે અને વાહન વ્યવહાર સરળતાથી અને સલામત રીતે પસાર થવામાં મુશ્કેલી કે અવરોધ ઉભો ના થાય તે હેતુથી નીચે મુજબના રસ્તાઓ "પાર્કિંગ" તથા 'નો પાર્કિગ' નો નિયમ કરું છું.

| અનુ. નંબર | જાહેરનામાના સ્થળ-વિગત | પ્રકાર |
|---|---|---|
| ૧ | પ્રતાપ સીનેમા તરફથી સ્ટેશન તરફ જતા રોડની જમણી બાજુ એટલે કે ગાંધીનગર ગૃહ થી જ્યુબેલી બાગના મેઈન ઝાંપા સુધી તમામ પ્રકારના વાહનો માટે | પાર્કિંગ |
| ૨ | પ્રતાપ સીનેમા તરફથી સ્ટેશન તરફ જતા રોડની ડાબી બાજુએ આવેલ ગુજરાત ચશ્મા ઘર ના બાજુના ખાંચાથી શારદા સીનેમા તારકેશ્વર મહાદેવના ખાંચા સુધી તમામ વાહનો માટે | નો-પાર્કિંગ |

મેં આજરોજ તારીખ ૯ માહે ડીસેમ્બર સને ૧૯૯૫ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

પી. જી. જે. નામ્પુથિરિ,
પોલીસ કમિશનર-વડોદરા શહેર.

## જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈના પોલીસ અધિનિયમની કલમ ૩૩ની પેટા કલમ (૧)(બી) હેઠળનો નિયમો.

ક્રમાંક ઉગપક/ જાહેરનામું/ ૧૫૦૭/૯૫.—મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨મા) ની કલમ ૩૩ ની પેટા કલમ (૧) (બી) હેઠળ મળેલ સત્તાની રૂએ બહાર પાડવા ધારેલા જાહેરનામાનો મુસદ્દો તેનાથી અસર થતાં લાગતા વળગતા તમામની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે. કે સદરહુ જાહેરનામું ગુજરાત સરકારશ્રીના (ગેઝેટમાં) પ્રસિધ્ધ થયાની તારીખથી 30 (ત્રીસ) દિવસની અંદર કોઈપણ વ્યકિત તરફથી સુચનો-વાંધાઓ પોલીસ કમીશનરશ્રી વડોદરા શહેર તરફ લેખીતમાં મોકલી આપવામાં આવશે. તો તે અંગે યોગ્ય વિચારણા કરવામાં આવશે.

### પ્રાથમિક જાહેરનામાનો મુસદ્દો

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ની કલમ) ૩૩ની પેટા કલમ (૧) (બી) થી મળેલી સત્તાની રૂએ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન હદ વિસ્તારમાં આવેલ સયાજીગંજ સુરજ પ્લાઝા બિલ્ડીંગથી કલ્યાણ હોટલ સુધીના રોડ ઉપર લોકોને ભય અગર અગવડ ના થાય અને વાહન વ્યવહાર સરળતાથી પસાર થવામાં કોઇ મુશ્કેલી કે અવરોધ ઉભો ના થાય .તે હેતુથી એકી-બેકી, પાર્કિંગ -નોપાર્કિંગ નિયમ કરુ છું.

(૧) સયાજીગંજ વિસ્તારમાં આવેલ કલ્યાણ હોટલથી રોડના ફુટપાથની કિનારીને અડીને સુરજ પ્લાઝા બિલ્ડીંગ સુધી તમામ પ્રકારના વાહનો માટે (ભારે વાહનો લાઈટ કોમર્શીયલ વ્હીકલ સીવાયના જ વાહનો માટે) બેકી તારીખ ૨-૪-૬-૮-૧૦ ના રોજ "પાર્કિંગ "રહેશે અને સદર જગ્યાએ એકી તારીખ ૧-૩-૫-૭-૯ ના રોજ તમામ પ્રકારના વાહનો માટે "નો પાર્કિંગ" રહેશે.

(૨) સયાજીગંજ સુરજ પ્લાઝા બિલ્ડીંગથી કલ્યાણ હોટલ સામે આવેલ અમીરી હોટલ સુધી તમામ પ્રકારના વાહનો માટે (હેવી મીડીયમ સીવાય) એકી તારીખે "પાર્કિંગ" અને સદર જગ્યા એ એકી તારીખ ૧-૩-૫-૭-૯ પાર્કિંગ રહેશે અને સદર જગ્યાએ બેકી તારીખ ૨-૪-૬-૮-૧૦ ના રોજ "નો પાર્કિંગ રહેશે.

મેં આજ રોજ તારીખ ૧૧ માહે ડીસેમ્બર સને ૧૯૯૫ના રોજ મારી સહી કરી સિક્કો કરેલ છે.

પી. જી. જે. નામ્પુથિરિ,
પોલીસ કમીશનર-વડોદરા શહેર.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 210

REGISTERED No. G—BA-14-E

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVII] WEDNESDAY, DECEMBER 20, 1995 / AGRAHAYANA 29, 1917

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART I

# SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

## જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭(૩) અન્વયેનો

નંબર પીઓએલ / વશી / ૩૦૮૫.— ડીસેમ્બર, ૧૯૯૫ માસમાં યોજનાર વિવિધ નગરપાલિકા / મ્યુનિસિપલ બરોની ચુંટણીઓ તેમજ ૬૧ વટાદરા જિલ્લા પંચાયતની પેટા ચુંટણી ધ્યાને લેતાં જિલ્લાના જાહેર શાંતી અને સલામતી જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેમજ જિલ્લાના સંવેદનશીલ અને અતિસંવેદનશીલ વિસ્તારોમાં તેના અનુસંધાનમાં કોઈ અવળા પ્રત્યાઘાત ન પડે તે માટે સાવચેતીના પગલાં રૂપે ઉકત કાયદાની કલમ ૩૭(૩) અન્વયે જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે હું, પી. ડી. વાઘેલા, આઈ. એ. એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે સમગ્ર ખેડા જિલ્લામાં તારીખ ૧૭મી ડિસેમ્બર, ૧૯૯૫ થી તારીખ ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૫ સુધી ( બંન્ને દિવસો સુધ્ધાંત ) ચાર કરતાં વધુ માણસોએ એકત્ર થવું નહી, ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી કે બોલાવવી નહી અથવા સરઘસ કાઢવું નહી.

વિસ્તાર :— સમગ્ર ખેડા જિલ્લો.

અપવાદ :— આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય, હોમગાર્ડઝમાં હોય, જેઓ ફરજ ઉપર ચાલુ હોય તેમને તથા મરણોત્તર તેમજ લગ્ન અંગેના સરઘસને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ હેઠળ અથવા ભારતના ફોજદારી અધિનિયમ ( સને ૧૮૬૦ ના ૪૫ માં ) ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૬મી ડિસેમ્બર, ૧૯૯૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

પી. ડી. વાઘેલા,
જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) (છ) અન્વયેનો.

નંબર પીઓએલ-વશી-૩૦૮૭.—માહે ડીસેમ્બર માસમાં યોજાનાર ત્રણ નગરપાલિકા અને આઠ મ્યુનિસીપલ (બરો) ની સામાન્ય ચૂંટણીઓ તેમજ નડીયાદ નગરપાલિકા વોર્ડ નં ૧૩ ની પેટા ચૂંટણી અને તારીખ ૪થી જાન્યુઆરી ૧૯૯૬ ના રોજ યોજાનાર ૬૧ વટાદરા જિલ્લા પંચાયત બેઠકની પેટા ચૂંટણી દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિત જળવાઈ રહે અને કોઈ અનિચ્છનિય બનાવ ન બને તથા ચૂંટણી સંબંધમાં છટાદાર ભાષણો આપવાથી અથવા ચાળા પાડવાથી તેમજ પોષ્ટરો લગાવવાથી કોઈ અવળા પ્રત્યાઘાતો ન પડે અને ચૂંટણી આચાર સંહીતાનું પાલન થાય તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) (છ) મુજબનું જાહેરનામું બહાર પાડવાનુ જરૂરી જણાય છે.

વાસ્તે હું પી. ડી. વાઘેલા જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) (છ) થી મને મળેલ અધિકારની રૂએ સમગ્ર ખેડા જિલ્લામાં તારીખ ૧૭મી ડીસેમ્બર ૧૯૯૫ થી તારીખ ૩૧મી ડીસેમ્બર ૧૯૯૫ સુધી (બંને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવુ છું.

૧ જેનાથી સુરૂચી અથવા નીતીનો ભંગ થાય થતો હોય અથવા રાજ્યની સલામતી જોખમાતી હોય તેવા છટાદાર ભાષણો આપવાનું, ચાળા પાડવાનું નકલ કરવાનું કૃત્ય.

૨ જેનાથી સુરૂચિ અથવા નીતીનો ભંગ થતો હોય, ગુજરાત રાજ્ય ચૂંટણીપંચ દ્વારા જાહેર થયેલ આચાર સંહીતાનો ભંગ થતો હોય તેવા ચિત્રો અન્ય જાહેરાતો, પોષ્ટરો, નિશાનીઓ જાહેર ખબરો લગાવવા અથવા ફેલાવો કરવાનું કૃત્ય.

વિસ્તાર : સમગ્ર ખેડા જિલ્લો.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.—

આજ તારીખ ૧૬મી ડીસેમ્બર ૧૯૯૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

પી. ડી. વાઘેલા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 211 REGISTERED No. G-BA-14-E

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

Vol. XXXVI ] WEDNESDAY, DECEMBER 20, 1995 / AGRAHAYANA 29, 1917

**Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as separate compilation**

## PART–I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭ (૧) અન્વયેનો.

નંબર પીઓએલ / વશી / ૩૦૮૬.— ખેડા જિલ્લાની (૧) બાલાશિનોર (૨) મહેમદાવાદ (૩) ચકલાસી નગર પાલિકાઓ અને (૧) ખેડા (૨) આંકલાવ (૩) ડાકોર (૪) મહુધા (૫) ઓડ (૭) બોરીઆવી (૭) કરમસદ (૮) વલ્લભવિદ્યાનગર બરો નગરપાલિકાની સામાન્ય ચૂંટણીઓ તથા નડીઆદ નગરપાલિકાના વોર્ડ નં. ૧૩ થી એક સામાન્ય બેઠકની પેટા ચૂંટણી તારીખ ૩૧ મી ડિસેમ્બર, ૧૯૯૫ ના રોજ યોજાનાર છે તથા ૬૧ વટાદરા જિલ્લા પંચાયત **મત**વિભાગની પેટા ચૂંટણી તારીખ ૪ થી જાન્યુઆરી, ૧૯૯૬ ના રોજ યોજાનાર છે. તે ધ્યાને લેતાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તથા જિલ્લાના સંવેદનશીલ અને અતિસંવેદનશીલ વિસ્તારોમાં તેના અનુસંધાનમાં કોઈ અવળા પ્રત્યાધાતો ન પડે તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭(૧) મુજબનું જાહેરનામું બહાર પાડવું જરુરી જણાય છે.

વાસ્તે, હું, એમ. એ. ચૌહાણ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૭ (૧) થી મને મળેલ અધિકારની રુઈએ સમગ્ર ખેડા જિલ્લામાં તારીખ ૧૭મી-ડિસેમ્બર, ૧૯૯૫ થી તારીખ ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૫ સુધી (બન્ને દિવસો સુધ્ધાંત ) નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) હથીયાર, તલવાર, ભાલા, ધોકા, લાકડી કે લાઠી, સળગતી મશાલ, અથવા બીજા હથીયારો કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું;

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી રાખી ફરવાનું;

(૩) મનુષ્યો અથવા શબ તેમજ પુતળા દેખાડવાનું;

(૪) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગીતો ગાવાનું;

(૫) જેનાથી સુરુચી અથવા નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા તેવા ચિત્રો, પ્રતિકો કે પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું, બતાવવાનું અથવા ફેલાવો કરવાનું;

(૬) શસ્ત્ર અધિનિયમ, ૧૯૫૯ અને તે હેઠળના નિયમો મુજબ જે ઈસમોને હથીયાર પરવાના આપવામાં આવેલા છે તે ઈસમોએ તેઓના પરવાના અન્વયેના હથીયાર જેવા કે રીવોલ્વર, પીસ્તોલ, બી. એલ. ગન, એમ.એલ.ગન, રાયફલ વિગેરે સાથે રાખી ફરવાનું.

વિસ્તાર :-- સમગ્ર ખેડા જિલ્લો.

અપવાદ :-- આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈપણ વ્યકિત કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈ હથીયાર લઈ જવાની જેની ફરજ હોય;

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસ વડાશ્રી કે તેમણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ કે જેને શારીરિક અશકિતને કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૫મી ડીસેમ્બર, ૧૯૯૫ ના રોજ મારી સહ તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

એમ. એ. ચૌહાણ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા.



Supple. C. G. I-Extra—211/1

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 212

REGISTERED No. G-BA-14-E

(C)

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI ] WEDNESDAY, DECEMBER 20, 1995 / AGRAHAYANA 29, 1917

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

## PART I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે બહાર પાડેલ.

નંબર પોલ/જાહેરનામું/૪૫૧૭ થી ૪૫૫૨/૯૫.—મુંબઈ પોલીસ અધિનિયમ/૧૯૫૧ (મુંબઈ-૨૨માં ) અધિનિયમની કલમ ૩૭(૧) (ક) અન્વયે મળેલ સત્તાની રૂઈએ હું, જી. સી. બ્રહ્મભટ્ટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા, હાલમાં ખેડુતોને અપુરતો વીજ પુરવઠો મળતો હોવાના કારણે ખેડુત સમાજ તરફથી આંદોલન ચાલી રહેલ હોય, તેમજ આગામી દિવસોમાં ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ થનાર હોય, જિલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ ના બને તે માટે જાહેર શાંતી અને સલામતી જાળવવા ફરમાવું છું કે, વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં તારીખ ૧૯મી ડિસેમ્બર ૧૯૯૫ ના રોજ ૦૦/૦૦ કલાકથી તારીખ ૨જી જાન્યુઆરી ૧૯૯૬ના રોજ ૨૪/૦૦ કલાક સુધી કોઈએ.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, બંદૂક, છરા, લાકડી, કે લાઠી અથવા શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈપણ સાધન લઈ જવું નહીં.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી કોઈપણ વસ્તુઓ અને ફેંકવાના, ધકેલવાના યંત્રો સાધનો લઈ જવા નહીં કે એકઠા કરવા નહીં, અથવા તૈયાર કરવા નહીં.

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં.

(ઙ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર કરવાના બિભત્સ સુત્રો પોકારવા નહીં, અશ્લિલ ગીતો ગાવા નહીં, અથવા ટોળામાં ફરવું નહીં.

(ચ) જેનાથી સુરુચિ નીતિનો ભય થાય તેવું ભાષણ કરવું નહીં, તેવા હાવભાવ કરવા નહીં, અથવા તેવા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડ, અથવા બીજા કોઈપણ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવી નહીં, બનાવવી નહીં, તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમના ખંડ-ક નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીનું કામકાજ કરતાં કોઈ વ્યકિત તેના ઉપરી અધિકારીએ આવું કોઈ પણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા તેવું કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી અથવા જિલ્લા પોલીસ અધિકારીશ્રી તેમણે અધિકૃત કરેલ કોઈ પોલીસ અધિકારી કે જેને શારીરીક અશકિતના કારણે લાકડી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત. આ જાહેરનામાંનો કોઈપણ ખંડનો ભાગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં-ઓછા (ચાર) માસ અને વધુમાં વધુ (એક-૧)

વર્ષની કેદની સજા થશે, આ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૫(૧) મુજબ દંડની પણ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૮મી ડિસેમ્બર ૧૯૯૫ના રોજ મારી સહી સિક્કો કર્યો.

જી. સી. બ્રહ્મભટ્ટ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

---

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયેબ હાર પાડેલ.

નંબર પોલ/ જાહેરનામું/૪૫૫૩ થી ૪૫૮૮/૯૫.—હાલમાં ખેડુતો અપુરતાં વીજ પુરવઠો મળતો હોવાના કારણે ખેડુત સમાજ તરફથી આંદોલન ચાલી રહેલ હોય, તેમજ આગામી દિવસોમાં ગ્રામ પંચાયતોની ચુંટણીઓ થનાર હોય જિલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુથી વડોદરા જિલ્લાના પોલીસ કમિશનરશ્રીએ, વડોદરા (શહેર) ના હકૂમત સિવાયનો વિસ્તાર એટલે વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં સુલેહ શાંતિ અને સલામતી જાળવવા અત્યંત જરૂરી હોઈ, વ્યકિતઓની મંડળી, સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાયુ છે.

તેથી હવે, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧-ના મુંબઈ-૨૨માં) ની કલમ-૩૭ની પેટા કલમ-(૩) થી મને મળેલ સત્તાની રૂઈએ હું, શ્રી જી. સી. બ્રહ્મભટ્ટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા ઉપરોકત વિસ્તારોમાં તારીખ ૧૯મી ડિસેમ્બર ૧૯૯૫ના ૦૦-૦૦ કલાક થી તારીખ ૨જી જાન્યુઆરી ૧૯૯૬ના રોજ ૨૪-૦૦ના રોજ ૨૪-૦૦ કલાકના સમય દરમ્યાન.

(૧) ચાર કરતાં વધુ વ્યકિતઓએ ભેગા થવું નહી,
(૨) સભા ભરવી નહી કે બોલાવવી નહી.

વધુમાં હું, આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરીમાં અથવા રોજી પર હોય તે વ્યકિતઓ.
(૨) કોઈ લગ્નના વરઘોડાને.
(૩) ફરજ પર હોય તેવી ગ્રામ રક્ષકદળની વ્યકિતઓને.
(૪) કોઈપણ સ્મશાનયાત્રાને.
(૫) કોઈપણ રાષ્ટ્રીય કાર્યક્રમને.

આ હુકમમાંથી સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી તેઓના મુખ્ય મથક વિસ્તાર માટે. તથા તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, તેઓના તાલુકા વિસ્તાર માટે મુકિત આપી શકશે એટલે કે સરઘસ તથા સભા અંગેની પરવાનગી. અંગે સ્થાનિક પરિસ્થિતિ તથા પોલીસ ખાતાનો અભિપ્રાય મેળવી આપવાની રહેશે.

આ હુકમનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ(૩) મુજબ અને ભારતીય ફોજદારી અધિનિયમ-૧૮૬૦ના (સને -૧૮૬૦ ના ૪૫-મા) ની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૧૮મી ડિસેમ્બર ૧૯૯૫ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો.

જી. સી. બ્રહ્મભટ્ટ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 213 REGISTERED No. G-BA-14-8

C

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI ] FRIDAY, DECEMBER 22, 1995 / PAUSA 1, 1917

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

નંબર / પોલ/પાસા/ડી-૨/૫૯/ફરાર/જપ્તી/૯૫/૩૫૮૬.—વડોદરા જિલ્લાના વડોદરા શહેરના મોજે વડોદરા કસ્બાના મહેસૂલી વિસ્તારમાં પ્રોપર્ટી ગ્રેબર તરીકેની અસામાજીક પ્રવૃત્તિ આચરતા શ્રી કાંતિલાલ અંબાલાલ પટેલ, રહે. ૬૦, વિમલ સોસાયટી, લાલબાગ, વડોદરાની સદરહુ અસામાજીક પ્રવૃત્તિ અટકાવવા માટે ધી ગુજરાત પ્રિવેન્શન ઓફ એન્ટી સોશ્યલ એકટીવીટીઝ એકટ, ૧૯૮૫ ની કલમ ૩ (૨) તેમજ ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના તારીખ ૨૮મી મે ૧૯૮૫ ના જાહેરનામા ક્રમાક જીજી/૧૫૪/એસબી/IV/પી.એસ. એસ/૧૦૮૫/૧૧૯૪ થી અમોને મળેલ સત્તા અન્વયે સદરહુ ઇસમ શ્રી કાંતિલાલ અંબાલાલ પટેલની નિવારક અટકાયત કરવા માટેનો હુકમ ક્રમાંક પોલ/પાસા/ડી-૨/૯૫, તારીખ ૪થી સપ્ટેમ્બર ૧૯૯૫ થી જારી કરવામાં આવેલ છે. સદરહું અટકાયત હુકમને ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના હુકમ ક્રમાંક એસબી/૩/પીએસ/૩૪૯૪/૮૫ તારીખ ૧૨મી સપ્ટેમ્બર ૧૯૯૫ થી મંજુર રાખેલ છે સદરહુ અટકાયત હુકમની બજવણી માટે સતત પ્રયત્ન કરતા જિલ્લા પોલીસ કમિશનરશ્રી વડોદરાના અહેવાલ તેમજ અમારી જાત માહિતી ઉપરથી અમોને એમ માનવાને કારણ છે કે, જે વ્યકિતના સંબંધમાં સદરહુ અટકાયત હુકમ કરવામાં આવેલ છે તે શ્રી કાંતિલાલ અંબાલાલ પટેલ ફરાર થઇ ગયેલ છે. અથવા તેઓ એવી રીતે છુપાતા ફરે છે કે જેથી તેમની નિવારક અટકાયત કરવા માટે કરવામાં આવેલ સદરહું અટકાયત હુકમની અમલ બજવણી કરી શકાતી નથી જેથી ધી ગુજરાત પ્રિવેન્શન ઓફ એન્ટ્રી સોશ્યલ એકટીવીટીજ એકટ ૧૯૮૫ ની કલમ ૮ (૨) થી અમોને મળેલ અધિકારો અન્વયે સદરહુ ફરારી (ભાગેડુ) વ્યકિત શ્રી કાંતિલાલ અંબાલાલ પટેલને મારા તારીખ ૨૨મી સપ્ટેમ્બર ૧૯૯૫ના જાહરનામાં નં. પોલ/પાસા/ડી-૨/૯૫-વશી/૨૬૬૪/૯૫ થી જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૩૦ માં મુદતની અંદર પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેર સમક્ષ હાજર થવા આદેશ કરવમાં આવેલ સદરહુ હુકમથી કાયદાની પ્રસ્થાપિત પધ્ધતિ મુજબ પ્રસિધ્ધ કરવામાં આવેલ તેમ છતાં સદરહુ ફરારી (ભાગેડું) વ્યકિત શ્રી કાંતિલાલ અંબાલાલ પટેલ જાહેરનામાથી નિર્દિષ્ટ થલેલ નિયત સમય મર્યાદામાં પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેર સમક્ષ હાજર થયેલ નથી. આથી ધી ગુજરાત પ્રિવેન્શન ઓફ એન્ટી સોશ્યલ એકટીવીટીઝ એકટ, ૧૯૮૫ ની કલમ-૮ (૧) થી અમોને ક્રિમીનલ પ્રોસિજર કોડની કલમ ૮૨, ૮૩, ૮૪ અને ૮૫ હેઠળના મળેલા અધિકારો અન્વયે શ્રી કાંતિલાલ અંબાલલ પટેલ, રહે. ૬૦, વિમલ સોસાયટી, લાલબાગ, વડોદરાને ફરારી (ભાગેડું) જાહેર કરૂં છું અને



INDEX

તેમની માલિકીની નીચે મુજબની તમામ સ્થાવર/જંગમ મિલકત જપ્ત કરવા હુકમ કરૂ છું.

મિલકતનું વર્ણન :

(૧) રહેઠાણનું મકાન બ્લોક નં. ૫૯ (સીટી સર્વે નં. ૨૪૯૬) વિમલ કો. ઓ. હા.સો. લી. લાલબાગ, વડોદરા તથા તે મકાનમાંની તમામ જંગમ મિલકત.

(૨) મોજે અકોટા તાલુકા વડોદરાના સ. ન. ૩૬/૧ પૈકીની ટી. પી. નં. ૧ ની મીરાજ એમ.આઇ. આર. સેન્ટરવાળી બાંધકામ સહિતની સ્થાવર જંગમ મિલકત.

(૩) મોજે ફાજલપુર (સા.) ની બ્લોક નં. ૪૨ ની બીન ખેતીની ખુલ્લી જમીન હે.-આ-૪૧-૫-૪૮.

(૪) ફાજલપુર (સાં) ની બ્લોક નં. ૪૩ ની બીન ખેતીની ખુલ્લી જમીન હે.આરે.પ્ર. ૦ ૩૭ ૪૩

સદરહુ હુકમ અન્વયે ઉકત સ્થાવર / જંગમ મિલકત તાત્કાલીક અસરથી ટાચમા લેવાની કાર્યવાહી કરવા અ. નં. ૧ અને ૨ની મિલ્કત માટે મામલતદારથી, વડોદરા (શહેર) ને અને એનુ. નં. ૩ અને ૪ ની મિલ્કત માટે મામલતદારશ્રી વડોદરા (ગ્રામ્ય) ને અધિકૃત કરૂ છું આ હુકમની તારીખથી દિન-૩૦મા સદરહું ઇસમ શ્રી કાંતીલાલ અંબાલાલ પટેલ તેમના અટકાયત હુકમ અંગે અમારી સમક્ષ અથવા પોલીસ કમીશનરશ્રી, વડોદરા શહેર સમક્ષ હાજર નહી થાય તો સદરહુ જપ્ત કરેલ સ્થાવર/જંગમ મિલ્કત સરકાર દાખલ કરીને તેની જાહેર હરાજી કરી વેચાણ કરવાની કાયદાનુસાર કાર્યવાહી કરવા પણ હુકમ કરૂં છું.

વડોદરા, તારીખ ૨૧મી ડિસેમ્બર, ૧૯૯૫.

ઇન્દ્રજીત પી. ગૌતમ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

---

PRINTED AT THE GOVERNMENT PRESS VADODARA.

INDEX

Extra No. 214

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

[ PUBLISHED BY AUTHORITY ]

Vol. XXXVI] WEDNESDAY, DECEMBER 27, 1995 / PAUSA 6, 1917

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART-I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

#### જાહેરનામું

ક્રમાંક એમએજી/ ટ્રાફિક નિયમન/વશી/૩૭૯૬/૯૫.—મહેસાણા જિલ્લાના-૨૫ (પચીસ) એસ.ટી. સ્ટેન્ડ નજીકથી ૦॥ કિ.મી. થી ૧ કિ.મી. સુધીના વિસ્તારને અત્રેના જાહેરનામા ક્રમાંક પીઓએલ--નોપાર્કીંગ-વશી-૨૭૨૩/૮૯ તારીખ ૨૨મી ઓગસ્ટ ૧૯૮૯ તેમજ જાહેરનામા ક્રમાંક : પીઓએલ-વશી-૪૧૪૯ થી ૪૨૬૭/૯૩ તારીખ ૨૬મી સપ્ટેમ્બર ૧૯૯૩ તથા જાહેરનામા ક્રમાંક : પીઓએલ-વશી--૨૬૧૭/૯૫ તારીખ ૨૮મી ઓગસ્ટ ૧૯૯૫થી નોપાર્કીંગ ઝોન તરીકે જાહેર કરેલ છે. તેમજ જાહેર જનતામાંથી વાંધા હોય તો દિન-૩૦માં રજુ કરવા જણાવેલ સદરહું જાહેરનામું ના. ગુજરાત સરકારશ્રીના રાજ્યપત્ર ભાગ-૧માં તારીખ ૧૮મી સપ્ટેમ્બર ૧૯૯૫ ના રોજ પ્રસિધ્ધ થયેલ છે. તેમજ આ અંગે કોઈ વાંધા સુચનો રજુ થયેલ નથી. સબબ મહેસાણા જિલ્લાના એસ.ટી.સ્ટેન્ડ તથા સબ સ્ટેન્ડ નજીકના પરિશિષ્ટ-૧ થી ૩ માં જણાવ્યા પ્રમાણેના વિસ્તારમાં વાહનોના નિયમન માટે "નો પાર્કીંગ ઝોન" તરીકે જાહેર કરવા યોગ્ય જણાય છે.

વાસ્તે હું, એમ. એમ. કોટવાલ, જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૩(૧)(સી) થી મને મળેલ સત્તાની રૂએ પેટાના પરિશિષ્ટ નં. ૧,૨,૩માં દર્શાવ્યા મુજબ મહેસાણા જિલ્લામાં આવેલ એસ.ટી.સ્ટેન્ડ/પીકઅપ સ્ટેન્ડની આજુબાજુના વિસ્તારોમાં ખાનગી વાહનો જેવા કે બસો, જીપો, મેટાડોર, ટ્રકો વિગેરે ઉભા નહી રાખવા પ્રતિબંધ ફરમાવું છું.

પરિશિષ્ટ-૧

| અનુ. નંબર | શહેર/ગામ | વાહનો નહી ઉભા રાખવાનો વિસ્તાર | હદ |
|---|---|---|---|
| (૧) | મહેસાણા | મહેસાણા બસ સ્ટેન્ડથી વિશ્રાતિગૃહ તરફ અને સિવિલ હોસ્પીટલ તરફ ૪૦૦ ફૂટ બંન્ને છેડે. | ૧/૨કી. કી.મી. |
| (૨) | વિસનગર | બસસ્ટેન્ડથી રેલ્વે સર્કલ સુધી અને કોલેજ સુધી એમ બંને બાજુ ચારસો ફૂટ | ૧/૨ કી.મી. |
| (૩) | પાટણ | પાટણ બસ સ્ટેન્ડથી બગવાડા ચોક એક પૂર્વ-પશ્ચિમ ચારસો ફૂટ અંતર સુધીમાં. | ૧/૨ કી.મી. |
| (૪) | કડી | બસસ્ટેન્ડથી રેલ્વે સ્ટેશન તરફ ૪૦૦ફૂટ અને બસ સ્ટેશનથી ભાવપુરા તરફ ૩૦૦ ફૂટ સુધી. | ૧/૨ કી.મી. |
| (૫) | કલોલ | એસ.ટી. બસ સ્ટેન્ડથી નિકળવાના દરવાજા થી ૨૦૦ ફૂટ સ્ટેશન ટાવર તરફ ખુની બંગલા સુધીનો વિસ્તાર. | ૧કી.મી. |
| (૬) | ખેરાળુ | એસ.ટી. બસ સ્ટેન્ડથી રેલ્વે સ્ટેશન તરફ ૩૦૦ ફૂટ સુધીનો વિસ્તાર | ૧/૨ કી.મી. |

| ૧ ૨ | ૩ | |
|---|---|---|
| (૭) ચાણસ્મા | પાટણ તરફ ચાર રસ્તા બજાર તરફ સરકારી કવાટર્સ સુધીનો ૩૦૦ફૂટનો વિસ્તાર. | ૧/૨ કી.મી. |
| (૮) હારીજ | હારીજ બસ સ્ટેન્ડથી પૂર્વ-પશ્ચિમ બંને છેડે ૩૦૦ફૂટ સુધીનો વિસ્તાર. | ૧/૨ કી.મી |
| (૯) સમી | એસ.ટી. સ્ટેન્ડ કન્ટ્રોલ પોઈન્ટનો ચારે બાજુ અર્ધો કિ.મી. | ૧/૨ કી.મી. |
| (૧૦) બેચરાજી | એસ.ટી. સ્ટેન્ડની પૂર્વ-પશ્ચિમ છેડે અર્ધો કિ.મી. | ૧/૨ કી.મી. |
| (૧૧) વડનગર | એસ.ટી.સ્ટેન્ડની ચારે તરફ અર્ધો કિ.મી. કિ.મી. વિસ્તાર સુધી. | ૧/૨ કી.મી. |

## પરિશિષ્ટ-૨

| અ.નં. શહેર/ગામ | વાહનો ઉભા નહી રાખવાનો વિસ્તાર. |
|---|---|
| (૧) મહેસાણા | મોઢેરા ચાર રસ્તા નજીક શ્રીમંધર મંદીર પીકઅપ સ્ટેન્ડથી ૪૦૦ ફૂટ બંને છેડે તથા રાધનપુર ચાર રસ્તા પીકઅપ સ્ટેન્ડથી ૪૦૦ફૂટ બંને છેડે તથા રાધનપુર જવાના રસ્તે ૪૦૦ફૂટ. |
| (૨) કલોલ | હાઇવે ઉપરના અંબિકાનગર પીકઅપ સ્ટેન્ડ ના બંને છેડે ૪૦૦ ફૂટ. |
| (૩) માણસા | માણસા બસ સ્ટેન્ડથી પૂર્વ-પશ્ચિમ બંને છેડે ૩૦૦ ફૂટ સુધીનો વિસ્તાર. |
| (૪) વિજાપુર | બસ સ્ટેન્ડ થી ચારે બાજૂ ૪૦૦ ફ ટ નો વિસ્તાર. |
| (૫) સતલાસણા | બસ સ્ટેન્ડથી પૂર્વ-પશ્ચિમ છેડે ૪૦૦ ફૂટ નો વિસ્તાર. |

## પરિશિષ્ટ-૩

| અ.નં. શહેર/ગામ | વાહનો ઉભા નહા રાખવાનો વિસ્તાર |
|---|---|
| (૧) વિસનગર | વિસનગર સવાલા દરવાજા ના સ્ટેન્ડથી મહેસાણા તરફનો રસ્તો, વિજાપુર તરફનો રસ્તો, બસસ્ટેશન અને શહેરના તરફના રસ્તાનો -૫૦૦ મીટરના અંતર સુધી. |

| ૧ ૨ | ૩ |
|---|---|
| (૨) ઊંઝા | ઊંઝા બસસ્ટેન્ડથી ઊંઝા શહેર તરફ-૫૦૦ મીટર પાટણ રોડ તરફ-૫૦૦ મીટર તેમજ મહેસાણા-પાલનપુર હાઈવેના બંને છેડે-૫૦૦ મીટરના અંતર સુધી. |
| (૩) સિધ્ધપુર | સિધ્ધપુર બસ સ્ટેશનથી પાલનપુર તરફના રસ્તે તથા મહેસાણા તરફથી આવવાના રસ્તે કોર્ટ તરફ તેમજ શહેર તરફ-૫૦૦મીટરના અંતર સુધી. |
| (૪) વિજાપુર | વિજાપુર ચક્કર પાસે ઉમિયા માતાના મંદિર પાસે ૪૦૦ મીટર સુધી<br>વિજાપુર ચાર રસ્તા આનંદપુરા ખાતે ૪૦૦ મીટર સુધી. |
| (૫) લાડોલ | લાડોલ એસ.ટી. સ્ટેન્ડની આજૂબાજૂ ૪૦૦ મીટર. |
| (૬) મહુડી | મહુડી એસ.ટી. સ્ટેન્ડની ચારે બાજૂ ૪૦૦ મીટર સુધીનો વિસ્તાર. |
| (૭) માણસા | માણસા એસ.ટી બસ. સ્ટેશનથી શહેર તરફ તેમજ ચાર રસ્તા સર્કલ સુધીનો વિસ્તાર-'. ૫૦૦ મીટર તથા મહેસાણા તરફનો વિસ્તાર. |
| (૮) ચરાડા ગામ તરફ વિહાર ચાર રસ્તા. | ચરાડા ગામ તથા વિહાર ચાર રસ્તાના એસ એસ.ટી. સ્ટેન્ડ થી ચારે બાજુ ૫૦૦ મીટર સુધીનો વિસ્તાર. |
| (૯) ૧. પીલવાઇ<br>૨. વસાઈ<br>૩. ગોઝારીયા | પીલવાઇ, વસાઈ અને ગોઝારિયા એસ.ટી.બસ સ્ટેન્ડની ચારે બાજૂના ૫૦૦ મીટર સુધીનો વિસ્તાર. |

સદરહુ હુકમનો ભંગ કરનાર ઈસમ સામે યોગ્ય તે કાયદાકીય પગલાં ભરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૫મી ડીસેમ્બર-૧૯૯૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

એમ. એમ. કોટવાલ,
જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 215 REGISTERED No. G-BA-14-

(C)

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI ] WEDNESDAY, DECEMBER 27, 1995 / PAUSA 6, 1917

**Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation**

## PART-I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૩) મુજબ.

નંબર એમએજી/વશી/૩૭૮૨/૯૫.—આગામી નગરપાલિકાઓની ચૂંટણીઓ તેમજ હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ધ્યાને લેતાં મહેસાણાં જિલ્લાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં જાહેર સુલેહશાંતિનો ભંગ ન થાય તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે સારું કોઇપણ મંડળીની કે સરઘસોની મનાઇ કરવાનું યોગ્ય જણાય છે.

વાસ્તે હું જે. ડી. દેસાઇ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨મા )ની કલમ-૩૭(૩) મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે સમગ્ર મહેસાણા જિલ્લાના ગ્રામ્ય તથા શહેરી વિસ્તારોમાં તારીખ ૨૨મી ડીસેમ્બર ૧૯૯૫ ના શુન્ય કલાકથી તારીખ ૫મી જાન્યુઆરી ૧૯૯૬ના ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સુધ્ધાંત)ની મુદત માટે કોઇપણ સરઘસ કે ચાર કરતાં વધુ વ્યક્તિઓની મંડળી માટે મનાઇ ફરમાવું છું. વધુમાં હું આદેશ કરું છું કે, આ હુકમનો નીચેનાઓને લાગુ પડશે નહીં

(૧) સરકારી નોકરીમાં હોય તેવી વ્યક્તિઓને.
(૨) ફરજ ઉપર હોય તેવી વ્યક્તિઓને,
(૩) કોઇ લગ્નના વરઘોડાને.
(૪) કોઇ સ્મશાનયાત્રાને,
(૫) સક્ષમ અધિકારીશ્રીની મંજુરી મેળવેલ સમારંભ કે સરઘસને.
(૬) ચૂંટણીઓ કાયદેસરની પ્રક્રિયાને.

આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનારને મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૩) મુજબ તથા ભારતના ફોજદારી અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૧મી ડીસેમ્બર ૧૯૯૫ની રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

જે. ડી. દેસાઇ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.



Supple. C. G. I-Extra—215/1

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 216 REGISTERED No. G-BA-14-E

C

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

Vol XXXVI ] THURSDAY, DECEMBER 28, 1995 / PAUSA 7, 1917

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as separate compilation

## PART-I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયેનું.

નંબર પીઓએલ/જાહેરનામું-૩૭(૧)૯૫.—જિલ્લામાં અપુરતા વીજ-પુરવઠા સામે ભારતીય કિસાન સંઘ વિવિધ કાર્યક્રમો આપે છે. તથા ભવિષ્યમાં પણ વિવિધ કાર્યક્રમો આપે તેવી શકયતા છે. જેથી સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તકેદારીના પગલાં રૂપે નીચે મુજબનો હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે હું, પી. કે. શાહ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૧) થી મને મળેલ અધિકારની રૂએ તારીખ ૧૬મી ડીસેમ્બર ૧૯૯૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૧મી ડીસેમ્બર ૧૯૯૫ ના કલાક ૨૪-૦૦ સુધી સમગ્ર જિલ્લામાં નીચેના કૃત્યોની મનાઈ ફરમાવું છું.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, ટોટા, બંદુક, ચપ્પુ, લાઠી કે લાકડી કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે ફરવાનું.

(૨) પથ્થરો અથવા સ્ફોટક પદાર્થો સાથે ફરવાનું.

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે ફેંકવાના કે નાખ-વાના કે ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાનું, ફરવાનું કે એકઠા કરવાનું તથા તૈયાર કરવાનું.

(૪) કોઈ સરઘસમાં જલતી કે પેટાવેલી મશાલ લઈ જવાનું.

(૬) વ્યકિતઓ અથવા તેનું શબ, આકાર, અથવા પુતળા દેખા-ડવાનું, સુત્રો પોકારવાનું અથવા અસ્લીલ ગીતો ગાવાનું.

(૫) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું, જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનો તથા હાવભાવ તથા ચેષ્ટા કરવાનું તથા પત્રો, પત્રિકાઓ, પ્લેકાર્ડો અથવા તેનો ફેલાવો કરવાનું.

અપવાદ.—

આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિતઓ કે જેના ઉપરી અધિકારીએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવુ કોઈ હથિયાર સરકારી ફરજ બજાવવા સાથે રાખવાનું આવ-શ્યક હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી અથવા તેઓએ અધિકૃત કરેલા કોઈ પણ અધિકારીશ્રીએ જે શારીરિક અશકિતના કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

(૩) કોઈ ધાર્મિક તહેવારની ઉજવણી માટે આ જાહેરનામામાં ઉલ્લેખ કરેલ હથિયારો પૈકીના હથિયારો ધાર્મિક રીવાજોને અનુ-રૂપ ઉપયોગ કરવા માટે જિલ્લા પોલીસ અધિકારી અથવા તે





INDEX

વિસ્તારના સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી કે એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીએ અગાઉથી લેખિત મંજુરી આપી હોય તેવી સંસ્થા કે વ્યકિતઓ.

(૪) ખેતીના કામે ઓજારો વિગેરે લઈ જતા ખેડૂતોને.

(૬) આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સો સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) હેઠળ ઓછામાં ઓછી ચાર માસ કે વધુમાં વધુ એક વર્ષની કેદની સજા થઈ અને દંડને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૫મી ડીસેમ્બર ૧૯૯૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરીને આપ્યો.

પી. કે. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા.

---

## જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયેનું.

નંબર પીઓએલ/જાહેરનામું/૩૭(૩)૯૫.—જિલ્લામાં અપુરતા વીજ-પુરવઠા સામે ભારતીય કિસાન સંઘ વિવિધ કાર્યક્રમો આપે છે. તથા ભવિષ્યમાં પણ વિવિધ કાર્યક્રમો આપે તેવી શકયતા છે. જેથી સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તકેદારીના પગલાં રૂપે નીચે મુજબનો હુકમ કરવો જરુરી છે.

વાસ્તે હું પી. કે. શાહ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો હિંમતનગર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૩) થી મને મળેલ અધિકારની રુએ આથી સાબરકાંઠા જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં તારીખ ૧૬મી ડીસેમ્બર ૧૯૯૫ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૧મી ડીસેમ્બર ૧૯૯૫ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી. અથવા કોઈ સભા ભરવી કે બોલાવવી નહી. તેમજ સરઘસ કાઢવું નહી.

ખુલાસો.—

આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે જેઓ સરકારી ફરજ પર હોય તેઓને તથા ખેતીના ઓજારો વિગેરે લઈ જતા ખેડૂતોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અથવા ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ના ૪૫મા અધિનિયમ ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મે આજ તારીખ ૧૫મી ડીસેમ્બર ૧૯૯૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરીને આપ્યો.

પી. કે. શાહ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સાબરકાંઠા.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 217

REGISTERED No.G-BA-14-E

(C)

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

Vol. XXXVI ] THURSDAY, DECEMBER 28, 1995 / PAUSA 7, 1917

**Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation**

# PART I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મ્યુનિસિપલ / બરો/ મ્યુનિસિપલ ચૂંટણીનાં સંદર્ભે હથીયાર પરવાના ધરાવતા ઇસમોએ તેમના હથિયાર તથા દારુગોળો સંબંધિત પોલીસ સ્ટેશને ડીપોઝીટ કરાવવા માટેનો આદેશ.

પ્રસ્તાવના :

નંબર પીઓએલ/આર્મ્સ-૩૧૬૭.—ખેડા જિલ્લાની (૧) બાલાસિનોર (૨) મહેમદાવાદ (૩) ચકલાસી નગરપાલિકાઓ અને (૪) ખેડા (૬) આંકલાવ (૫) ડાકોર -(૭) મહુધા (૮) ઓડ (૯) બોરીઆવી (૧૦) કરમસદ (૧૧) વલ્લભવિદ્યાનગર બરો નગરપાલિકાની સામાન્ય ચૂંટણીઓ તથા નડીયાદ નગરપાલિકા વોર્ડ નં. ૧૩ની એક બેઠકની પેટા-ચૂંટણી તારીખ ૩૧મી ડીસેમ્બર ૧૯૯૫ના રોજ યોજનાર છે. તે ધ્યાને લેતાં સંબંધિત વિસ્તારનાં હથીયાર પરવાનેદારોના હથીયાર પોલીસ સ્ટેશને જમા લેવાના થાય છે. જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આગામી ડીસેમ્બર માસમાં યોજનાર નગરપાલિકા તેમજ બરો નગરપાલિકાઓની ચૂંટણી/પેટા-ચૂંટણી મુકત અને ન્યાયી રીતે યોજાય તેમજ જિલ્લામાં કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે હેતુથી જિલ્લાના ઉપરોકત વિસ્તારોમાંના હથીયાર પરવાનેદારોના હથિયાર અને દારુગોળો તારીખ ૨૧મી ડીસેમ્બર ૧૯૯૫ થી તારીખ ૧૫મી જાન્યુઆરી ૧૯૯૬ સુધી સંબંધિત પોલીસ સ્ટેશને ડીપોઝીટ કરવા હુકમ કરવામાં આવે છે.

આ આદેશમાંથી નીચેના હથિયાર ધારકોને મુકિત આપવામાં આવે છે.

૧. ખેડા જિલ્લામાં આવેલ રાષ્ટ્રીયકૃત તેમજ કો. ઓ. બેંકને થર્મલ પાવર સ્ટેશનો, વેલીડ પરવાનો રાખીને બેંક/પાવર સ્ટેશનની મિલ્કતના રક્ષણ સારું મુકિત રહે છે. આ મુકિત બેંક/પાવર સ્ટેશનના પ્રોજેકટ પુરતી મર્યાદિત રહેશે.

ઉપરોક્ત આદેશનું પાલન નહીં કરનાર સામે આર્મ્સ એકટ ૧૯૫૯ની કલમ-૨૫ની જોગવાઇઓ પ્રમાણે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જેની લાગતાવળગતા પરવાનેદારોએ નોંધ લેવી.

આજ તારીખ ૨૧મી ડીસેમ્બર ૧૯૯૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

પી. ડી. વાઘેલા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા.





PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 218

REGISTERED No. G-BA-14-E

(C)

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] THURSDAY, DECEMBER 28, 1995 / PAUSA 7, 1917

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માંની કલમ-૩૭(૪) મુજબ.

નંબર એમએજી/વશી/૩૪૯૩/૯૫.—ખેરાલુ તાલુકાના ધરોઇ ગામના ડેમ પાસે આવેલ સ. નં.૫૦માં મહેસાણા જિલ્લાના પાટણ વિભાગનાં જિલ્લા પોલીસ અધિકારીશ્રી પાટણના તાબા નીચેના પોલીસ કર્મચારીઓની વાર્ષિક ગોળીબાર પ્રેક્ટીસ તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૯૬ થી તારીખ ૩૧મી જાન્યુઆરી ૧૯૯૬ સુધી લેવાનાર હોઇ લોકોની તથા ઢોરઢાંખરની સલામતિ માટે સાવચેતીનાં પગલાં લેવાની આવશ્યકતા જણાય છે.

વાસ્તે હું જે. ડી. દેસાઇ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણા, મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ખેરાલુ તાલુકાના ધરોઇ ગામના ધરોઇ ડેમ વિસ્તાર તથા સ. નં. ૫૦ તથા તેની આજુબાજુના ૨ કિ. મી. વિસ્તારમાં તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૯૬ થી તારીખ ૩૧મી જાન્યુઆરી ૧૯૯૬ સુધી સવારના ૭-૦૦ કલાકથી સાંજના ૧૮-૦૦ સુધી સાવચેતીનાં પગલા રૂપે માણસો તથા ઢોરઢાંખરના અવરજવર કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમનો ભંગ કરનાર અગર ઉલ્લંઘન કરનાર અથવા તેનુ પાલન ન કરવામાં મદદગારી કરનાર શખ્સ મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૩મી ડીસેમ્બર ૧૯૯૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

જે. ડી. દેસાઇ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.



PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

INDEX

Extra No. 2 19

REGISTERED No. G-BA-14-E

(C)

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

Vol XXXVI]    FRIDAY, DECEMBER 29, 1995 / PAUSA 8, 1917

**Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation**

## PART I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

### અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧નાં ૨૨માંની કલમ-૩૭(૪) મુજબ.

નંબર એમએજી/વશી/૩૯૨૨/૯૫.—આ જિલ્લામાં પોલીસ હેડ-ક્વાટર્સ મહેસાણાં ખાતે ફાયરીંગ બટના નિયતસ્થળે જિલ્લાના પોલીસ ઓફિસરોની વાર્ષિક રીવોલ્વર પ્રેક્ટીસ તારીખ ૨૫મી ડીસેમ્બર ૧૯૯૫ થી તારીખ ૩૦મી ડીસેમ્બર ૧૯૯૫ સુધી યોજવાનું નક્કી કરવામાં આવેલ છે. લોકોની તથા ઢોરઢાંખરની સલામતિ માટે સાવચેતીના પગલાં લેવાની આવશ્યકતા જણાય છે.

વાસ્તે, હું જે. ડી. દેસાઇ, અધિક જિલ્લા મેજિસ્ટ્રટ મહેસાણા મુંબઇ પોલીસ અધિનિયમની કલમ ૩૭(૪) અન્વયે મને મળેલ સત્તાની રૂએ મહેસાણા ખાતે પોલીસ હેડક્વાટર્સના ફાયરીંગ બટના નિયત સ્થળ વિસ્તાર તથા તેની આજુબાંજુના ૨ કિ. મી. વિસ્તારમાં તારીખ ૨૫મી ડીસેમ્બર ૧૯૯૫ થી તારીખ ૩૦મી ડીસેમ્બર ૧૯૯૫ સુધી સવારના ૭-૦૦ કલાક થી સાંજનાં ૧૮-૦૦ કલાક સુધી સાવચેતીનાં પગલાં રૂપે માણસો તથા ઢોરઢાંખરની અવરજવર ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમનો ભંગ કરનાર અગર ઉલ્લંઘન કરનાર અથવા તેનુ પાલન કરવામાં મદદગીરી કરનાર શખ્સ મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૪ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૩મી માહે ડીસેમ્બર ૧૯૯૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

જે. ડી. દેસાઇ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

---



Supplc. C. G. I.—Extra—219/1

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX